અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
આદિત્ય સાથે બ્રેકઅપ બાદ અનન્યા ફરી પ્રેમમાં



પેજ-09
કેએલ રાહુલને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરાયો

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 26.00 |
| વડોદરા | 29.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |

પેજ 5



અદાણીની દિગ્ગજ કંપની 12 હજાર કરોડ કરશે ભેગા! બનાવ્યો ખાસ...

09 AUGUST-2024 FRIDAY

વિજેતા મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશની વચગાળાની સરકારનું નેતૃત્વ...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78886.22 | ▼ | 581.79 |
| નિફ્ટી | 24117.00 | ▼ | 180.50 |
| સોનું | 69,535.00 | ▲ | 570.00 |
| ચાંદી | 80,334.00 | ▲ | 1,434.00 |


વર્ષ-13 । અંક-266 । વિક્રમ સંવત-2079 । શ્રાવણ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## વકફ બિલ સંસદમાં અટક્યું, JPCને મોકલવાનો પ્રસ્તાવ, સ્પીકર બનાવશે કમિટી

# લોકસભામાં વક્ફ સંશોધન બિલ રજૂ કરાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ આજે લોકસભામાં વક્ફ સંશોધન બિલ રજૂ કર્યું હતું. તેમનું બિલ રજૂ થતાં જ સંસદમાં હોબાળો થયો હતો. આ બિલનો કોંગ્રેસ, SP, NCP (શરદ પવાર), AIMIM, TMC, CPI(M), IUML, DMK, RSP દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. “અમે ક્યાંય ભાગી રહ્યા નથી. તેથી, જો તેને સમિતિમાં મોકલવું હોય તો, હું મારી સરકાર વતી કહેવા માંગુ છું - એક સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) ની રચના કરવામાં આવે, આ બિલને ત્યાં મોકલવામાં આવે. અને તેની વિગતવાર ચર્ચા કરવામાં આવે.” રિજિજુએ વિરોધ પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો વિગતવાર જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર સત્તામાં હતી ત્યારે સરકાર રચાયેલી પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણો પર કામ કરી રહી હતી.



**રિજિજુએ જણાવ્યું કે વક્ફ બોર્ડમાં કેટલા કેસ પેન્ડિંગ છે :** કિરેન રિજિજુએ કહ્યું કે આજે વક્ફ બોર્ડ હેઠળ 12792 કેસ પેન્ડિંગ છે. ટ્રિબ્યુનલમાં કુલ 19207 કેસ પેન્ડિંગ છે. આપણે આનો અંત કેમ ન લાવી શકીએ? સમયરેખા ખૂબ મહત્ત્વની છે. ન્યાય મળવો જોઈએ પણ ન્યાય સમયસર મળવો જોઈએ. હવે અમે સમયરેખા સેટ કરી છે. અપીલનો નિકાલ 90 દિવસમાં અને વધુમાં 6 મહિનામાં થવો જોઈએ. જો તમારે સાંભળવું ન હોય તો તમે આટલા બધા પ્રશ્નો કેમ પૂછ્યા? તમે પ્રશ્નો પૂછીને ભાગી જવા માગો છો, હું એવું થવા નહીં દઉં.

### હજ કમિટીનું વકફ સુધારા બિલને સમર્થન

દિલ્હી સ્ટેટ હજ કમિટીના ચેરપર્સન કૌસર જહાંએ જણાવ્યું હતું કે, “આ સુધારો પારદર્શક, જવાબદાર અને સમાન પ્રતિનિધિત્વ તરફ અસરકારક કાયદો બનાવવાની દિશામાં એક મોટું અને મહત્વપૂર્ણ પગલું છે. આ સુધારા હેઠળ, મુસ્લિમ સમુદાયના તમામ વર્ગોની ભાગીદારીની જોગવાઈ છે.” 21મી સદીની સૌથી મહત્વની માંગ એ છે કે વકફ પ્રોપર્ટીનો દુરુપયોગ ન થવો જોઈએ તો મને લાગે છે કે આ બિલથી ભ્રષ્ટાચારની શક્યતા ઓછી થશે.



### દેશના ભાગલા પાડવાના પ્રયાસ, સરકાર મુસ્લિમોની દુશ્મન : ઔવેશી

અસદુદ્દીન ઓવૈસીએ નિયમ 72 (2) હેઠળ બિલની રજૂઆતનો વિરોધ કર્યો અને કહ્યું કે આ બંધારણની મૂળ ભાવના પર હુમલો છે. તમે હિન્દુઓ આખી મિલકત તમારા પુત્ર કે પુત્રીના નામે કરી શકો છો પરંતુ અમે ત્રીજો ભાગ જ આપી શકીએ છીએ. જો હિન્દુ સંગઠનો અને ગુરુદ્વારા પ્રબંધન સમિતિમાં અન્ય ધર્મના સભ્યોનો સમાવેશ થતો નથી તો વક્ફમાં શા માટે. આ બિલ હિન્દુ અને મુસ્લિમ વચ્ચે ભેદભાવ કરે છે. વક્ફ પ્રોપર્ટી જાહેર મિલકત નથી. આ સરકાર દરગાહ અને અન્ય મિલકતો લેવા માંગે છે. સરકાર કહી રહી છે કે અમે મહિલાઓને આપીએ છીએ. તમે દેશના ભાગલા પાડવાનું કામ કરી રહ્યા છો. તમે મુસ્લિમોના દુશ્મન છો.

### બિલએ મૂળભૂત અધિકારો પર હુમલો છે : વેણુગોપાલ

કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે વક્ફ બિલ સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તે બંધારણ દ્વારા આપવામાં આવેલી ધાર્મિક સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન છે. વેણુગોપાલે કહ્યું કે વક્ફ પણ એક ધાર્મિક સંસ્થા છે. આ બિલ મૂળભૂત અધિકારો પર હુમલો છે. આ સમાજમાં ભાગલા પાડવાના પ્રયાસ છે.

### બિલ પાછું ખેંચો, સ્ટેન્ડિંગ કમિટીને મોકલો : સુપ્રિયા

NCP (SP) સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું કે, કાં તો આ બિલ પાછું ખેંચો અથવા તેને સ્ટેન્ડિંગ કમિટીને મોકલો. કોઈની સલાહ લીધા વિના એજન્ડા સાથે આગળ વધશો નહીં. બિલનો ડ્રાફ્ટ સાંસદો સુધી પહોંચે તે પહેલાં મીડિયામાં પહોંચી ગયો. તેના પર સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે આ બિલ 6 ઓગસ્ટે સાંસદોને મોકલવામાં આવ્યું હતું.

### અખિલેશ પર બરાબરના વિફર્યા અમિત શાહ

બિલ પર વાત કરતી વખતે અખિલેશ યાદવ અને અમિત શાહ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી હતી. અખિલેશ યાદવે લોકસભા સ્પીકરને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે તમારા અધિકારો પણ છિનવાઈ રહ્યા છે. હવે અમે બધાએ મળીને તમારા માટે પણ લડવું પડશે. શાહ તેમને વચ્ચે જ અટકાવતાં પોતાની સીટ પરથી ઊભા થઈ ગયા હતા.

### વિપક્ષોએ અમારા વખાણ કરવા જોઈએ : રિજિજુ

કિરેન રિજિજુએ કહ્યું કે આ સંયુક્ત સંસદીય સમિતિની ભલામણ છે. આજે તમારે અમારા વખાણ કરવા જોઈએ. તેઓ રાજકીય દબાણ હેઠળ આ કરી રહ્યા છે અને આંતરિક રીતે દરેક સૂચનો આપી રહ્યા છે. છેલ્લા 10 વર્ષમાં આ બિલ પર ઘણી બધી પરામર્શ કરવામાં આવી છે.

## હોકીમાં 52 વર્ષ બાદ ઈતિહાસનું પુનરાવર્તન

# ભારતીય હોકી ટીમે બ્રોન્ઝ પર કર્યો કબજો

### ટીમ ઈન્ડિયાએ સ્પેનને 2-1થી હરાવ્યું : બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે કર્યા



પેરિસ ઓલિમ્પિકમાં ભારતને ચોથો મેડલ મળ્યો

(એજન્સી) પેરિસ । તા. 08

પેરિસ ઓલિમ્પિકની હોકી બ્રોન્ઝ મેડલ મેચ ભારત અને સ્પેન વચ્ચે રમાઈ હતી. ભારતે આ મેચ 2-1થી જીતીને બ્રોન્ઝ મેડલ પર કબજો કર્યો હતો. લાંબા સમય બાદ ભારતે સતત બીજી વખત ઓલિમ્પિક ગેમ્સમાં મેડલ જીત્યો છે. ટોક્યો ઓલિમ્પિક 2020માં પણ ભારતે હોકીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર દ્વારા બે ગોલ કર્યા હતા. કેપ્ટન હરમનપ્રીત સિંહની ટીમે સ્પેનને 2-1થી હરાવીને અજાયબી કરી બતાવ્યું. ટોક્યોમાં યોજાયેલી છેલ્લી ઓલિમ્પિક ગેમ્સમાં પણ ભારતે માત્ર બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારત માટે હરમનપ્રીતે 30મી અને 34મી મિનિટે ગોલ કર્યા હતા.

### PM મોદીએ અભિનંદન પાઠવ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય હોકી ટીમને અભિનંદન પાઠવ્યા છે. પીએમ મોદીએ લખ્યું, ’આ એક એવી ઉપલબ્ધિ છે જેને આવનારી પેઢીઓ યાદ રાખશે. ભારતીય હોકી ટીમે ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેમની સફળતા કૌશલ્ય, દ્રઢતા અને ટીમ ભાવનાની જીત છે. તેમણે ખૂબ જ હિંમત અને સ્થિતિસ્થાપકતા બતાવી. ખેલાડીઓને અભિનંદન.

### શ્રીજેશને સન્માન સાથે વિદાય

બ્રોન્ઝ મેડલ સાથે, હોકી ટીમે તેના વરિષ્ઠ ખેલાડી અને અનુભવી ગોલકીપર શ્રીજેશને મેડલ સાથે વિદાય આપી કારણ કે તેણે પહેલેથી જ નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો હતો. આવી સ્થિતિમાં શ્રીજેશની સન્માનજનક વિદાય પણ ભારતની આ શાનદાર રમતનું કારણ બની હતી. મેચ જીત્યા બાદ શ્રીજેશ પોતાની સામાન્ય શૈલીમાં ગોલ પોસ્ટ પર ચઢીને ઉજવણી કરી હતી.

## મથુરા કૃષ્ણ જન્મભૂમિ કેસની સુનાવણી કરશે સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

સુપ્રીમ કોર્ટ મથુરા કૃષ્ણ જન્મભૂમિ કેસની સુનાવણી માટે સંમત થઈ ગઈ છે. આ મામલે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય બાદ પહેલીવાર સુપ્રીમ કોર્ટ મથુરા કૃષ્ણ જન્મભૂમિ કેસની સુનાવણી કરશે ઉત્તર પ્રદેશ, 07 ઓગસ્ટ: ઉત્તર પ્રદેશના મથુરામાં કૃષ્ણ જન્મસ્થળને લઈને ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. હિન્દુ પક્ષનું કહેવું છે કે મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ કૃષ્ણના જન્મસ્થળ પર બનાવવામાં આવી છે. હવે સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણીની તારીખ નક્કી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ શુક્રવાર, 9 ઓગસ્ટે મથુરા કૃષ્ણ જન્મભૂમિ કેસની સુનાવણી કરશે.

# અંતિમ પંઘાલને પેરિસ છોડવાનો આદેશ

### રેસલરે પોતાના કાર્ડ ઉપર બહેનને ઓલિમ્પિક સ્પોટ્ર્સ વિલેજમાં ઘુસાડવા બદલ કાર્યવાહી થઈ, પકડાયા બાદ ખુલાસો થયો

(એજન્સી) પાણીપત । તા. 08

હરિયાણાની રેસલર અંતિમ પંઘાલ અને તેની બહેન પેરિસ ઓલિમ્પિકમાં વિવાદોમાં ફસાઈ ગયા છે. બંનેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી અને અહીં તેમના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આ પછી બંનેને તાત્કાલિક પેરિસ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હકીકતમાં મહિલાઓની 53 કિગ્રા વર્ગની ફાઈનલમાં પોતાની પ્રથમ મેચ હાર્યા બાદ તે પેરિસ ઓલિમ્પિકમાંથી બહાર થઈ ગઈ હતી અને હોટલ ગઈ હતી. જ્યાં તેના કોચ વિકાસ અને ભગત સિંહ પણ રોકાયા હતા. અંતિમે તેનું આઈડી કાર્ડ તેની બહેનને આપ્યું અને તેને સ્પોટ્ર્સ વિલેજમાં જઈને તેનો સામાન લાવવા કહ્યું. તેની બહેન સ્પોટ્ર્સ વિલેજમાં પ્રવેશવામાં સફળ રહી.



**વિવાદોમાં ફસાઈ અંતિમ પંઘાલ**

### પોલીસે અંતિમને પણ નિવેદન માટે બોલાવ્યા

તેમનું નિવેદન નોંધવા તેમને સ્થાનિક પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યાઅંતિમને પણ પોલીસ દ્વારા તેનું નિવેદન નોંધવા માટે બોલાવવામાં આવી હતી. અંતિમના પર્સનલ સ્પોર્ટ સ્ટાફ વિકાસ અને ભગત કથિત રીતે નશાની હાલતમાં કેબમાં મુસાફરી કરી રહ્યા હતા.

### IOA મામલો ઉકેલવામાં વ્યસ્ત

મીડિયા રિપોટ્ર્સ અનુસાર, IOAના એક અધિકારીએ કહ્યું કે, અમે હજુ પણ મામલાને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમારી સામે એક ખરાબ સ્થિતિ છે, અમારા સુરક્ષા અધિકારીઓ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. તેને દેશનિકાલ કરવામાં આવી શકે છે. જોકે IOAએ શિસ્તભંગ અંગે કંઈ કહ્યું નથી.

**સુનામીનું એલર્ટ**

## જાપાનમાં 7.1ની તીવ્રતાનો ભૂકંપ

(એજન્સી) ટોક્યો । તા. 08

જાપાનમાં ગુરુવારે 7.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. આ પછી સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જાપાનના ક્યુશુ આઈલેન્ડમાં ભૂકંપનું કેન્દ્ર જમીનથી લગભગ 8.8 કિમી નીચે હોવાનું કહેવાય છે. મિયાઝાકી, કોચી, ઓઈટા, કાગોશિમા અને ઈહિમે શહેરો માટે સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જાપાન ભૂકંપના સૌથી સંવેદનશીલ વિસ્તારમાં છે. અહીં ભૂકંપ આવતા રહે છે, કારણ કે એ બે ટેક્ટોનિક પ્લેટના જંકશનની નજીક આવેલું છે. ઈશિકાવા પ્રાંત, જ્યાં ભૂકંપ આવ્યો છે એ રિંગ ઓફ ફાયરની નજીક આવેલું છે - સમુદ્રની ચારેય કોર ભૂકંપ ફોલ્ટલાઈનની એક ઘોડાની નાળના આકારમાં- રિંગ ઓફ ફાયરની નજીક છે. રિંગ ઓફ ફાયર એ એક એવો વિસ્તાર છે, જ્યાં કોન્ટિનેટલ પ્લેટો સાથે ઓશિયનિક ટેક્ટોનિક પ્લેટો પણ આવેલી છે. જ્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે ત્યારે ભૂકંપ આવે છે.

### ક્યુશુ આઈલેન્ડ પર જમીનથી 8.8 કિમી નીચે કેન્દ્રબિંદુ

આ પહેલાં 1 જાન્યુઆરીએ જાપાનમાં 7.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં 318 લોકોનાં મોત થયાં હતાં અને 1300 લોકો ઘાયલ થયા હતા. ભૂકંપના કારણે ઈશિકાવામાં ઘણી જગ્યાએ આગ લાગી હતી, જેના કારણે 200 ઈમારત બળીને ખાખ થઈ ગઈ હતી.

# સમજૌતા એક્સપ્રેસના કોચ પાકિસ્તાનના કબજામાં

### પાક. રેલવે અધિકારીએ કહ્યું- ભારત તેનું એન્જિન મોકલીને લઈ જાય

(એજન્સી) । અમૃતસર । તા. 08

ભારત-પાકિસ્તાનના ભાગલાના દર્દને ઓછું કરવા માટે શરૂ કરાયેલી મોહબ્બતની ટ્રેન સમજૌતા એક્સપ્રેસ છેલ્લા 5 વર્ષથી બંધ છે. આ ભારતીય ટ્રેન છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાનના વાઘા રેલવે સ્ટેશન પર પરત ફરવાની રાહ જોઈ રહી છે. ટ્રેન કેન્સલ કરવાનું કારણ એ હતું કે ભારતે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ 370 રદ્દ કરી દીધી હતી, જે પાકિસ્તાનને ગમ્યું નહોતું. સમજૌતા એક્સપ્રેસ ટ્રેન દર ગુરુવાર અને સોમવારે અટારી (ભારત) અને લાહોર (પાકિસ્તાન) વચ્ચેની 29 કિલોમીટરની મુસાફરી કરતી હતી. અટારી અને વાઘા સ્ટેશન વચ્ચે માત્ર 3.25 કિલોમીટરનું સૌથી ટૂંકું આંતરરાષ્ટ્રીય અંતર કાપનારી આ વિશ્વની એકમાત્ર ટ્રેન છે.

**કલમ 370 હટાવ્યા બાદ છેલ્લા 5 વર્ષથી ટ્રેન બંધ હાલતમાં પડી છે**



### સમજૌતા એક્સપ્રેસના કોચ વાઘા રેલવે સ્ટેશન પર ઉભા છે

તણાવ વચ્ચે પાકિસ્તાન સરકાર તરફથી એક સંદેશ આવ્યો કે ટ્રેનને સ્થગિત કરવાનો નિર્ણય માત્ર એક દિવસ માટે છે. ત્યારબાદ, 8 ઓગસ્ટ 2019ના રોજ, પાકિસ્તાનના રેલવે અધિકારીઓએ અટારી સ્ટેશન માસ્ટરને તે ટ્રેન પરત લઈ જવા માટે ભારતીય રેલવે તંત્રને વાઘા મોકલવા કહ્યું. કારણ કે પાકિસ્તાન રેલવેના બે ડ્રાઈવર અને એક ગાર્ડે સુરક્ષાનું કારણ આપીને ભારતીય વિસ્તારમાં પ્રવેશવાનો ઈન્કાર કરી દીધો હતો.

**દિલ્હી હાઈકોર્ટમાં કેજરીવાલને ઝટકો**

## લિકર પોલિસી કેસમાં કેજરીવાલને રાહત નહીં, જ્યુડિશિયલ કસ્ટડી લંબાવાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08



દિલ્હીના લિકર પોલિસી કૌભાંડ દારૂ કૌભાંડ સંબંધિત CBIના કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટે ગુરુવારે (આઠમી ઓગસ્ટ) મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ 20મી ઓગસ્ટ સુધી લંબાવી છે. કેજરીવાલને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરાયા હતા. સોમવારે (પાંચમી ઓગસ્ટે) દિલ્હી હાઈકોર્ટે લિકર પોલિસી કૌભાંડમાં મુખ્યમંત્રી કેજરીવાલની જામીન અરજી ફગાવી દીધી છે. હવે કેજરીવાલ હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવશે. હાઈકોર્ટના આદેશ બાદ હવે તેઓ જેલમાંથી બહાર નહીં આવી શકે. સીબીઆઈ કેસમાં ધરપકડને ગેરકાયદે જાહેર કરતી અરજી પણ કોર્ટે ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી પણ ફગાવી દીધી છે. હાઈકોર્ટે જામીન માટે નીચલી કોર્ટમાં જવાનું કહ્યું છે.

## દેશનું આરોગ્ય મંત્રાલય આગામી વર્ષ સુધી ડેન્ગ્યુની રસી ભારતમાં લોન્ચ કરી શકે છે

# આગામી વર્ષ સુધી આવી જશે ડેન્ગ્યુની રસી, ત્રીજા તબક્કાના ટ્રાયલ પૂરા થવાની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

દેશનું આરોગ્ય મંત્રાલય આગામી વર્ષ સુધી ડેન્ગ્યુની રસી ભારતમાં લોન્ચ કરી શકે છે. હાલ ચાર કંપનીઓ રસી પર ટ્રાયલ કરી રહી છે. ત્રીજા તબક્કાનું ટ્રાયલ પૂર્ણ થવાની સાથે જ આ રસી બજારમાં મૂકવામાં આવશે. નોંધનીય છે કે, ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસો પીક પર રહેશે. ગતવર્ષની તુલનાએ આ વર્ષે ડેન્ગ્યુના સૌથી વધુ 32091 કેસો નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રે જણાવ્યું હતું કે, અમે ડેન્ગ્યુ સંદર્ભે રાજ્યો સાથે બેઠક કરી વધી રહેલા કેસોને નિયંત્રણમાં લેવા માર્ગદર્શિકા તૈયાર કરી છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બરમાં વરસાદની સિઝનમાં ડેન્ગ્યુના કેસો વધુ નોંધાય છે. ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસ પિક પર હોય છે અને બાદમાં ઘટવા લાગે છે.

### દેશના અનેક રાજ્યોમાં ડેન્ગ્યુનું જોખમ વધ્યું




આ અંગે વધુ માહિતી આપતા અપૂર્વ ચંદ્રાએ કહ્યું કે ચોમાસાની શરૂઆતથી, દેશના દક્ષિણ ભાગમાં ડેન્ગ્યુના વધુ કેસ જોવા મળી રહ્યા છે જેમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુ સમાવિષ્ટ છે. આ સાથે મહારાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસ પણ જોવા મળી રહ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે મહારાષ્ટ્રમાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ડેન્ગ્યુના કેસો 83 ટકા વધ્યા છે. જાન્યુઆરી અને જુલાઈ 2023 દરમિયાન મહારાષ્ટ્રમાં 3,164 કેસ નોંધાયા હતા, જ્યારે આ વર્ષના પ્રથમ સાત મહિનામાં 5,776 કેસ નોંધાયા છે.

### ડેન્ગ્યુથી બચવા માટે રાજ્યો સાથે બેઠક

2000 સુધી ડેન્ગ્યુથી થતા મૃત્યુનો આંક 3 ટકા હતો. જે ઘટી 1 ટકા થયો છે. ડેન્ગ્યુ મામલે તમામ રાજ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્યોને માર્ગદર્શિકા આપવામાં આવી હતી. તમામ રાજ્યોને તેનાથી બચવાના ઉપાયો જણાવવામાં આવ્યા હતા. ડેન્ગ્યુ એ મચ્છરજન્ય વાયરલ રોગ છે જે મોટે ભાગે પાણીમાં થાય છે. તેના લક્ષણોમાં વધુ પડતો તાવ, માથાનો દુખાવો, ઉલટી, સ્નાયુઓ અને સાંધાના દુખાવાની સાથે ત્વચામાં ખંજવાળ અને ફોલ્લીઓ થવી વગેરે સામેલ છે. નોંધનીય છે કે, ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસો પીક પર રહેશે. ગતવર્ષની તુલનાએ આ વર્ષે ડેન્ગ્યુના સૌથી વધુ 32091 કેસો નોંધાયા છે.

## ફુલવાડી ગ્રામજનોએ નેત્રંગ મામલતદારને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો

# ભરૂચના નેત્રંગના ફુલવાડી ગામે વીજ કંપનીનું સબસ્ટેશન બનાવવાનો વિવાદ ચરમસીમાએ

» ગ્રામ.પંચાયતમાં ખોટા ઠરાવો કરીને જમીનને ફાળવણી કરાઇ છે : ધારાસભ્ય ચૈતર વસાવા

» ચૈતર વસાવા ડેડીયાપાડાના મતદારોની ચિંતા કરે,ઝઘડીયાની ચિંતા કરવા માટે હું બેઠો છું : ધારાસભ્ય રિતેશભાઇ વસાવા

ભરત શાહ : રાજપીપળા

પ્રાપ્ત માહિતી મુજબ ભરૂચ જીલ્લાના નેત્રંગ તાલુકા મોવીથી લઈને બિલોઠી સુધીના ગામોમાં વીજપુરવઠો અનિયમિત રહેતા આદિવાસી રહીશોને બારે માસ ભારે હાડમારીનો સામનો કરવો પડે છે.વીજળીના અભાવના કારણે જનજીવન ઉપર માઠી અસર પડી રહી હતી.નેત્રંગ તાલુકાના ગામે-ગામ ઘરદીઠ વીજળી પહોંચે તેવા આશયથી રાજ્ય સરકાર ૬૬ કેવીનું સબસ્ટેશન બનાવવાની જાહેરાત કરી હતી. નેત્રંગ તાલુકાના થવા ગૃપ ગ્રા.પંચાયતના સત્તાધીશો ફુલવાડી ગામે દોઢ એકર જમીનમાં સબસ્ટેશન બનાવવામાં આવે તેવો ઠરાવ કરીને રાજ્ય સરકારમાં આપતા ફુલવાડી ગામે સબસ્ટેશન બનાવાની રાજ્ય સરકારે મંજુરી આપતા વિવાદનો મધપુડો છંછેડાયો હતો. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા અને કોંગ્રેસ અગ્રણી શેરખાન પઠાણની આગેવાનીમાં ફુલવાડી ગ્રામજનોએ નેત્રંગ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાએ જણાવ્યું હતું કે,થવા ગ્રા.પંચાયતના સરપંચે ગ્રામસભા બોલાવ્યા વગર બારોબાર ખોટી સહી કરીને ઠરાવ કર્યો છે,અને ફુલવાડી ગામે સબસ્ટેશન બનશે તો વિરોધ-પ્રદર્શન કરવામાં આવશે.તેવા સંજોગોનાં ઝઘડીયાના ભાજપના ધારાસભ્ય રિતેશભાઈ વસાવાએ જણાવ્યું હતું કે,ચૈતરભાઈ વસાવા ડેડીયાપાડાના મતદારોની ચિંતા કરે,ઝઘડીયાના મતદારોની ચિંતા કરવા માટે હું બેઠો છું. ઝઘડીયા વિધાનસભાના મતદારોને ગુમરાહ કરવાની કામગીરી બંધ કરો.



### ગ્રામજનોને ઉશ્કેરીને આવેદનપત્ર અપાયું છે: થવા ગ્રા.પંચાયત સરપંચ સુશિલાબેન વસાવા

થવા ગ્રા.પંચાયતના સરપંચની ચુંટણીમાં મારી સામે ઉભેલા અને હાસી ગયેલા ઉમેદવાર અશોકભાઈ રામાભાઈ વસાવાએ ગ્રામજનોને ઉશ્કેરી અને ગેરમાગઁ દોરીને આવેદનપત્ર અપાવ્યું છે તે તદ્દન ખોટું છે.થવા ગ્રા.પંચાયતની ગ્રામસભામાં ઠરાવ કરીને મંજુરી આપી છે.

### જે ગામમાં રેવેન્યુ-ખરાબાની જગ્યા વધારે હોય ત્યાં સબસ્ટેશન બનાવો : શેરખાન પઠાણ કોંગ્રેસ અગ્રણી

નેત્રંગ તાલુકાના ફુલવાડી ગામ કરતાં અન્ય જે ગામોમાં ખરાબા-રેવન્યુની ૫૦ એકરથી વધારે જગ્યા હોય તો ત્યાં સબસ્ટેશન બનાવવું જોઈએ.થવા ગ્રા.પંચાયતમાં ખોટો ઠરાવ કરાતાં ફુલવાડી ગ્રામજનોની વેદના વાચા આપવા માટ તેમના સહકારમાં અમે આવ્યા છે.

## પોલીસ દ્વારા કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી

# ફોરેસ્ટ ગાર્ડના વિદ્યાર્થીઓના સમર્થનમાં 'આપ' યુવા વિંગ દ્વારા રસ્તા રોકો આંદોલન




(એજન્સી) અમદાવાદ । તા. 08

ફોરેસ્ટ ગાર્ડના પેપર મુદ્દે ઘણા દિવસથી યુવાનો આંદોલન ચલાવી રહ્યા છે અને આ આંદોલનમાં સમગ્ર આમ આદમી પાર્ટી યુવાનોની સાથે છે. આજે આ આંદોલનના સમર્થનમાં અમદાવાદ ખાતે રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. આંદોલનની શરૂઆતમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકી મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ફોરેસ્ટના પેપરમાં વિદ્યાર્થીઓ સાથે ગેરરીતી થઈ છે અને છેલ્લા ચાર દિવસથી ગાંધીનગરમાં ફોરેસ્ટના વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓની માંગ છે કે સીબીઆરટી રદ કરો અને તમામ વિદ્યાર્થીઓના માર્કસ જાહેર કરો. આ માંગ સાથે જ અમે અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના યુથવિંગ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવા જઈ રહી છે. અને જ્યાં સુધી આ મુદ્દા પર વિદ્યાર્થીઓના પક્ષમાં યોગ્ય પરિણામ નહીં આવે અને સરકાર તેમની માંગો નહીં માને, ત્યાં સુધી સમગ્ર ગુજરાતમાં આ પ્રકારના આંદોલન થતા રહેશે. આજે યુવાનો એકઠા થયા છે અને યુવાનોના હક અને ન્યાય માટે લડત લડવા માટે રસ્તા પર ઉતર્યા છે. ત્યારબાદ આમ આદમી પાર્ટીના યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકીની અધ્યક્ષતામાં મોટી સંખ્યામાં યુવાનો અને કાર્યકર્તાઓએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલયથી નિકળીને રસ્તા રોકો આંદોલનની શરૂઆત કરી હતી અને પોલીસે બળજબરીપૂર્વક આ તમામ નેતાઓ અને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

# નશાની હાલતમાં કાર ચાલકે ફોરેસ્ટ નાકાને નુકશાન પહોંચાડતા પોલીસ ફરીયાદ નોંધાઈ

સુશીલ પવાર : ડાંગ

મહારાષ્ટ્ર રાજ્યના એક કાર ચાલકે પોતાના કબજાની કાર પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ભેંસકાતરી અને ઝાવડા ફોરેસ્ટ નાકાને નુકશાન પહોંચાડ્યુ હતુ.જે બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

મહારાષ્ટ્ર રાજ્યના જલગાંવ જિલ્લાના ચાલીસગાંવ ખાતે રહેતા ફિરોજ રઈસ મનસુરી પિંજારી પોતાના કબજાની હ્યુન્ડાઈ વરના કાર રજી. નં.MH -46-P-5157 લઈને વઘઈ તાલુકાના ઝાવડા - ભેંસકાતરી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે નશાની હાલતમાં પોતાના કબજાની હ્યુન્ડાઈ વરના કાર પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ઝાવડા ફોરેસ્ટ



નાકાને નુકસાન પહોંચાડ્યુ હતુ. તેમજ ત્યાંથી નાસી જઈ આગળ ભેંસકાતરી ફોરેસ્ટ નાકાને પણ ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતુ અને કાર ચાલક ટક્કર મારીને કાર લઈ વ્યારા તરફ નાસી છૂટયો હતો. જેથી ભેંસકાતરી ફોરેસ્ટ નાકા પર હાજર રોજમદાર એ પોતાના ઉપરી અધિકારીને પણ તાત્કાલિક જાણ કરી હતી.ત્યારે અધિકારી પણ સ્થળ પર દોડી આવ્યા હતા.જોકે થોડા સમય બાદ આ કાર ચાલક ફરી કારને વ્યારા તરફથી પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ભેંસકાતરી તરફ આવી રહ્યો હતો. જેની જાણ વન વિભાગની ટીમને થતા ભેંસકાતરી ફોરેસ્ટ નાકા પર નાકાબંધી કરી કાર ચાલકને ઝડપી પાડવામાં આવ્યા હતો.અને આ અંગેની વઘઈ પોલીસ મથકે ફરિયાદ નોંધી,નશાની હાલતમાં જણાઈ આવેલ કાર ચાલકને પોલીસ હવાલે કરવામાં આવ્યો હતો.હાલમાં વઘઈ પોલીસે આરોપીનો કબ્જો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જાફરાબાદનાં ટીંબી ખાતેથી મુન્નાભાઈ MBBS ઝડપાયો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

અમરેલી જાફરાબાદ તાલુકાનાટીંબી ગામે રહેતા અનિભાઈ મનુભાઈ બાંભણીયા નામનાં ૨૮ વર્ષિય આરોપી પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી ના હોય અને ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી

સારવાર આપી અને તે અંગેના પૈસા, વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવાછતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ-૨૦ કિંમત રૂા. ૧૦,૬૦૫.૪૮ ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરતા પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય. તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા તા. ૫ ના બપોરના ૩ વાગ્યે બાબરકોટ ગામેથી મેડીકલ ઓફીસર પીએચસી નાગેશ્રીના ડો. ભગીરથભાઈ સાવજભાઈ વાઘે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## જવાબદાર અધિકારીને ફોન કરવા છતાં પણ પાણી વિતરણ કરવામાં આવતું નથી

# જાફરાબાદના સામાકાંઠાના અમુક વિસ્તારોમાં પીવાના પાણીના ફાંફા : પાલિકાની બે જવાબદારીનું પરિણામ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા અમુક વિસ્તારોમાં નવ- દસ દિવસો સુધી જીવન જરૂરી પાણી મળતું નથી પાણી બાબતે ફોન કરો તો વિતરણ કરે નહીંતો એની મરજી નવ-દસ દિવસ થવા છતાં પણ બે જવાબદાર પાલિકા તંત્ર કરી રહીં છે. આંખ આડા કાન જાફરાબાદ ના સામાકાંઠે આવેલ સાંઈ બાબા મંદિર ના વિસ્તારોમાં ઘણા સમયથી પાણી વાપરવા માટે તથા પીવાના પાણી માટે લોકો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. નવ -દસ દિવસ સુધી પાણી વિતરણ કરવામાં આવતું નથી લોકો ના છુટકે ૨૦૦થી ૩૦૦ ખર્ચીને પાણીના ટાંકા મંગાવી રહ્યા છે. પાલિકાને પાણી વેરો આપવા છતાં પણ જીવન જરૂરિયાત પાણી મળતું નથી નળ ન આવતા અમુક લોકો વરસાદના પાણી વાપરી રહ્યા છે. આ પાણીના



ના તથા સામાકાંઠા વિસ્તારોના પ્રશ્નો રજુ કર્યા હતા તેમાં પાણી બાબતે ચિફ ઓફિસ મેડમ ને સાંઈ મંદિર વિસ્તાર તથા અન્ય વિસ્તારો માટે સમયસર પાણી વિતરણ કરવામાં આવે તેવું જણાવ્યું હતું પરંતુ ચિફ ઓફિસ ની મુલાકાત પછીના ચાર પાંચ દિવસ થતાં વાલ્મેન ને ફોન કરી તેઓને સાંઈ મંદિર વિસ્તાર ના પાણી આપવા માટે ફોન કરતાં વાલ્મેન દ્વારા જણાવાયુ કે આજે ત્રણ ચાર વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવશે પછી ચાર દિવ સુધી પાણી ઉપરથી નહીં આવે એટલે નહીં વિતરણ કરવામાં આવે પરંતુ જે વિસ્તારમાં નવ-દસ દિવસ હોવા છતાં જીવન જરૂરી પાણી વિતરણ કરવામાં નથી આવ્યું પરંતુ એકજ વિસ્તારમાં બે વખત પાણી વિતરણ કરવામાં આવ્યું આજે તા/૦૮/૦૮/૨૦૨૪ ના વાલ્મેન દ્વારા પાણી વિતરણ કરવામાં કર્યું હતું પરંતુ જે વિસ્તારો માટે પત્રકાર દ્વારા ફોન કરવા છતાં પાણી વિતરણ કરવામાં આવ્યું નહીં વાલ્મેન પોતાની રીતે તેની રીતે મનફાવે ત્યાં પાણી વિતરણ કરી દેવામાં આવે છે. નગરપાલિકા એ નાગરિક સેવા નહીં આપવામાં હદ વટાવી દીધી દરિયા કાંઠે જાફરાબાદ ની સ્થિતિ તરસ્યા નગર જેવી બની ગઈ છે.

## ICDSના સ્ટાફની હાજરીમાં ' એક પેડ માં કે નામ ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું



નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ખાતે હેલ્થ કચેરી ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વિષ્ણુભાઈ પટેલ, જિલ્લા કારોબારી અધ્યક્ષ દિપકભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ. કલ્પેશભાઈ પટેલ, સા.આ.કે. ચાણસ્મા અધિક્ષક ડૉ. જીજ્ઞેશભાઈ પટેલ, તાલુકા ડેલિકેટ ચિરાગભાઈ પટેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસ, સા.આ.કે. ચાણસ્મા અને ICDSના સ્ટાફની હાજરીમાં ' એક પેડ માં કે નામ ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું.જેમાં અલગ અલગ છોડવાઓ રોપવામાં આવ્યા હતા જયારે હોટેલ હાઈલેન્ડ ખાતે વૃક્ષારોપણ કરાયું હતું. એક બાજુ વૃક્ષારોપણના તાયફા બીજી બાજુ ચાણસ્મા પંથકમાં વૃક્ષ છેદન થી પર્યાવરણ પ્રેમીઓ નારાજ ચાણસ્મા પંથકમાં પાટણ જિલ્લામાં સૌથી વધારે વૃક્ષ છેદન થઈ રહ્યું છે બીજી બાજુ સાંજ પડે લાટીઓમાં લીલાછમ લાકડાના ટ્રેક્ટર ઓ ઠાલવાય છે ત્યારે પર્યાવરણ પ્રેમી ઓ એ ચિંતા વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

# પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, કલેકટર યોગેશ નિરગુડે તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

દિપક રાવલ : દાહોદ

દાહોદ જિલ્લામાં આવનાર ૧૫ મી ઓગસ્ટને ધ્યાને રાખીને જિલ્લા કલેકટરશ્રી યોગશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ તેમજ મઁત્રીશ્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ સેન્ટ્રલ બસ સ્ટેશનથી તિરંગા યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. સ્ટેજ પર ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. શરણાઈ, ઢોલ અને નગારાના તાલ સાથે આદિવાસી નૃત્ય તેમજ બેન્ડ વડે દેશ ભક્તિ ગીતના સૂરો રેલાવતા વિદ્યાર્થીઓએ રેલીની શરૂઆત કરી હતી. તિરંગા યાત્રા દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓએ ભારત માતાની જય બોલાવતા જઈને દેશ ભક્તિ ગીતો સાથે રેલીમાં કદમ સાથે કદમ મિલાવતા જઈને



રેલીમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તમામના હાથમા તિરંગો તેમજ હોઠે દેશ ભક્તિના નારા સાથે વાતાવરણ જાણે દેશભક્તિમય બની ગયું હતું. જેને કારણે જાણે રસ્તા પણ જીવંત થઈ ગયા હતા. જેમાં બુરહાની ગાર્ડ્સ દ્વારા દેશ ભક્તિના ગીતો સ્પેશ્યલ બેન્ડ ટીમ દ્વારા વગાડવામાં આવ્યા હતા. રેલીમાં એન.સી.સી. કેડેટ્સ તેમજ પોલીસ વિભાગે નોંધનીય હાજરી આપી હતી. રેલી દરમ્યાન રસ્તામાં પોલીસ વિભાગ દ્વારા રેલીમાં ભાગ લેનાર માટે પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. દાહોદના હાર્દ તેમજ ઓળખ સમા સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ ખાતે આવી રાષ્ટ્રગીત વડે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા દરમ્યાન ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ધારાસભ્યશ્રી મહેન્દ્ર ભાભોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટદારશ્રી સ્મિત લોઢા, , નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, નાયબ વન સંરક્ષકશ્રી અમિત નાયક, ડી. આર. ડી. એ. નિયામકશ્રી બી. એમ. પટેલ પ્રાંત અધિકારીશ્રી નિલાંજસા રાજપૂત, નાયબ પોલીસ અધિક્ષકશ્રી ભંડારી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાઠોડ, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી દામા, નગરપાલિકા ચીફ ઓફિસર યશપાલ વાઘેલા, પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી અશોક પટેલીયા, જિલ્લા પંચાયત સભ્ય સુધીરભાઈ લાલપુર વાલા, નગરપાલિકા પ્રમુખ નીરજ દેસાઈ તેમજ સંબંધિત અન્ય તમામ અધિકારીશ્રીઓ સહિત શાળાઓના વિદ્યાર્થીઓએ તેમજ નગરજનોએ ભાગ લીધો હતો.

## ICDSના સ્ટાફની હાજરીમાં ' એક પેડ માં કે નામ ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું



નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ખાતે હેલ્થ કચેરી ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વિષ્ણુભાઈ પટેલ, જિલ્લા કારોબારી અધ્યક્ષ દિપકભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ. કલ્પેશભાઈ પટેલ, સા.આ.કે. ચાણસ્મા અધિક્ષક ડૉ. જીજ્ઞેશભાઈ પટેલ, તાલુકા ડેલિકેટ ચિરાગભાઈ પટેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસ, સા.આ.કે. ચાણસ્મા અને ICDSના સ્ટાફની હાજરીમાં ' એક પેડ માં કે નામ ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું.જેમાં અલગ અલગ છોડવાઓ રોપવામાં આવ્યા હતા જયારે હોટેલ હાઈલેન્ડ ખાતે વૃક્ષારોપણ કરાયું હતું. એક બાજુ વૃક્ષારોપણના તાયફા બીજી બાજુ ચાણસ્મા પંથકમાં વૃક્ષ છેદન થી પર્યાવરણ પ્રેમીઓ નારાજ ચાણસ્મા પંથકમાં પાટણ જિલ્લામાં સૌથી વધારે વૃક્ષ છેદન થઈ રહ્યું છે બીજી બાજુ સાંજ પડે લાટીઓમાં લીલાછમ લાકડાના ટ્રેક્ટર ઓ ઠાલવાય છે ત્યારે પર્યાવરણ પ્રેમી ઓ એ ચિંતા વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

# ડાંગ ભાજપા સંગઠનનાં નેજા હેઠળ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઇ



સુશીલ પવાર : ડાંગ

આગામી 15મી ઓગસ્ટનાં રોજ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે ભાજપ દ્વારા હર ઘર તિરંગા અભિયાન શરૂ કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અપીલ કરી છે. જેના ભાગ રૂપે આજે ડાંગ જિલ્લા ભાજપ સંગઠનનાં પ્રભારી રાજેશભાઈ દેસાઈ અને જિલ્લા પ્રમુખ કિશોરભાઈ ગાવિત મહામંત્રી રાજેશ ગામિત, હરીરામ સાવંત તથા આદિજાતિ મોર્ચાનાં મંત્રી સુભાષભાઈ ગાઈનની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા અને હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત એક પત્રકાર પરિષદ યોજાઈ હતી.જેમાં જિલ્લા સંગઠન પ્રભારી રાજેશ દેસાઈ એ જણાવ્યુ હતુ કે આઝાદીના 75 વર્ષ પૂરા થયા છતા લોકો ઘરે ઘરે તિરંગો ધ્વજ લગાવવા અસંમજશ છે,આ કાર્યક્રમ જનજાગૃતિ લાવવા માટેનો છે.લોકો સ્વયં તિરંગો લગાવે તેવો આપણો પ્રયત્ન છે.જન માણસમાં આપણા પ્રત્યે માન વધે તેવા કામો આપણે કરીએ છીએ, આપણા જિલ્લામાં સરકારના તિરંગા યાત્રાનાં કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તેવા પ્રયત્નો કરવાના છે.જેમાં વૃધ્ધો યુવાનો, એનજીઓ, સખી મંડળો પણ જોડાય તેવી અપીલ કરી હતી. અને જ્યાં તિરંગા યાત્રા નથી યોજાતી ત્યાં પણ આપણા સ્થાનિક ધારાસભ્ય, સંગઠન સાથે રહી યાત્રાનું આયોજન કરવાનું છે. જેમાં પ્રતિમાઓની સફાઈ, શહીદ પરિવારોનું સન્માન, મૌન રેલી વગેરે કાર્યક્રમો કરવાના છે.14 મી ઓગસ્ટે ભાજપા પક્ષ દ્વારા સમગ્ર ડાંગ જિલ્લામાં વિભાજન વિભીષીકા દિનનો કાર્યક્રમ સાથે મૌન રેલી પણ યોજવાની છે.



ગાંધીધામ ખાતે રોજનું કમાઈ ખાનાર લારી ગલ્લા એસોસિયેશનના મિત્રોની રજૂઆતને ધ્યાને લઈ ગાંધીધામ મહાનગરપાલિકા બને એના થી પહેલા વેડિંગ ઝોન બનાવી કાયમી ઉકેલ માટે તેઓની સાથે મીટીંગ કરી ગાંધીધામ નગરપાલિકાના ચીફ ઓફિસર સાહેબને રજૂઆત કરવામાં આવી, આ તબ્બકે જિલ્લા લારી ગલ્લા એસોસિયેશનના મામદભાઈ લાખા, સામાજિક કાર્યકર પંકજ નોરીયા, રમેશ થારું સહિત સામાજિક મુદ્દે સતત લડત કરતા સામાજિક કાર્યકર નરેશ મહેશ્વરી જોડાયા હતા.



GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ રાજપીપળા ખાતે ગાયનેક વિભાગમાં માતાઓને પુરુષાર્થ ફાઉન્ડેશન રાજપીપળા દ્વારા ન્યુટ્રીશનલ કીટ (ખજૂર, ગોળ, સીંગદાણા અને ચણા) સીમા રોહિત, સ્મિતા પટેલ, નાયબ નર્સિંગ અધીક્ષક અને સ્ટાફ નર્સના હસ્તે વિતરણ કરવામાં આવ્યું.
(ભરત શાહ, રાજપીપળા)

## સાપુતારા : પિકઅપ ગાડી સંરક્ષણ દીવાલ પાસે ખીણમાં ખાબકતા બચી

સુશીલ પવાર : ડાંગ

મોડી સાંજે મહારાષ્ટ્રનાં નાસિક તરફથી શાકભાજીનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ પિકઅપ ગાડી જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા



ઘાટમાર્ગનાં ઉતરાણમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ પિકઅપ ગાડી માર્ગની સાઈડની સંરક્ષણ દીવાલ સાથે અથડાયા બાદ ઉછળીને દીવાલ પર ચડી જતા અકસ્માત સર્જાયો હતો. અહી પિકઅપ ગાડી દીવાલ પર ચડીને થંભી જતા ઊંડી ખીણમાં ખાબકતા બચી જવાનાં પગલે મોટી દુર્ઘટના ટળી હતી.

## દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ભગવામય શુભકામના પાઠવવામાં આવી

દિપક રાવલ : દાહોદ

દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર



પાલ્લી (લીમખેડા)ના આદરણીય,પૂજનીય મહંતશ્રી સુરેશદાસજી મહારાજ અને દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા સૌ આદિવાસી ભાઈઓ-બહેનો, વડીલો, યુવાનોને 9 મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસની ભગવામય અભિનંદન સાથે હાર્દિક શુભકામના પાઠવવામાં આવી.

## SGFI અંતર્ગત એથ્લેટિક્સ રમતમાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના બાળકોનું શ્રેષ્ઠ પ્રદર્શન

SGFI અંતર્ગત તારીખ 08/08/2024 ના રોજ લીમખેડા તાલુકા કક્ષાની યોજાયેલ એથ્લેટિક્સ રમતમાં પરમારના ખાખરીયા પ્રાથમિક શાળાના



બાળકોએ ભાગ લીધો હતો. જેમાં નીચે મુજબની યાદીના બાળકો વિજેતા બન્યા હતા. જે બાળકોને શાળા પરિવાર વતી ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તાલુકા કક્ષાએ વિજેતા બનેલ પ્રથમ નંબર અને બીજા નંબરના બાળકો જિલ્લા કક્ષાએ લીમખેડા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ‘આપણી વચ્ચે સંબંધ છે તેવી ખોટી વાત ફેલાવી’

## સુરતમાં ભાભી પર દુષ્કર્મ આચરી ફરાર કૌટુંબિક દિયર બે વર્ષે ઝડપાયો, અમદાવાદમાં સિલાઈ કામ કરતો હતો




(એજન્સી) સુરત | તા. 08

સુરતના પુણા વિસ્તારમાં રહેતી યુવાન પરિણીતાને આપણી વચ્ચે સંબંધ છે તેવી લોકોમાં ખોટી વાત ફેલાવી ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. સુરત ક્રાઈમ બ્રાન્ચે બે વર્ષ બાદ આરોપીને અમદાવાદથી ઝડપી લીધો છે. તે સમયે મુંબઈમાં રહેતો અને સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા મુંબઈથી કામ છોડીને ભાગી ગયેલો પ્રકાશસિંહ સિસોદિયા હાલ અમદાવાદમાં સિલાઈકામ કરતો હતો.

ક્રાઈમ બ્રાન્ચ પાસેથી મળતી વિગતો મુજબ સુરતના પુણા વિસ્તારમાં રહેતા અને ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરતા મૂળ રાજસ્થાનના યુવાનની 26 વર્ષીય પત્ની રીમા (નામ બદલ્યું છે) સાથે રહેતો હતો. 2022માં મુંબઈમા રહેતો કૌટુંબિક દિયર પ્રકાશસિંહ કનસિંહ સિસોદિયા હતો. જે મુંબઈથી સુરત શહેર ખાતે અવારનવાર ઘરે આવતા-જતો હતો. દરમિયાન 10 જુલાઈ 2022ના રોજ રીમા પોતાના ઘરમા એકલી હોય તે તકનો લાભ ઉઠાવી આરોપીએ મંજૂરી વિરૂદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સબંધ બાંધ્યો હતો.

કૌટુંબિક દિયરે તે સમયના અશ્લીલ ફોટાઓ પાડી કોઈને પણ જાણ કરશે તો ફોટાઓ વાઈરલ કરી દેવાની ધમકી આપી હતી. આપણી વચ્ચે સંબંધ છે તેવી લોકોમાં ખોટી વાત ફેલાવવાની ધમકી પણ આપી હતી. ત્યારબાદ ફરાર પ્રકાશસિંહ (રહે. મુંબઈ. મૂળ રહે. કેલવોકી ભાગળ, તા. ગોગુંદા, જી.ઉદયપુર, રાજસ્થાન) ફરાર થઈ જતા પુણા પોલીસે બે વર્ષ અગાઉ ગુનો નોંધ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચની નાસતા ફરતા સ્ક્વોડે મળેલી બાતમીના આધારે પ્રકાશસિંહને અમદાવાદના નારોલના શાહવાડી ગામથી ઝડપી લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચે પ્રકાશસિંહની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તે પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા મુંબઈથી કામ છોડીને ભાગી ગયો હતો.

પ્રકાશસિંહ અમદાવાદમાં સિલાઈકામ કરતો હતો. જે-તે સમયે પ્રકાશસિંહે પરિણીતાની નણંદ એવી પિતરાઈ બહેનને પણ ધમકી આપી શરીર સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આરોપીને પકડી પાડવા કોર્ટ દ્વારા સીઆરપીસી કલમ 70 મુજબનુ વોરંટ ઈશ્યુ થયું હતું. બે વર્ષે પોલીસ આરોપી સુધી પહોંચી હતી.

## ન્યૂઝ કોર્નર

### જમીન વિવાદમાં મામલો બિચક્યો: ભાભી અને દિયર વચ્ચે મારામારી

પાટણ | સિધ્ધપુરનાં અરવડેશ્વર મહાદેવની બાજુમાં મધુવન ફાર્મની આગળ આવેલા એક ખેતરમાં ભાભીએ પોતાનાં દિયર ઉપર હુમલો કર્યો હતો. તેમજ છાતી પર ચઢી બેસીને કચકચાવીને હાથના અંગુઠામાં બચકુ ભરી લેતાં અંગુઠાનો આગળનો ભાગ અંગુઠાથી જુદો પડી ગયો હતો. આ બનાવને પગલે દીયરે ભાભી સામે ફરિયાદ નોંધાવી હતી. મૂળ સિધ્ધપુરનાં સમોડા ગામનાં રહિશ અને હાલ સિધ્ધપુરનાં અરવડેશ્વર મહાદેવની બાજુમાં મધુવન ફાર્મની આગળ ખેતરમાં રહેતા દશરથજી ધનાજી ઠાકોર (ઉ.વ. 28) સવારે નવ વાગ્યે તેમનાં ખેતરમાં ગયા હતા. ત્યાં તેમના ભાભી વસંતબેન રામાજી ઠાકોર રે. સિધ્ધપુરવાળા હાજર હતા. દશરથજીએ તેમનાં ભાભી વસંતબેનને કહેલ કે, તમે જે મારા ભાગની જમીનમાં ઘાસ વાવેલ છે.

### ભાદરણ પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં નાસતો આરોપી ઝડપાયો

આણંદ | આણંદ પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે ભાદરણ પો. સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં નાસતાં-ફરતાં આરોપીને આંકલાવ મોટી ચોકડી ખાતેથી ઝડપી પાડી, આગળની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ વિભાગના પોલીસ મહાનિરીક્ષક જે.આર. મોથલીયા અને આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણીએ વિવિધ ગુનાઓમાં નાસતાં-ફરતાં આરોપીઓને પકડવા માટે જિલ્લાની પોલીસને સુચના આપી હતી. જે અન્વયે આણંદ પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે નાસતાં-ફરતાં આરોપીઓને પકડવા માટેની તજવીજ હાથ ધરી હતી. આ દરમિયાન ભાદરણ પોલીસમથકના પ્રોહિબિશનના ગુનાના કામે નાસતો ફરતો આરોપી મુકેશભાઈ મફતભાઇ પઢીયાર આજરોજ આંકલાવ મોટી ચોકડી આવનાર હોવાની બાતમી પેરોલ ફર્લો સ્ક્વોર્ડને મળી હતી. જેથી પોલીસની ટીમે આંકલાવ મોટી ચોકડી ખાતે વોચ ગોઠવી હતી.

# સુરતમાં રિક્ષાભાડામાં રૂપિયા 5નો વધારો થતાં બબાલ...

## પેસેન્જરોનો રોડ પર જમાવડો, લોકો સાથે રકઝક થતાં રિક્ષાચાલકો હડતાળ પર ઊતર્યા; પોલીસને સ્થળ પર દોડી જવુ પડ્યું

(એજન્સી) સુરત | તા. 08

સુરતના ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઓળખાતા પાંડેસરા વિસ્તારમાં આજે (8 ઓગસ્ટ) રિક્ષાચાલકો હડતાળ પર ઉતર્યા હતા. છેલ્લા ઘણા દિવસોમાં સીએનજીના ભાવમાં બે વખત વધારો થયો છે, જેના કારણે રિક્ષાચાલકોએ ભાડામાં 5 રૂપિયાનો વધારો કર્યો છે0. આ મુદ્દે મુસાફરો અને રિક્ષાચાલકો વચ્ચે થયેલી રકઝક બાદ રિક્ષાચાલકો હડતાળ પર ઉતરી ગયા હતા. આ વિસ્તારમાંથી સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં જતા વિદ્યાર્થીઓ અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મોટી સંખ્યામાં મુસાફરો રસ્તા પર જોવા મળ્યાં હતા. પેસેન્જર અને રિક્ષાચાલકો વચ્ચે વિવાદ સર્જાતા પોલીસ પીસીઆર વેન પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સુરત શહેરના પાંડેસરા વિસ્તાર ખાતે આજે રિક્ષાચાલકો દ્વારા રિક્ષાના ભાડામાં રૂપિયા પાંચનો વધારો કરાતા પેસેન્જર અને રિક્ષાચાલકો વચ્ચે વિવાદની સ્થિતિ સર્જાઈ હતી. મુસાફરોએ રિક્ષાચાલકોને કહ્યું કે, જો તમે ભાડામાં રૂ.5નો વધારો કરો છો તો રિક્ષામાં વધુ મુસાફરોને બેસાડશો નહીં. અગાઉના ભાડામાં 7 મુસાફરોને રિક્ષામાં બેસાડતા હતાં, જો પેસેન્જર દીઠ ભાડામાં રૂ. 5નો વધારો કરવામાં આવે તો રિક્ષામાં માત્ર ત્રણ મુસાફરો જ બેસાડવા માટે રોજિંદા પેસેન્જરોએ જણાવ્યું હતું.

જે બાદ બન્ને વચ્ચે રકઝક થતાં પાંડેસરા વિસ્તારમાં રિક્ષાચાલકો હડતાળ પર ઉતરી ગયા હતા. વિવાદને પગલે સ્કૂલ-કોલેજ સહિત નોકરીએ જતા લોકો અટવાયા હતાં. મોટી સંખ્યામાં પેસેન્જરનો રોડ પર જમાવડો જોવા મળ્યો હતો. રિક્ષાચાલકો હડતાળ પર ઉતરતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ વિવાદ વધતા પોલીસ પીસીઆર વાન પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આ વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ઘરકામ કરવા માટે મહિલાઓ અન્ય વિસ્તારમાં જતી હોય છે. એક રિક્ષામાં છથી સાત મહિલાઓ બેસીને ઘરકામ કરવા માટે વેસુ અલ્થાન, સિટી લાઈટ, ઘોડદોડ રોડ સહિતના વિસ્તારોમાં જાય છે. રોજે એક રિક્ષાથી આ મહિલાઓ જે તે વિસ્તારમાં જતી હોય છે, પરંતુ અચાનક જ રિક્ષાના ભાડામાં પ્રતિ પેસેન્જર પાંચ રૂપિયાનો વધારો થતા તેઓને હાલાકી થઈ રહી છે. રોજ એક મહિલાને રૂ.10થી વધુ ભાડું આપવું પડશે, જેથી મોટી સંખ્યામાં મહિલાઓ એકત્ર થઈ હતી અને વિરોધ નોંધાવ્યો હતો.

મામલે યાત્રી સુનિતાબેને જણાવ્યું હતું કે, અમારી માગ છે કે સિગ્નલ અને ભાડુ ઓછું કરવામાં આવે. નહિતર અમે જ્યાં કામ પર જઈએ છીએ તે લોકો પણ અમારા પગારમાં વધારો કરે, જેથી અમે રિક્ષા ભાડું પણ આપી શકીએ અને કોઈને હાલાકી ન થાય.

# મોતીપુરા ઓવરબ્રિજ પરથી SMCએ કારમાંથી 1.64 લાખનો દારૂ ઝડપ્યો

સાબરકાંઠા | હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સ્ટાર સીટી પાસેના ઓવરબ્રિજ પાસેથી ગત રાત્રીના સમયે SMC બાતમી આધારે કારમાંથી 1.64 લાખના વિદેશી દારુ સાથે ચાલકને ઝડપી લીધો હતો. તો 5.69 લાખનો મુદ્દામાલ કબજે લઈને એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ચાર સામે ગુનો નોંધાયો છે.

રાજસ્થાનથી વાઈટ કલરની વરના ગાડીમાં પાયલોટીંગ સાથે ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર થઈને અમદાવાદ તરફ જતા હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં સ્ટારસીટી સામેના નેશનલ હાઈવે પર આવેલ ઓવરબ્રિજ પરથી મહિન્દ્રા XUV 300 GJ-06-PB-2176 ને રોકી તેમાં તપાસ કરતા વિદેશી દારૂની અલગ અલગ કંપનીની 1140 બોટલ રૂ 1,64,560ની મળી આવી હતી. કાર રૂ 5 લાખ,મોબાઈલ એક 5 હજાર મળી કૂલ રૂ 6,69,560 નો મુદ્દામાલ સાથે ચાલક ઝડપાયો હતો. SMC એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલ કાર ચાલક રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના ચારવાડ તાલુકાના બલવાનીયા ગામ પોસ્ટે વોર્ડ નં 5 પાંછવાડ મહેશચંદ્ર ભેમાભાઈ આમલિયા અને ફરાર ત્રણ સહીત ચાર સામે ગુનો નોંધાવ્યો હતો.



# વિરપુરમાં પશુ દાણ ભરેલ ટ્રક પલટી...

## એક મજૂરનુ ઘટના સ્થળે મોત, અન્ય મજૂરને ઇજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયો



મહિસાગર (લુણાવાડા) | મહીસાગર જિલ્લામાં આજે ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. જિલ્લાના વિરપુર બાલાસિનોર રોડ પર પશુ દાણ ભરેલ ટ્રક પલટી ખાતા એક મજૂરનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે. જ્યારે ત્રણ મજૂરને ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા છે.

લુણાવાડા તાલુકાના લાલસર રોડ તરફથી વિરપુર બાજુ આવી રહેલ ટ્રક વિરપુરની અંબિકા સોસાયટી પાસે પલટી મારતા એક મજૂરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી અનુસાર ટ્રક ડેભારી તરફ જઈ રહ્યો હતો. જે દરમિયાન વિરપુર શહેરમાં એન્ટર થતા જ વળાંકમાં ટ્રક બેલેન્સ ગુમાવતા ટ્રકની પાછળની બોડી છૂટી પડી ગઈ હતી. અકસ્માતમાં ટ્રકના પાછળના ભાગે ચાર મજૂરો બેસેલા હતા, જે ફેંકાઈ ગયા હતા. જેમાં એક મજૂરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે ત્રણ મજૂરને ઈજાઓ પોહચતા લુણાવાડા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે. મૃતક મજૂર વિરપુર તાલુકાનો હોવાનું માલુમ પડ્યું છે. બનાવ અંગે પોલીસ ને જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પોહચી તાપસ હાથ ધરી છે.

# પાર્ક કરેલી કારને ખસેડવા કહેતા મહિલા પર હુમલો કર્યો

(એજન્સી) વલસાડ | તા. 08

વલસાડ જિલ્લામાં ટ્રાફિકનું સંચાલન કરવા GRD જવાનોને ફરજ સોંપવામાં આવી છે. ત્યારે જિલ્લાના વાપી શહેરના મચ્છી માર્કેટ પાસે એક કાર ચાલક ટ્રાફિકને નડતર રૂપ પોતાની કાર પાર્ક કરી હતી. જેથી નજીકમાં ટ્રાફિક પોઈન્ટ ઉપર ફરજ બજાવતી GRD મહિલા જવાને ટ્રાફિકને નડતર રૂપ પાર્ક કરેલી કારના ચાલકને કાર ખસેડવા સૂચના આપી હતી. જોકે, કારમાં સવાર એક મહિલાએ કાર ખસેડવા કેમ કહો છો, કહી મહિલાએ GRD જવાન સાથે ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલી મહિલાએ GRD મહિલા જવાનને બચકા ભરી હુમલો કર્યો હતો. સાથી GRD મહિલાઓ મદદે આવતા તેમને પણ ગાળો આપી તેમની સાથે પણ અભદ્ર વ્યવહાર કર્યો હતો. જેથી વાપી ટાઉન પોલીસ મથકે કારમાં સવાર 2 મહિલાઓ સામે ફરિયાદ નોંધાવી છે. જેને પગલે પોલીસે તપાસ હાથ ધરી છે. વલસાડ જિલ્લાના વાપી ટાઉન પોલીસ મથકે ટ્રાફિકનું સરળ સંચાલન માટે GRD મહિલા જવાનોની મદદ લેવામાં આવે છે. વાપી ટાઉન પોલીસ મથક વિસ્તારમાં અલગ અલગ ટ્રાફિક પોઈન્ટ ઉપર GRD મહિલા જવાનોને ટ્રાફિક સંચાલન માટે જવાબદારી સોંપવામાં આવી હતી.

# પાલ RTO પાસે ચાલતી કાર સળગી ઊઠતા લોકોમાં ભય ફેલાયો, બાજુમાં કંપનીનો સ્ટાફ ફાયરના સાધનો લઈ દોડ્યો

(એજન્સી) સુરત | તા. 08

સુરતમાં સમયાંતરે ચાલતી કારમાં આગ લાગવાની ઘટના બનતી હોય છે. ફરી એક વખત અડાજણ વિસ્તારની અંદર ચાલતી કારમાં આગ લાગવાની ઘટના સામે આવતા દોડધામ મચી ગઈ હતી. બોનેટમાંથી ધૂમાડો નીકળવાનું શરૂ થતાં જ ચાલકે કારને બાજુ પર ઉભી રાખીને સમયસૂચકતા દાખવી નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો.

અડાજણ વિસ્તારમાં પાલ આરટીઓ પાસે ચોકડી ઉપર જ કારમાં આગ લાગવાની ઘટના રાત્રિના સમયે બની હતી. રાજહંસ સિનેમાની સામે જ કારમાં આગ લાગવાની ઘટના બનતા આસપાસના વાહનચાલકોમાં પણ ડરનો માહોલ જોવા મળ્યો હતો. આગ ખૂબ જ વિકરાળ સ્વરૂપે પ્રસરી ગઈ હતી. આગને જોતા જ તાત્કાલિક રાજહંસ ગ્રુપના કર્મચારીઓ તેના ફાયરના સાધનો લઈ આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે, આગ વધુ પ્રમાણમાં હોવાને કારણે તેઓ સંપૂર્ણપણે ઓલવી શક્યા ન હતા. પરંતુ મોટાભાગની આગ ઓલવવામાં સફળ રહ્યા હતા.

ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ, કોલ મળતાની સાથે જ અમારી ટીમ ઘટનાસ્થળ ઉપર પહોંચી ગઈ હતી. કારમાં બે લોકો સવાર હતા. આ દરમિયાન આગ લાગી હતી. બોનેટના ભાગે આગ શરૂ થતા બંને કારમાં બેઠેલા વ્યક્તિ ઉતરી ગયા હતા. આસપાસના લોકો દ્વારા પોતાના કોમર્શિયલ બિલ્ડિંગમાં લાગેલા ફાયર સાધનોની મદદથી આગ ઉપર કાબૂ મેળવવાની ખૂબ સારી કામગીરી કરી હતી. જેના કારણે આગ ઉપર થોડો કાબૂ મેળવી લેવાયો હતો. ત્યારબાદ અમારી ટીમ દ્વારા સંપૂર્ણ રીતે આગ ઓલવી દેવાઈ હતી. બોનેટના ભાગે શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ જણાય આવ્યું હતું.



બ્રેકિંગ ન્યૂઝ

## સુરત પોલીસે વ્યાજખોરો સામે સકંજો કસ્યો

સુરત | શહેર પોલીસ દ્વારા ગરજાઉ લોકોને ઊંચા વ્યાજથી રૂપિયા આપીને તેમનું આર્થિક શોષણ કરનારા વ્યાજખોરોની સામે સુરત પોલીસે સકંજો કસ્યો છે. જેમાં એક સાથે પાંચ વ્યાજખોરને પી.સી.બી. દ્વારા પાસા હેઠળ ધરપકડ કરીને રાજ્યની અલગ-અલગ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. સુરત સિટી પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી વ્યાજખોરોની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વ્યાજની ચુંગાલમાંથી લોકોને છોડાવવા માટે પોલીસે બેંકોની સાથે વાટાઘાટ કરીને લોકોને ઓછા વ્યાજદરે લોન મળે તે માટેની વ્યવસ્થા પણ ગોઠવી હતી.

## તપાસ શરૂ:છુટાછેડા થઈ જતા બાંટવાની ત્યક્તા મહિલાએ ગળાફાંસો ખાધો

જૂનાગઢ | છુટાછેડા થઈ જવાનાં કારણે બાંટવાની ત્યક્તા મહિલાએ ગળાફાંસો ખાઈ લેતાં ગમગીની પ્રસરી ગઈ હતી. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર માણાવદર નજીકનાં બાંટવામાં લીલાશા આશ્રમ પાસે રહેતા 33 વર્ષીય સ્વાતિબેન જયંતીલાલ મેવાડા નામની મહિલાના 1 વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. જેથી ઉદાસ રહેતા હતા અને વાત વાતમાં ગુસ્સે થઈ ડિપ્રેશનમાં રહેતા હતા. જેનું લાગી આવતા સ્વાતિબેને 5 ઓગસ્ટના રોજ રાત્રે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને મોતને મીઠું કરી લીધું હતું.

# સરકારી ઇજનેરને મારવા મામલે કોન્ટ્રાક્ટર સહિત 6થી વધુ શખ્સો સામે ગુનો નોંધાયો

(એજન્સી) જામનગર | તા. 08

જામનગરના ધ્રોલ તાલુકના ઈટાળા ગામમાં ચાલી રહેલા પુલના કામનું નિરીક્ષણ કરવા ગયેલા જિલ્લા પંચાયતના આર એન્ડ બી વિભાગના આસિસ્ટન્ટ એન્જિનિયર પર કોન્ટ્રાક્ટર દ્વારા બુધવારે હુમલો કરાયો હતો. જેમાં ઘાયલ થયેલા અધિકારીને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા એ મામલે કોન્ટ્રાક્ટર સહિત 6થી વધુ શખ્સો સામે ગુનો નોંધાયો છે.

જામનગર જિલ્લા પંચાયતના આર એન્ડ બી વિભાગમાં આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા નીલરાજસિંહ બારડ બુધવારે ધ્રોલના ઈટાળા ગામમાં ચાલી રહેલા પુલના કામનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા. આ સમયે અહીં કામમાં સિમેન્ટનો ઓછો ઉપયોગ થતો હોય અધિકારીએ વાંધો ઉઠાવ્યો હતો અને કોન્ટ્રાક્ટરને જાણ કરી હતી. જેથી કોન્ટ્રાક્ટર દ્વારા તેમના પર હુમલો કરાતા અધિકારી ત્યાંથી જીવ બચાવી ભાગ્યા હતા. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. હુમલામાં ઘાયલ થયેલા નીલરાજસિંહ બારડને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ઈજનેરે કોન્ટ્રાક્ટર સહિત 6 થી 7 અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, ધાક ધમકી અને મારામારી સબબ કલમ 115 (2),109 352, 353, 351(1), 221,189(2),191 (2), 190 તથા 135 (1) મુજબ ફરિયાદ નોંધાવી છે

સમગ્ર મામલે બુધવારે જિલ્લા પંચાયતના કાર્યપાલક એન્જિનિયર કૌશલ છૈયા સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, ઈટાળા ગામે કામની ક્વોલિટી બાબતે ઈસ્યુ હતો. તેમાં એજન્સીના કોન્ટ્રાક્ટરે આસિસ્ટન્ટ એન્જિનિયરને માર માર્યો હતો. આસિસ્ટન્ટ એન્જિનિયર નિલરાજસિંહ બારડને કોન્ટ્રાક્ટર દ્વારા માર મારવામાં આવ્યો હતો, જેનો આસિસ્ટન્ટ એન્જિનિયરે વીડિયો પણ બનાવ્યો હતો.

# દ. ગુજરાતમાં વરસાદની શક્યતા:વલસાડ, નવસારી, સુરત સહિતમાં આજે મેઘમહેરના એંધાણ, છેલ્લા 24 કલાકમાં 64 તાલુકામાં વરસાદ

(એજન્સી) નવસારી | તા. 08

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. સુરત, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી સહિતમાં આજે વરસાદની શક્યતાં છે. આગામી બે દિવસ દરિયાકાંઠા વિસ્તારોમાં 35થી 45 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 64 તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં ખેડાના માતરમાં સૌથી વધુ અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યનો સિઝનનો એવરેજ 68.52 ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો 82.67 ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં મોસમનો કુલ 86.70 ટકા, દક્ષિણ ગુજરાતમાં 82.67 ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં 51.32 ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં 49.40 ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 64 તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં માતર, ચિખલી, ધરમપુર, ફતેપુરા, આહવામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત અન્ય તાલુકામાં વરસાદી ઝાપટાં વરસ્યા હતા. છોટાઉદેપુર ખાતે ગત મોડી સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેથી રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. લગભગ 20 મિનિટ સુધી વરસાદ વરસ્યો હતો. જેથી કામ ધંધા પરથી ઘરે જતા લોકો અટવાયા હતા.



# નડિયાદના અંધેજથી નવી મુવાડીના નર્કાગાર રસ્તાથી વિદ્યાર્થીઓ પરેશાન

નડિયાદ | તા.08

નડિયાદ તાલુકાના અંધેજથી નવી મુવાડીનો રસ્તો નર્કાગાર હાલતમાં હોવાથી લોકોને અવરજવર કરવામાં ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. આ રસ્તા પર કીચડ સર્જાતા બાળકોને શાળામાં જવામાં ઘણી હાલાકી વેઠવી પડે છે. ત્યારે મુખ્યમંત્રી સડક યોજના હેઠળ નવી મુવાડીનો ડામર રોડ બનાવવા સ્થાનિક લોકોમાં માંગણી ઉઠી છે. નડિયાદ તાલુકામાં અંધેજ ગામની નવી મુવાડીમાં ૬૦૦ જેટલા ખેડૂત પરિવારો વસવાટ કરે છે. અંધેજ ગામમાંથી નવી મુવાડીનો પાકો રસ્તો બનાવવામાં આવ્યો હતો. તાજેતરમાં ગટર લાઈન નાખવા માટે ખોદકામ કરતા પાકા રોડનું ઠેકાણું રહ્યુ નથી. હલકી ગુણવત્તાના કામના કારણે પરા વિસ્તારનો રસ્તો વર્ષો જૂનો ધૂળિયો રસ્તો હોય તેમ જણાઈ રહ્યું છે. હાલમાં ચોમાસાનો વરસાદ થતાં વર્ષો જૂનો કાચો રસ્તો હોય તેમ કાદવ કિચડ સર્જાયા છે. જેના કારણે શાળામાં આવતા બાળકો તેમજ દૂધ તેમજ રોજબરોજના કામ માટે આવતા લોકોને કાદવ કિચડ ખૂંદીને ગામમાં આવવું પડે છે. આ રસ્તામાં કિચડના કારણે બીમારી કે પ્રસૂતિ જેવા પ્રસંગે કોઈ વાહન પણ આવી શકતું નથી. જેથી લોકો કફોડી હાલતમાં મુકાય છે.





### વધુ 27 દર્દીને દાખલ કરાયા, 43 દર્દીઓને સ્થળ પર સારવાર અપાઈ

# ઉમરેઠમાં એક જ દિવસમાં ઝાડાના વધુ 70 કેસ નોંધાયા : રોગચાળો બેકાબૂ બન્યો

(એજન્સી) આણંદ | તા.08

ઉમરેઠ શહેરના કાજીવાડ અને ખાટકીવાડ વિસ્તારમાં મંગળવારે કોલેરાના બે કેસો પોઝિટિવ આવતા આણંદ જિલ્લા કલેક્ટરે બંને વિસ્તાર તથા તેની આજુબાજુના પાંચ કિલોમીટરના વિસ્તારને મહિના સુધી કોલેરાગ્રસ્ત જાહેર કર્યો હતો. બાદમાં બુધવારે ઉપરોક્ત સહિત વડા બજાર, જાગનાથ ભાગોળ મળીને ચાર વિસ્તારોમાં એક જ દિવસમાં ઝાડાના ૭૦ કેસ નોંધાયા છે. જે પૈકી ૨૭ દર્દીઓને સાવરા માટે આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરાયા છે. ઉમરેઠ શહેરમાં ૪ દિવસમાં ઝાડા- ઉલટીના રોગચાળાના કેસનો આંક ૨૯૨એ પહોંચ્યો છે. ત્યારે આરોગ્ય તંત્ર પીવાના પાણીની લાઈનમાં લિકેજના કારણે રોગચાળો ફેલાયો હોવાનો અને હાલ ઉમરેઠ શહેરમાં રોગચાળો નિયંત્રણમાં હોવાનો દાવો કરી રહ્યું છે. ઉમરેઠમાં સોમવારે પાણીજન્ય રોગચાળો બેકાબૂ બન્યો હતો. એક જ દિવસમાં ઝાડા-ઉલટીના ૮૩ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. તેવામાં મંગળવારે ઉમરેઠ શહેરના કાજીવાડ અને ખાટકીવાડ વિસ્તારમાં કોલેરાના કુલ બે કેસો પોઝિટિવ આવતા આણંદ જિલ્લા કલેક્ટરે બંને વિસ્તાર તથા તેની આજુબાજુના પાંચ કિલોમીટરના વિસ્તારને તા.૬ સપ્ટેમ્બર સુધી કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. તેમજ ઉમરેઠના મામલતદારની કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણૂંક કરી દીધી હતી. બીજી તરફ



ઉમરેઠમાં છેલ્લા ૪ દિવસમાં ઝાડા-ઉલટીના કુલ ૨૯૨ કેસો નોંધાયા છે. જેમાં કાજીવાડ અને ખાટકીવાડમાં કોલેરાના બે કેસોનો સમાવેશ થાય છે. જેને લઈ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૦૨ આરસી ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૪૦ પોઝીટીવ અને ૧૬૨ ટેસ્ટ નેગેટીવ આવ્યા છે. બુધવારે ઉમરેઠ શહેરમાં આરોગ્ય વિભાગની ૨૦ ટીમોએ સર્વે હાથ ધર્યો હતો. જેમાં ક્લૉરિનની ૧,૪૦૧ ગોળીઓ તથા ઓઆરએસના ૧૬૧ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે શહેરમાંથી વધુ પાંચ સ્થળોએ પાણીના લીકેજ મળી આવ્યા છે. ઉમરેઠ શહેરના કોલેરાગ્રસ્ત ખાટકીવાડ અને કાજીવાડ સહિત વડા બજાર, જાગનાથ ભાગોળ વિસ્તારોમાં આરોગ્ય ટીમોના સર્વે દરમિયાન ઝાડાના ૭૦ કેસો મળી આવ્યા હતા. જે પૈકી ૪૩ દર્દીઓને સ્થળ પર સારવાર અપાઈ હતી જ્યારે વધુ ૨૭ દર્દીઓને સારવાર માટે આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરાયા હતા. ત્યારે પીવાના પાણીની પાઈપ લાઈનો લીકેજ હોવાથી રોગચાળો ફેલાયો હોવાનું આરોગ્ય તંત્ર કહી રહ્યું છે ત્યારે પાલિકા તંત્રની બેદરકારી સ્પષ્ટ જોવા મળી રહી છે. તો બીજી તરફ ઉમરેઠ શહેરમાં રોગચાળો નિયંત્રણમાં હોવાનો આરોગ્ય તંત્ર દાવો કરી રહ્યું છે.

## બોટાદમાં વ્યાજખોરના ત્રાસથી કંટાળી કારખાનેદારે દવા પીધી

(એજન્સી) ભાવનગર | તા. 08

બોટાદ શહેરમાં વ્યાજખોર શખ્સની પઠાણી ઉઘરાણીથી ત્રાસી જઈ કારખાનેદારે ઝેરી દવા પી લેતા તેણે સારવાર માટે બોટાદ બાદ ભાવનગર ખસેડવામાં આવ્યા છે. ઘટના અંગે મળતી વિગત અનુસાર બોટાદ શહેરના ગાયત્રીનગર, બાપા સીતારામની મઢુલી પાછળ, અળવ રોડ પર રહેતા અને કાદરશેઠની વાડીમાં મમરી પાડવાનું કારખાનું ચલાવતા વિપુલભાઈ રામજીભાઈ પરમાર (ઉ.વ.૨૬)એ દોઢેક વર્ષ પહેલા ધંધાર્થે પૈસાની જરૂરિયાત ઉભી થતાં પ્રતાપ ઓમકુભાઈ ધાધલ (રહે, ગાયત્રીનગર, બોટાદ) નામના શખ્સ પાસેથી અર્ધો લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જે વ્યાજની રકમ સામે તેમણે ૧૫ માસમાં વ્યાજખોર શખ્સને દોઢ લાખ રૂપિયા આપી દીધા બાદ પાંચેક મહિનાથી વ્યાજની રકમ આપવાનું બંધ કરી દીધું હતું.

### ઘરફોડિયા શાળા, આંગણવાડીઓને જ ટાર્ગેટ બનાવતા હતા

# નેસ ગામ પાસે ક્રેનની અડફેટે મોગરીના આધેડનું મોત થયુ

(એજન્સી) આણંદ| તા.08

નેસ ગામ નજીક ટુવ્હીલર પર પ્રોવિઝન સ્ટોરનો સામાન લઈને જઈ રહેલા મોગરી ગામના આધેડને હાઈડ્રાક્રેનના ચાલકે અડફેટે લેતા મોત નિપજ્યું હતું. આ અંગે ડાકોર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ વિસ્તારમાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદે ખનન અને વહન માટે ઉપયોગમાં લેવાતા વાહનો અવારનવાર અકસ્માત નોતરતા હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે આવા વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આણંદના મોગરી ગામે રહેતા અને ઠાસરા તાલુકાના નેસ ગામે પ્રોવિઝન સ્ટોર ચલાવતા કનુભાઈ પરમાર (ઉં.વ. ૫૦) બુધવારે બપોરે ડાકોરથી નેસ ગામે પોતાની દુકાનનો સામાન લઈને ટુવ્હીલર પર જઈ રહ્યા હતા. દરમિયાન તેઓ નેસ નજીક રસ્તાની સાઈડમાં ઉભા હતા. ત્યારે હાઈડ્રા ક્રેનના ચાલકે કનુભાઈને અડફેટે લીધા



હતા. આસપાસમાં લોકો એકઠા થઈ જતાં ચાલક હાઈડ્રાક્રેન સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો. જેથી સ્થાનિકોએ ઈજાગ્રસ્તને ખાનગી વાહનમાં ડાકોરની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં ડાકોર પોલીસ દોડી આવી હતી અને ફરિયાદની તજવીજ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે હાઈડ્રાક્રેનનો ચાલક પુરઝડપે અને ગફલતભરી રીતે આવીને ટુવ્હીલર ચાલકને અડફેટે લઈ રોડ પર ઘસેડયા હોવાનું પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. રાણીયા રોડ પર દસ દસ દિવસે એક અકસ્માત થાય છે, ડાકોર પોલીસ અને ખાણ ખનીજ વિભાગની રહેમ નજર હેઠળ ખનન માફિયાઓ અને કોરીઓવાળાના વાહનો પુરઝડપે દોડાવતા હોવાના આક્ષેપો સ્થાનિકોએ લગાવ્યા છે. ત્યારે આવા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## નડિયાદમાં અકસ્માતમાં ઈજાગ્રસ્ત વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત

(એજન્સી) નડિયાદ | તા. 08

નડિયાદ પારસ સર્કલ રોડ ઉપર અઠવાડિયા પહેલા અકસ્માતમાં ઈજા પામેલી મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ દેસાઈ વગાના ઢાળથી પારસ સર્કલ તરફ જતા રોડ ઉપરથી તા.૨૯મીએ એક વૃદ્ધા ચાલતા જઈ રહ્યા હતા, ત્યારે પુર ઝડપે આવેલો અજાણ્યો રીક્ષા ચાલક વૃદ્ધાને ટક્કર મારી નાસી ગયો હતો. આ બનાવની જાણ થતા સ્થાનિક લોકોએ ૧૦૮ મારફત ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે આ વૃદ્ધાને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. આ મહિલા સવિતાબેન (ઉં.વ. ૬૫)હોવાની ઓળખ થઈ હતી. જેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ મહિલાના કોઈ વાલીવારસ મળી આવેલા નથી. આ બનાવ અંગે નિલેશભાઈ જગદીશભાઈ દેસાઈ (રહે. કૈલાશ પાર્ક સોસાયટી,નડિયાદ)એ નડિયાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### રાષ્ટ્રીય સફાઇ કામદાર આયોગના ઉપાધ્યક્ષે આણંદની મુલાકાત લીધી

# મહિનામાં એકવાર સફાઇ કામદારોની સમસ્યા સાંભળવા તંત્રને અનુરોધ

(એજન્સી) આણંદ | તા. 08

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ અંજના પવારે આણંદ જિલ્લા વહીવટી તંત્ર સાથે સકટ હાઉસ ખાતે બેઠક યોજી હતી. મહિનામાં એકવાર સફાઈ કામદારોની સમસ્યા સાંભળવા અનુરોધ કર્યો હતો.ઉપાધ્યક્ષ અંજના પવારે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આવેલી કોરોના જેવી મહામારીમાં પણ સફાઈ કર્મચારીઓએ કોરોના વોરિયર્સ તરીકેની સુંદર કામગીરી બજાવી હતી. ઉપાધ્યક્ષે જિલ્લા તંત્રના અધિકારીઓને મહિનામાં કોઈ એક દિવસ સફાઈ કર્મચારીઓની સમસ્યા સાંભળીને તેને દૂર કરવા પણ જણાવવા આવ્યું હતું. તેમણે જિલ્લામાં સફાઈ કાર્ય સાથે સંકળાયેલા કર્મીઓને સીઝન અનુસારનો પહેરવેશ તથા યુનિફોર્મ માટેની રકમમાં વધારા સહિતની બાબતોને ધ્યાનમાં લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ઉપાધ્યક્ષે નગરપાલિકાઓ, પંચાયતોમાં કામ કરતાં સફાઈ કર્મચારીઓની સમસ્યાઓનો



સંવેદનશીલ અભિગામ સાથે સમયમર્યાદામાં નિરાકરણ લાવવા અધિકારીઓને જણાવ્યું હતુ. આ બેઠકમાં જિલ્લા કલેકટર પ્રવીણ ચૌધરીએ સફાઈ કર્મચારીઓ માટેની તંત્ર દ્વારા અપાયેલી રોજગાર તથા અન્ય સુવિધાઓથી ઉપાધ્યક્ષને અવગત કર્યા હતા. આ વેળાએ ઉપાધ્યક્ષના હસ્તે ગુજરાત સફાઈ કામદાર નિગમ હસ્તકની ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ કુલ ૮ સફાઈ કામદારોને પાકા આવાસ બનાવવા સંદર્ભ મંજુરીના પત્રો આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

### 3 શખ્સોએ ઘરમાં એકલી રહેતી મહિલાને નિશાન બનાવી, ગામમાં ફફડાટ

# મોડી રાત્રે મહિલાને બંધક બનાવી દાગીના, મોબાઇલની લૂંટ ચલાવી

(એજન્સી) આણંદ | તા. 08

પેટલાદ તાલુકાના વડદલા ગામે તોરણીયા માતા સીમ વિસ્તારમાં ત્રણ તસ્કરોએ રાત્રિના સુમારે એકલી રહેતી વૃધ્ધાના ઘરમાં પ્રવેશ કરી માર મારવાની ધમકી આપી વૃધ્ધાના સોના-ચાંદીના દાગીના તેમજ મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા.૩૧ હજારની મત્તાની લૂંટ કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે વૃધ્ધાએ પેટલાદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ અજાણ્યા શખ્શો વિરૂધ્ધ લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તોરણીયા માતા સીમ વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય શાંતાબેન રમણભાઈ ઠાકોર પતિના અવસાન બાદ બંને પુત્રોના લગ્ન થઈ ગયેલા હાવોથી સાસરીમાં રહેતા હોવાથી તેણી ઘરે એકલા રહે છે. ગત તા.૨૮મી જુલાઈના રોજ રાત્રિના સુમારે શાંતાબેન જમી-પરવારી ઓસરીમાં ખાટલો નાખી સુઈ ગયા હતા. રાત્રિના એકાદ વાગ્યાની આસપાસ તેણીએ ઉઠીને ભેંસોને ઘાસ નાખ્યા બાદ પુનઃ ખાટલામાં આડા પડયા હતા ત્યારે ત્રણેક જેટલા અજાણ્યા શખ્સો ઘરની આગળનો ઝાંપો કુદીને તેમની પાસે આવ્યા હતા. જ્યાં એક શખ્સ ખાટલા પાસે બેસી ગયો હતો અને તેણીને માર મારવાની ધમકી આપી ઘરની ચાવી આપવા જણાવતા શાંતાબેને ચાવી ઓટલી ઉપર મુકી હોવાનું જણાવ્યું હતું. જેથી અન્ય બે શખ્સો ચાવી લઈ ઘર ખોલી અંદર ગયા હતા. જ્યારે ખાટલા પાસે બેઠેલ શખ્શે શાંતાબેનના કાનમાં પહેરેલ બે સોનાના કાપ , પગમાં પહેરેલ ચાંદીના બે છડા તેમજ મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા.૩૧ હજારની લૂંટ ચલાવી હતી.

### ડીઝલની ચોરી કરીને સસ્તા ભાવે વેચાણ કરતા હતા

# બોરીયાવી ગામે બે ઢાબા પરથી ગેરકાયદે ડીઝલના વેચાણનું કૌભાંડ ઝડપાયું

(એજન્સી) આણંદ | તા. 08

અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે ઉપર આવેલ બોરીયાવી ગામ નજીકના રાજસ્થાની ઢાબાઓમાંથી આણંદ એસઓજી પોલીસે ગેરકાયદેસર ડિઝલના જથ્થા સાથે બે સંચાલકોને ઝડપી પાડયા હતા. પોલીસે સ્થળ પરથી અલગ-અલગ પીપ તથા કારબાઓ તેમજ જમીનમાં સંતાડેલ ૨૦૦૦ લીટરની કેપેસીટીવાળી ટાંકીમાંથી કુલ ૬૫૦ લીટર ડિઝલના જથ્થા સાથે કુલ્લે રૂા.૫૭,૮૫૦નો મુદ્દામાલ કબ્જે લઈ બંને શખ્શો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આણંદ એસઓજી પોલીસની ટીમ ગતરોજ પેટ્રોલીંગમાં હતી ત્યારે અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે નં.૪૮ ઉપર આવેલ બોરીયાવી ગામ પાસે અમુક રાજસ્થાની ઢાબાવાળા ઈસમો ગેરકાયદેસરનો ડિઝલનો જથ્થો રાખતા હોવાનું તેમજ હાલમાં પણ રામદેવ રાજપુરોહિત ઢાબા અને તેની સામે પણ આવેલ રામદેવ રાજપુરોહિત ઢાબામાં ગેરકાયદેસર રીતે ડિઝલનો જથ્થો રાખ્યો હોવાની ગુપ્ત બાતમી



પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે નાયબ મામલતદાર પુરવઠા આણંદ ગ્રામ્યને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા અલગ-અલગ પીપ તથા કારબાઓમાં તેમજ ઢાબાના રસોડાના બાજુમાં આવેલ લાકડા નીચે જમીનમાં સંતાડેલી ૨૦૦૦ લીટરની કેપેસીટીની ટાંકી મળી આવી હતી. જે તમામમાંથી કુલ ૬૫૦ લીટર જેટલો ડિઝલનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે બંને ઢાબાવાળા પાસેથી ડિઝલ અંગેના આધાર પુરાવા તેમજ બીલની માંગણી કરતા ન હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ડિઝલનો જથ્થો તપાસ અર્થે કબ્જે લઈ નરપતસિંહ પરાગસિંહ રાજપુરોહિત (મૂળ રહે.ચાંદેસરા, તા.પસપદરા, જી.બોલોતરા, રાજસ્થાન, હાલ રહે.સરદાર ચોક, તળપદ, બોરીયાવી) અને ગોવિંદસિંહ જુવતારવસિંહ રાજપુરોહિત (મૂળ રહે.સરાણા, બદાવડીયા વેરા, તા.પસપદરા, જી.બાલોતરા, રાજસ્થાન, હાલ રહે. ગાંધીચોક, બોરીયાવી)ને અટકમાં લઈ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રોની પ્રાથમિક તપાસમાં ઢાબા ખાતેથી પકડાયેલ ડિઝલ ચોરીનું હોવાનું જાણવા મળ્યું છે. ઢાબાની આડમાં માલિકો દ્વારા ચોરેલા ડિઝલને સસ્તા ભાવે લઈ બજાર કરતા ઓછી કિંમતે વેચતા હોવાની શક્યતા છે.

## લાકડીયા નજીક હાઇવે પર ચોરી કરેલી બોરેલો સાથે બે શખ્સો ઝડપાયા


ગાંધીધામ| લાકડીયા સહીત અન્ય ૩ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીનાં ગુનામાં પોલીસે બે શખ્સોને ચોરી કરેલી બોલેરો સાથે ઝડપી લીધો હતો. જેમાં બે આરોપીનાં રિમાન્ડ મેળવી તેમના પાસે વધુ ચોરી કરેલી ત્રણ બાઈક પોલીસે કબ્જે કરી ચોરીનાં ગુનાનો ભેદ ઉકેલી લીધું હતું. આ અંગે મળતી માહિતી અનુસાર લાકડીયા પોલીસ સ્ટેશન સહીત કુલ ૩ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અલગ અલગ ચોરીનાં ગુનાનો ભેદ લાકડીયા પોલીસે ઉકેલી લીધું હતું. જેમાં પોલીસે ચોરી કરેલી બોલેરો નં જીજે ૦૧ એચએસ ૯૪૩૨ લઈ રાજસ્થાન જવા નીકળેલા મૂળ રાજસ્થાનનાં આરોપી ૧૮ વર્ષીય પરમોદ ઉર્ફે ભૂંડીયો પ્રેમકુમાર ચૌહાણ (રહે. ખોડિયારનગર ગાંધીધામ) અને શોકત ઇભ્રાહીમ ઉર્ફે અભરામ ઉર્ફે અબ્રાહમ રાઉમા (રહે. જુના કટારીયા ભચાઉ) ને પોલીસે ઝડપી લીધા હતા. જેમાં લાકડીયા પોલીસે બે આરોપીનાં રિમાન્ડ મેળવી તેમની પૂછપરછ કરતા બે આરોપીઓ એ ગાંધીધામ, સામખિયાળી અને અમદાવાદમાં ૩ બાઈક નં જીજે ૩૮ એબી ૪૩૭૬, જીજે ૧૨ ઈજી ૧૮૬૧ અને જીજે ૧૧ સીબી ૪૬૬૯ ની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. જેથી પોલીસે બે આરોપી પાસેથી એક બોલેરો અને ત્રણ બાઈક સહીત કુલ રૂ. ૨,૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ભીમાસર, નવાગામ અને રાપરમાં જુગાર રમતા કુલ 14 શખ્સો ઝડપાયા

ગાંધીધામ | પૂર્વ કચ્છમાં અલગ અલગ ત્રણ જગ્યા પર રમાતી જુગાર પર પોલીસે દરોડા પાડયા હતા. જે દરોડામાં પોલીસે અંજારનાં ભીમાસર, નવાગામ અને રાપરમાં જુગાર રમતા ૧૪ શખ્સોને રોકડા રૂ. ૫૬,૨૨૦ અને ૭ મોબાઈલ ફોન સહીત કુલ રૂ. ૮૩,૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગે મળતી માહિતી અનુસાર અંજારના ભીમાસર ગામે તળાવ પાસે હુસેનશાપીરની દરગાહની બાજુમાં રમાતી જુગાર પર અંજાર પોલીસે દરોડો પાડયો હતો. જે દરોડામાં પોલીસે જુગાર રમતા ૬ શખ્સોને રોકડા રૂ. ૩૧,૧૨૦નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.તો બીજી બાજુ અંજાર અંજારનાં નવાનગર રેલવે પાટા પાસે જુગાર રમતા ૪ શખ્સોને રોકડા રૂ.૧૩,૪૦૦ સાથે અંજાર પોલીસે ઝડપી પાડયા હતા. જેમાં પોલીસે ચાર મોબાઈલ ફોન સહીત કુલ રૂ. ૨૫,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.તેમજ રાપરમાં દુધ ડેરી વિસ્તારમાં રમાતી જુગાર પર રાપર પોલીસે દરોડો પાડયો હતો. જે દરોડામાં પોલીસે જાહેરમાં જુગાર રમતા ૪ શખ્સોમાંથી ત્રણને રોકડા રૂ. ૧૧,૭૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં પોલીસે ત્રણ મોબાઈલ ફોન સહીત કુલ ૨૬,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.




## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.




**વૃષભ (બ,વ,ઉ)**

આજે તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.




**મિથુન (ક,છ,ઘ)**

આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.




**કર્ક (ડ,હ)**

સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમુક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.




**સિંહ (મ,ટ)**

આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે.




**કન્યા (પ,ઠ,ણ)**

તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે. નવો વ્યવસાય શરૂ કરવા જઈ રહ્યા છો તો નિષ્ણાતનો અભિપ્રાય લો.




**તુલા (ર,ત)**

કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.




**વૃશ્ચિક (ન,ય)**

તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો.




**ધન (ભ,ધ,ફ)**

આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર લોકોનો અભિપ્રાય લો.




**મકર (ખ,જ)**

તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં.



**કુંભ (ગ,શ,સ)**

આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.



**મીન (દ,ચ,ઝ,થ)**

ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે. કારણ કે જો માનસિક સ્વાસ્થ્ય સારું નહીં હોય તો સખત મહેનત કરવી મુશ્કેલ બનશે.

# અદાણીની દિગ્ગજ કંપની 12 હજાર કરોડ કરશે ભેગા! બનાવ્યો ખાસ પ્લાન

(એજન્સી) મુંબઇ । તા. 08

અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ બાદ ગૌતમ અદાણીની આ દિગ્ગજ કંપનીમાં 12 હજાર કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના બનાવી રહી છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની QIP દ્વારા ફંડ એકત્ર કરશે. તેની પ્રક્રિયા સપ્ટેમ્બર મહિનાથી શરૂ થઈ શકે છે. આ ફંડ રેઈઝ પ્રોગ્રામ માટે બેંકોએ કંપની વતી કામ કરવાનું શરૂ કરી દીધું છે. નિષ્ણાતોના મતે અદાણી ગ્રુપની વિશ્વસનીયતામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે જૂથ માટે ફંડ એકત્ર કરવાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. તાજેતરમાં, અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડે QIP દ્વારા 8,373 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. ચાલો તમને એ પણ જણાવીએ કે અદાણી ગ્રુપ દ્વારા શું આયોજન કરવામાં આવી રહ્યું છે?



સમગ્ર મામલાથી વાકેફ લોકોના જણાવ્યા અનુસાર, ગૌતમ અદાણીની ફ્લેગશિપ કંપની શેર વેચાણ દ્વારા આશરે 10,000 કરોડથી 12,000 કરોડ રૂપિયા એકત્ર કરવાનું વિચારી રહી છે. આ પગલું એવા સમયે વિચારવામાં આવી રહ્યું છે જ્યારે જૂથના પાવર ટ્રાન્સમિશન યુનિટે તાજેતરમાં QIP દ્વારા ભંડોળ એકત્ર કર્યું છે. બ્લૂમબર્ગના અહેવાલમાં, લોકોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ કહેવાતા ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ અથવા QIP દ્વારા નાણાં એકત્ર કરવાનો પ્રયાસ કરી શકે છે. લોકોએ જણાવ્યું હતું કે પોર્ટ-ટુ-પાવર ગ્રૂપ બેન્કો સાથે શેર વેચાણ પર કામ કરી રહ્યું છે જે સપ્ટેમ્બરની શરૂઆતમાં થઈ શકે છે, એક જાણકાર વ્યક્તિએ જણાવ્યું હતું કે અદાણી ગ્રુપ તેના શેરહોલ્ડર બેઝને વિસ્તારવા અને પેઢીને આવરી લેવા માટે વધુ સંશોધન વિશ્લેષકોને આકર્ષિત કરવાના પ્રયાસોના ભાગરૂપે યુએસ સહિતના સંસ્થાકીય રોકાણકારોની શોધમાં છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ચર્ચા ચાલી રહી છે અને કદ અને સમય સહિત ભંડોળ એકત્ર કરવાની વિગતોમાં ફેરફારો જોવા મળી શકે છે. આ મામલે અદાણી ગ્રુપ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. મે મહિનામાં, અદાણી એન્ટરપ્રાઈઝે સંસ્થાઓને એક અથવા વધુ હપ્તામાં શેર વેચાણ સહિત અન્ય માધ્યમો દ્વારા 16,600 રૂપિયા એકત્ર કરવાની મંજૂરી આપી હતી. બુધવારે અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. ડેટા અનુસાર, બુધવારે કંપનીના શેર 3.59 ટકા એટલે કે 110.35 રૂપિયાના વધારા સાથે 3,185.25 રૂપિયા પર બંધ થયા હતા. જો કે, કંપનીના શેર 3,091.40 રૂપિયા પર ખૂલ્યા હતા અને ટ્રેડિંગ સેશન દરમિયાન 3,189.95 રૂપિયાની દિવસની ટોચે પણ પહોંચ્યા હતા. ચાલુ વર્ષમાં અદાણીની ફ્લેગશિપ કંપનીના શેરમાં 9 ટકાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે છેલ્લા એક વર્ષમાં કંપનીના શેરે લગભગ 25 ટકા વળતર આપ્યું છે.

## સરસ્વતી સારી ડેપો લિમિટેડનો આઈપીઓ 12 ઓગસ્ટ, 2024ના રોજ ખૂલશે

(એજન્સી) અમદાવાદ । તા. 08

સરસ્વતી સાડી ડેપો લિમિટેડ ("કંપની") તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર 12 ઓગસ્ટ, 2024ના રોજ ખોલશે. ઈક્વિટી શેર્સની કુલ ઓફર સાઈઝ (પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના)માં 64,99,800 ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને 35,01,000 ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 152થી રૂ. 160 નક્કી કરવામાં આવી છે (પ્રાઈઝ બેન્ડ). દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 10 છે. બિડ્સ લઘુતમ 90 શેર્સ અને ત્યારબાદ 90 શેર્સના ગુણાંકમાં કરી શકાશે. કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી કુલ આવક પૈકી રૂ. 810 મિલિયન (રૂ. 81 કરોડ)નો




નાણાંકીય વર્ષ 2025માં કંપનીની કાર્યશીલ મૂડીની જરૂરિયાતોને ફંડ પૂરું પાડવા તથા બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ પાછળ વાપરવામાં ઉપયોગ કરવામાં આવશે. વેચાણ માટેની ઓફરમાં પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 35,01,000 સુધીના ઈક્વિટી શેર ("ઓફર કરેલા શેર્સ") માં તેજસ દુલ્હાની દ્વારા 7,00,200 ઈક્વિટી શેર્સ, અમર દુલ્હાની દ્વારા 7,00,200 ઈક્વિટી શેર્સ, શેવકરામ દુલ્હાની દ્વારા 7,00,200 ઈક્વિટી શેર્સ, સુજાનદાસ દુલ્હાની દ્વારા 7,00,200 ઈક્વિટી શેર્સ, તુષારર દુલ્હાની દ્વારા 3,50,100 ઈક્વિટી શેર્સ અને નિખિલ દુલ્હાની દ્વારા 3,50,100 ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

## NEWS BRIEF

### ચોલા MS અને મહિન્દ્રા ફાઇનાન્સે મોટર અને બીજા નોન-લાઇફ ઇન્સ્યોરન્સ સોલ્યુશન્સ ઓફર કરવા જોડાણ કર્યું

મુંબઈ | મુરુગપ્પા ગ્રૂપ અને જાપાનના મિત્સુઈ સુમિટોમો ઈન્સ્યોરન્સ ગ્રૂપ લિમિટેડ વચ્ચેના સંયુક્ત સાહસ ચોલા એમએસ જનરલ ઈન્સ્યોરન્સે ભારતની અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ પૈકીની એક મહિન્દ્રા ફાઈનાન્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ સહયોગ મહિન્દ્રા ફાઈનાન્સના 10 મિલિયનથી વધુ ગ્રાહકોને મોટર અને બીજા નોન-લાઈફ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સ પ્રદાન કરશે. સમગ્ર ભારતમાં મહિન્દ્રા ફાઈનાન્સના વિશાળ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કનો લાભ લેતાં ચોલા એમએસ કસ્ટમાઈઝ્ડ ડિજિટલ સોલ્યુશન્સ સાથે તેની જનરલ ઈન્સ્યોરન્સ ઓફરિંગ્સને વિસ્તૃત બનાવવાની યોજના ધરાવે છે. બંન્ને સંસ્થાઓ ગ્રાહકોની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ઈનોવેશન અને સાતત્યતા દ્વારા ઉત્કૃષ્ટતા પ્રદાન કરવા કટીબદ્ધ છે. ચોલા એમએસના એમડી વી. સુર્યનારાયણને કહ્યું હતું કે, "એમએમએફએસએલ સાથેની આ ભાગીદારી અમારા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને મજબૂત કરશે તથા વ્યાપક પહોંચ સાથે વૃદ્ધિની તકોને અનલોક કરશે. 26 રાજ્યોમાં અમારી વ્યાપક ઉપસ્થિતિ, 600થી વધુ ટચપોઈન્ટ્સ તેમજ મોટર, હોમ, હેલ્થ, પર્સનલ એક્સિડન્ટ, ફાયર વગેરે સહિતની પ્રોડક્ટની વિશાળ શ્રેણી સમગ્ર ભારતમાં ગ્રાહકોના વિવિધ વર્ગને સેવા પ્રદાન કરશે."

### રોકાણકારોને આપ્યો ઝટકો, IPO કરતા શેર થયા સસ્તા

મુંબઈ | આ ફાઈનાન્સ લિમિટેડના શેરમાં બુધવારે લોઅર સર્કિટ લાગી હતી. 20 ટકાના ઘટાડા બાદ કંપનીના શેરની કિંમત IPOની કિંમત 368 રૂપિયાથી નીચે આવી ગઈ છે. NSE કંપનીના શેર 346.40 રૂપિયાના સ્તરે બંધ થયા હતા. આ IPOની પ્રાઈસ બેન્ડ 368 રૂપિયા પ્રતિ શેર હતી. કંપનીએ નવેમ્બર 2022માં શેરબજારમાં ડેબ્યૂ કર્યું હતું. તમને જણાવી દઈએ કે, બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે કંપનીનું રેટિંગ ઘટાડ્યું છે. જૂન ક્વાર્ટરમાં કંપનીને 36 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. એક વર્ષ અગાઉના સમાન ત્રિમાસિક ગાળામાં કંપનીએ 120 કરોડ રૂપિયાનો નફો કર્યો હતો. માર્ચ ક્વાર્ટરની સરખામણીમાં કંપનીની NPA વધી છે. જૂન ક્વાર્ટર દરમિયાન કંપનીની ગ્રોસ એનપીએ 5.46 ટકા હતી. જે માર્ચમાં 2.89 ટકા હતો. તે જ સમયે, માર્ચમાં નેટ એનપીએ 0.6 ટકા હતી. હવે જૂન ક્વાર્ટરમાં તે 1.25 ટકા થઈ ગયો છે. ડોમેસ્ટિક બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે ડાઉનગ્રેડ કર્યું છે. બ્રોકરેજ ફર્મે તેનું રેટિંગ 'બાય' થી બદલીને 'ન્યુટલ' કર્યું છે. આ સાથે, પેઢીએ લક્ષ્ય કિંમત 550થી 440 રૂપિયા કરી છે. તેની અસર કંપનીના શેર પર પણ પડી છે. મોતીલાલ ઓસવાલે વધુ ક્રેડિટ ખર્ચને કારણે તેની કમાણીનો અંદાજ પણ ઘટાડી દીધો છે.

### માઈનિંગ ઉધોગોમાં My Home Groupનો ડંકો, કેન્દ્ર સરકાર તરફથી મળ્યા 3 એવોર્ડ

મુંબઇ | કેન્દ્રીય કોલસા ખાણ મંત્રાલયના નેજા હેઠળ ખાણકામ કંપનીઓને આપવામાં આવતા 5 સ્ટાર રેટિંગ એવોર્ડનું બુધવારે દિલ્હીમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માય હોમ ગ્રુપને 3 એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય કોલસા ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ખાણકામ કંપનીઓના પ્રતિનિધિઓને આ પુરસ્કારો અર્પણ કર્યા. બે તેલુગુ રાજ્યોમાં 10 ખાણોને 5 સ્ટાર રેટિંગ મળ્યું છે, જેમાંથી માય હોમ ગ્રુપની 3 ખાણોને ફાઈવ સ્ટાર રેટિંગ મળ્યું છે. તેલંગણાની ચૌતુપલ્લી ખાણ, મેલ્લાચેરુવુ ખાણ અને આંધ્રપ્રદેશની શ્રીજયજ્યોતિ ખાણને 5 સ્ટાર રેટિંગ એવોર્ડ મળ્યા છે. આ ઈવેન્ટમાં, નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન 5-સ્ટાર રેટિંગ મેળવનાર 68 ખાણોનું સન્માન કરવામાં આવ્યું છે. ખાણ મંત્રાલય હેઠળના ભારતીય ખાણ બ્યુરો સમગ્ર દેશમાં ખાણોની સંભવિતતાનું મૂલ્યાંકન કરે છે અને 5-સ્ટાર રેટિંગ આપે છે. ભારતીય ખાણ બ્યુરોનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશના ખનિજ સંસાધનોનો વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે વિકાસ કરવાનો છે. દેશભરની 68 ખાણોને 5-સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે, જેમાંથી માય હોમ ગ્રુપ હેઠળની ત્રણ ખાણોને 5-સ્ટાર રેટિંગ મળ્યું છે. આ પ્રસંગે ઔદ્યોગિક ક્ષેત્રના અનેક અગ્રણીઓએ માય મોમ ઈન્ડસ્ટ્રીઝને અભિનંદન પાઠવ્યા છે.

## પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે પ્રેફરન્શિયલ ઇક્વિટી શેર્સ અને વોરંટ દ્વારા 71.48 કરોડનું ભંડોળ ઊભું કરવાની જાહેરાત કરી

(એજન્સી) મુંબઇ | તા 08

પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડ, (NSE - PIGL, BSE -543912)ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઈક્વિપમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી ખેલાડીઓમાંની એકેપ્રેફરન્શિયલ ઈક્વિટી શેર્સ અને વોરન્ટ્સના માધ્યમથી પીટન ઈલેક્ટ્રિકલ કંપની લિમિટેડમાંનિયંત્રક હિસ્સાના સંપાદન દ્વારા71.48 કરોડનું નોંધપાત્ર ભંડોળ ઊભું કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયો તાજેતરની બોર્ડ મીટિંગ દરમિયાન લેવામાં આવ્યા હતા અને તે જરૂરી મંજૂરીઓને આધીન છે. ઈક્વિટી શેર ઈશ્યુ:બોર્ડે28.80 કરોડની રકમના73.75ના પ્રીમિયમ સહિત83.75ના ઈશ્યુ ભાવે પ્રત્યેક10ના 34,39,000 ઈક્વિટી શેર ઈશ્યુ કરવાનો નિર્ણય લીધો છે. આ શેર પ્રેફરન્શિયલ ધોરણે નોન-પ્રમોટર ગ્રુપને આપવામાં આવશે. ઈક્વિટી વોરંટ ઈશ્યુ:કંપની42.68 કરોડની રકમના વોરંટ દીઠ83.75ના દરે 50,96,000 ઈક્વિટી વોરંટ ઈશ્યુ કરી રહી છે. આ વોરંટ પ્રમોટર ગ્રુપ અને નોન-પ્રમોટર ગ્રુપ બંનેને પ્રેફરન્શિયલ ધોરણે આપવામાં આવશે. 50,96,000 ઈક્વિટી વોરંટમાંથી 41,50,000 પ્રમોટર ગ્રુપને અને બાકીના 9,46,000 નોન-પ્રમોટર ગ્રુપને આપવામાં આવે છે. પીટન ઈલેક્ટ્રિકલ કંપની લિમિટેડ (પીઈસીએલ)માં નિયંત્રક હિસ્સાનું સંપાદન:કંપનીએ ઈલેક્ટ્રિકલ પેનલ્સ, કોમ્પેક્ટ સબ-સ્ટેશન્સ અને બસ ટ્રંકિંગ સિસ્ટમ્સમાં વિશેષતા ધરાવતી મેન્યૂફેક્ચરર કંપની પીટન ઈલેક્ટ્રીકલ કંપની લિમિટેડમાં નિયંત્રક હિસ્સો હસ્તગત કરવાનો નિર્ણય કર્યો છે. આ વ્યૂહાત્મક સંપાદનનો હેતુ ઈલેક્ટ્રિકલ માર્કેટમાં પીઆઈજીએલના પદચિહ્નને વિસ્તારવાનો છે. હાલમાં,પીઆઈજીએલ પીઈસીએલમાં 15.23% હિસ્સો ધરાવે છે અને તેની યોજના પોતાની ભાગીદારીને વધારીને 60% સુધી કરવાની છે. આ સંપાદન પીઈસીએલના મૂલ્યાંકન પર આધારિત હશે,જેમાં એક્ઝિક્યુટ કરવામાં આવનાર શેર ખરીદી કરાર અનુસાર છૂટા કરવામાં આવશે. આ વ્યૂહાત્મક નિર્ણયો તેની બજાર હાજરીને વિસ્તારવા અને શેરધારકોના મૂલ્યને વધારવા માટે પીઆઈજીએલની પ્રતિબદ્ધતાને આ વ્યૂહાત્મક નિર્ણય અંગે ટિપ્પણી કરતા,પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પદ્મરાજ પદ્મનાભન પિલ્લાઈએ જણાવ્યું, "આ વ્યૂહાત્મક પહેલ અમારી વૃદ્ધિ અને બજારની સ્થિતિ માટે જરૂરી છે.71.48 કરોડનું એકત્રિત મહત્વપૂર્ણ ભંડોળ અમારા વિસ્તરણ માટે,નવી તકોની શોધ કરવા અને અમારી સ્પર્ધાત્મક ધારને મજબૂત કરવા માટે જરૂરી રહેશે. આ ભંડોળ પીટન ઈલેક્ટ્રીકલ કંપની લિમિટેડમાં અમારા નિયંત્રક હિસ્સાના સંપાદનને પણ સરળ બનાવશે,જેથીઅમારૂ શેરહોલ્ડિંગ 60% સુધી વધી જશે.

## સિગ્નેચર ગ્લોબલની નાણાકીય વર્ષ 25ની પ્રથમ ત્રિમાસિક આવક 135% વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ.4બિલિયન રહ

(એજન્સી) નવી દિલ્હી | તા 08

સિગ્નેચર ગ્લોબલ દિલ્હી-એનસીઆરમાં એક મજબૂત બ્રાન્ડ સાથે ભારતની અગ્રણીરિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપનીઓ પૈકીની એકે નાણાકીય વર્ષ 24ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ.1.7 બિલિયનની સરખામણીમાં 135%ની વૃદ્ધિ સાથે રૂ.4.0બિલિયનની આવક નોંધાવી છે. પ્રથમ ત્રિમાસિક ગાળા માટે કંપનીનો ચોખ્ખો નફોરૂ.0.07 બિલિયન રહ્યો, જ્યારે નાણાકીય વર્ષ 24ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ.0.07 બિલિયનનું નુકસાન થયું હતું. ત્રિમાસિક માટે, કંપનીએ 255%ની વાર્ષિકવૃદ્ધિ સાથે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ.31.2 બિલિયનનું પ્રી-સેલ્સહાંસલ કર્યું હતું. નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટે કલેક્શન નાણાકીય વર્ષ 24ના પ્રથમ ત્રિમાસિકમાં રૂ.6.0 બિલિયનની સરખામણીમાં 102% વધીને રૂ.12.1 બિલિયન થયું છે. કંપનીના પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, કંપનીના ચેરમેન અને હોલ-ટાઈમ ડિરેક્ટર શ્રીપ્રદીપ કુમાર અગ્રવાલે જણાવ્યું, 'નાણાકીય વર્ષ 24માં હાંસલ કરેલ વેગને જાળવીરાખીને, કંપનીએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વધુ એકઆકર્ષક પ્રદર્શનની જાણ કરી છે.

## અંબુજા કવચની વોટર-રેપેલન્ટ ટેક્નોલોજી અદ્વિતીય ટકાઉપણું અને સ્થિરતા સુનિશ્ચિત કરે છે

(એજન્સી) અમદાવાદ | તા 08

ડાયવર્સિફાઈડ અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ તેની નવીન પ્રોડક્ટ અંબુજા કવચ સાથે ટકાઉ બાંધકામમાં આગળ વધી રહી છે. આ ખાસ બનાવાયેલો વોટર-રેપેલન્ટ સિમેન્ટ તમામ પ્રકારના ગળતરને અટકાવે છે, જે સ્ટ્રક્ચરને વધુ ટકાઉ બનાવે છે. અત્યંત રિએક્ટિવ ક્લિંકર અને હાઈડ્રોફોબિક ગ્રાઈન્ડીંગ સહાય સહિત અત્યાધુનિક ટેકનોલોજી સાથે બનાવાયેલી અંબુજા કવચ શ્રેષ્ઠ શક્તિ અને ભેજ પ્રતિકારક તરીકેની ખાતરી આપે છે. વર્ષ 2020માં તેની શરૂઆત થઈ ત્યારથી, તે ઈન્ડિવિજ્યુઅલ હોમ બિલ્ડર્સ (આઈએચબી) માટે ખાસ પસંદગી રહી છે. અંબુજા કવચ પાણીના ગળતર અને કેમિકલના પ્રવેશ સામે અસાધારણ રક્ષણ પૂરું પાડે છે અને તેની સાથે બાંધવામાં આવેલા સ્ટ્રક્ચરને મજબૂતી આપે છે. અંબુજા કવચ સામાન્ય પોર્ટલેન્ડ સિમેન્ટ (ઓપીસી) કરતાં 33 ટકા નીચી કાર્બન ફૂટપ્રિન્ટ સાથે ઈકો-ફ્રેન્ડલી બાંધકામમાં ઉચ્ચ ધોરણ સ્થાપિત કરે છે, જે કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં નોંધપાત્ર રીતે યોગદાન આપે છે. મિશ્રિત સિમેન્ટ તરીકે, તે ઓછા સંસાધનોનો ઉપયોગ કરીને વધુ ટકાઉપણું અને આવરદા આપે છે. અદાણી ગ્રુપના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી અજય કપૂરે જણાવ્યું હતું કે, "નવીનતા અને ટકાઉપણાના અમારા અવિરત પ્રયાસમાં, અમે હંમેશા એ સુનિશ્ચિત કર્યું છે કે અંબુજા સિમેન્ટ્સની ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ અમારા ગ્રાહકોની વિવિધ જરૂરિયાતોને પૂરી કરે અને ટકાઉ સ્ટ્રક્ચર બનાવવામાં મદદ કરે. અંબુજા કવચ સહિતની પ્રોડક્ટ્સ વધુ મજબૂત અને કઠોર કોંક્રિટ બનાવવામાં મદદ કરે છે.

## સ્ટીલના ભાવ જુલાઈમાં ગબડીને ત્રણ કરતા વધુ વર્ષની નીચી સપાટીએ જોવાયા

(એજન્સી) મુંબઈ | તા 08

દેશમાં સ્ટીલના ભાવ જુલાઈમાં ગબડીને ત્રણ કરતા વધુ વર્ષની નીચી સપાટીએ સરકી ગયા હતા. ઊંચી આયાત તથા નબળી નિકાસને પરિણામે સ્ટીલના ભાવ ઘટી ગયાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. ઉત્પાદન ક્ષેત્રમાં વપરાતી હોટ રોલ્ડ કોઈલ્સ (એચઆરસી)ના ભાવ ગયા મહિને ઘટી પ્રતિ ટન સરેરાશ રૂપિયા ૫૨૨૬૭ રહ્યા હતા. ગયા નાણાં વર્ષમાં ભારત સ્ટીલનો નેટ આયાતકાર રહ્યો હતો. સ્ટીલનો બીજો મોટો ઉત્પાદક દેશ હોવા છતાં આયાતમાં વધારો જોવા મળ્યો છે. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલ-મેમાં ફિનિશ્ડ સ્ટીલની આયાત પણ વધી પાંચ વર્ષની ટોચે રહ્યાનું સરકારી આંકડામાં અગાઉ જણાવાયું હતું. માળખાકીય ક્ષેત્રના વિકાસને કારણે સ્ટીલની આયાતમાં વધારો થયો છે. વિશ્વ બજારમાં ચીનની સ્ટીલ સામે ભારતના સ્ટીલના ભાવ ટકી શકે



એમ નહીં હોવાથી નિકાસ બજારમાં ભારતનો માલ ખપતો નથી જેને પરિણામે ઘરઆંગણે ભાવ દબાણ હેઠળ આવી ગયાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. નિકાસમાં ઘટાડો તથા આયાતમાં વધારાને કારણે સ્ટીલના ભાવ પર ઘરઆંગણે અસર પડી છે. ચીન સામેના વિરોધ છતાં, ત્યાંથી સ્ટીલની આયાતમાં ગયા નાણાં વર્ષમાં વધારો જોવા મળ્યો હતો. ચીન તથા વિયેતનામ ખાતેથી સસ્તા સ્ટીલના ભારતમાં થતાં ડમ્પિંગની તપાસ કરવા વાણિજ્ય મંત્રાલયને વિનંતી કરવામાં આવી છે.ગયા નાણાં વર્ષમાં ચીન ખાતેથી ફિનિશ્ડ સ્ટીલની આયાતમાં ૯૦ ટકા વધારો થઈ ૨૭ લાખ ટન રહી હતી.

## બંધન મ્યુચ્યુઅલ ફંડ બંધન નિફ્ટી બેંક ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરે છે

(એજન્સી) અમદાવાદ | તા 08

બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી બૅન્ક ઈન્ડેક્સ ફંડ, નિફ્ટી બૅન્ક ઈન્ડેક્સને ટ્રૅક કરતી ઓપન-એન્ડેડ સ્કીમ લોન્ચ કરવાની જાહેરાત કરી. ઈન્ડેક્સમાં ભારતની અગ્રણી બેંકોનો સમાવેશ થાય છે, જેમાં ખાનગી ક્ષેત્રની બેંકોનો 85% નો સમાવેશ થાય છે, અને જાહેર ક્ષેત્રની બેંકો બાકીનો હિસ્સો ધરાવે છે. ફંડ ભારતના સૌથી મોટા અને સૌથી વધુ પ્રવાહી બેંકિંગ શેરોમાં રોકાણ કરવાની અનુકૂળ તક રજૂ કરે છે. ન્યૂ ફંડ ઑફર (NFO) ગુરુવાર, 8 ઑગસ્ટ 2024ના રોજ ખુલશે અને ગુરુવાર, 22 ઑગસ્ટ 2024ના રોજ બંધ થશે. લાઈસન્સ પ્રાપ્ત મ્યુચ્યુઅલ ફંડ વિતરકો, ઑનલાઈન પ્લેટફોર્મ અને સીધા https://bandhanmutual.com/nfo/bandhan-nifty-bank-index-fund/ પર રોકાણ કરી શકાય છે. રોકાણકારોએ બંધન નિફ્ટી બેંક ઈન્ડેક્સ ફંડને શા માટે ધ્યાનમાં લેવું જોઈએ તે દર્શાવતા, બંધન AMCના CEO, વિશાલ કપૂરે જણાવ્યું હતું કે, "જેમ જેમ ભારતનો GDP વધતો જાય છે તેમ તેમ ધિરાણ અને વ્યાપક નાણાકીય સેવાઓની માંગ વધે છે, જે બેંકોના વિકાસ માટે સ્ટેજ સેટ કરે છે. એક સમયે ઊંચી એનપીએ અને ઓછી નફાકારકતાના બોજા હેઠળની અમારી બેંકો નોંધપાત્ર રીતે બદલાઈ ગઈ છે. તેઓ હવે સારી રીતે મૂડીકૃત છે અને દેશના વિકાસને વેગ આપવા માટે તૈયાર નફાકારકતાના સાક્ષી થવાની સંભાવના છે. બંધન નિફ્ટી બેંક ઈન્ડેક્સ ફંડ રોકાણકારોને આ ક્ષેત્રમાં રોકાણ કરવાની સરળ અને પ્રમાણમાં ખર્ચ-કાર્યક્ષમ રીત પ્રદાન કરે છે. બેન્કિંગ સેક્ટરની વૃદ્ધિની સંભાવના સાથે તેમના પોર્ટફોલિયોને વધારવા માંગતા રોકાણકારો આ ફંડને ધ્યાનમાં લઈ શકે છે.

### ઈ-ટુ વ્હીલર્સ તથા થ્રી-વ્હીલર્સ માટેના આકર્ષણમાં વધારો

## વીજ સંચાલિત વાહનોના જુલાઈના વેચાણમાં 55 ટકાનો થયેલો વધારો



(એજન્સી) મુંબઇ | તા 08

વીજ સંચાલિત ટુ વ્હીલર્સના વેચાણમાં વધારાને પરિણામે વીજ સંચાલિત વાહનોના એકંદર વેચાણ આંકમાં જુલાઈમાં વાર્ષિક ધોરણે ૫૫.૨૦ ટકા વધારો થઈને ૧,૭૯,૦૩૮ નોંધાયો છે. ઈ-ટુ વ્હીલર્સના વેચાણમાં ૯૬ ટકા જેટલો જંગી વધારો થયાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ' એસોસિએશન (ફાડા)ના આંકડા જણાવે છે. ગયા વર્ષના જુલાઈમાં વીજ વાહનોનો વેચાણ આંક ૧૧૬૨૨૧ રહ્યો હતો, જેમાં ઈ-ટુ વ્હીલર્સનો આંક ૧૦૭૦૧૬ રહ્યો હતો. ૨૦૨૩ના જુલાઈમાં ઈ-ટુ વ્હીલર્સનો વેચાણ આંક ૫૪૬૧૬ રહ્યો હતો. ઈ-થ્રી વ્હીલર્સનું વેચાણ પણ ૧૮ ટકા વધી ૬૩૬૬૭ એકમ રહ્યું હોવાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. વીજ સંચાલિત ઊતારૂ વાહનોનું વેચાણ ૨.૯૨ ટકા ઘટ્યું છે. ઈ-ટુ વ્હીલર્સ તથા ઈ-થ્રી વ્હીલર્સના વેચાણમાં નોંધપાત્ર વધારાને જોતા દેશમાં વીજ વાહનોનો સ્વીકાર વધી રહ્યો છે, એમ ફાડાના સુત્રોએ જણાવ્યું હતું. જુલાઈમાં એકંદર ઓટો રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધારો જોવાયો છે. ગ્રામ્ય સ્તરેથી માગમાં વધારો તથા નવા પ્રોડક્ટ લોન્ચને પગલે વેચાણ વૃદ્ધિ જોવા મળી છે. વેચાણમાં વધારો થવાં છતાં ઊતારૂ વાહનોનો અંદાજે રૂપિયા ૭૩૦૦૦ કરોડનો માલ ભરાવો થયાનું પણ પ્રાપ્ત માહિતીમાં જણાવાયું હતું.

### હવે ટેક્સની ચૂકવણી પર કોઈ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં, RBI UPI લિમિટ વધારશે





(એજન્સી) મુંબઇ | તા 08

આરબીઆઈએ દ્વિમાસિક મોનેટરી પૉલિસી બેઠકના અંતે રેપો રેટ જાળવી રાખતાં અન્ય એક મોટી જાહેરાત કરી છે. ટેક્સ પેમેન્ટ માટે યુપીઆઈ મર્યાદા વધારવામાં આવશે. હાલ આ મર્યાદા રૂ. 1 લાખની છે જે વધારી રૂ. 5 લાખ કરવામાં આવશે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે ટેક્સ પેમેન્ટ માટે યુપીઆઈ મર્યાદા વધારવાની જાહેરાત કરી છે. આરબીઆઈની આ જાહેરાતથી કરદાતાઓને મોટો લાભ થશે. નિષ્ણાતોએ જણાવ્યું છે કે, પેમેન્ટ માટે યુપીઆઈનો ઉપયોગ વધ્યો છે. આરબીઆઈએ ટેક્સ પેમેન્ટ માટે યુપીઆઈ મર્યાદા વધારતાં અન્ય માધ્યમ પર લાગતાં વધારાનો ચાર્જ દૂર થશે. યુપીઆઈ પેમેન્ટને ડેબિટ કાર્ડ તથા ક્રેડિટ કાર્ડ મારફત ટેક્સનું પેમેન્ટ કરવા પર વધારાનો ચાર્જ ચૂકવવો પડે છે. જ્યારે યુપીઆઈમાં કોઈ પ્રકારનો ચાર્જ હોતો નથી. જેથી આરબીઆઈએ મર્યાદા વધારી રૂ. 5 લાખ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

## RBIનું મોટું એલાન, વ્યાજદરમાં કોઈ ફેરફાર નહીં, 6.5 ટકા પર યથાવત્

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) એ ફરી એકવાર વ્યાજદરમાં વધારો નહીં કરવાનો નિર્ણય લેતાં 6.5 ટકાના દરે વ્યાજદર યથાવત્ રાખ્યા છે. દેશમાં વધતી મોંઘવારીને જોતાં આરબીઆઈએ તેની ઓગસ્ટની નાણાકીય સમીક્ષા દરમિયાન રેપો રેટને પહેલાના સ્તર એટલે કે 6.5 ટકાના દરે યથવાત્ રાખવાનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે આ સતત નવમી વખત છે જ્યારે મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં રેપો રેટને યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લે રેપો રેટમાં ફેબ્રુઆરી 2023માં ફેરફાર કરાયા હતા. ગત 25 વર્ષમાં આ બીજી વખત છે જ્યારે કેન્દ્રીય બેન્કે આટલા લાંબા સમય સુધી રેપો રેટમાં કોઈ ચેન્જ કર્યા નથી. ઉલ્લેખનયી છેકે નાણાકીય નીતિ સમિતિ (Monetary Policy Committee)ની બેઠક 6થી 8 ઓગસ્ટ વચ્ચે યોજાઈ હતી. બેઠકના છેલ્લા દિવસે 6 સભ્યોની સમિતિએ 4-2ની બહુમતી સાથે રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો હતો. આ સાથે સેન્ટ્રલ બેંકે એમ પણ કહ્યું છે કે તે મોનેટરી



પોલિસીને લઈને પોતાનું વલણ નરમ રાખશે. RBIનો આ નિર્ણય એવા લોકોને નિરાશ કરશે જેઓ લાંબા સમયથી લોન સસ્તી થવાની અને EMIનો બોજ હળવો થવાની આશા રાખતા હતા. રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ છેલ્લે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. એટલે કે દોઢ વર્ષથી પોલિસી વ્યાજ દરમાં કોઈ ફેરફાર થયો નથી. ફેબ્રુઆરી 2023માં યોજાયેલી MPCની બેઠકમાં RBIએ રેપો રેટ વધારીને 6.5 ટકા કર્યો હતો. આરબીઆઈ દ્વારા વ્યાજદરો યથાવત્ત રાખવામાં આવતાં બેન્ક એફડીમાં વ્યાજ વધવાની અપેક્ષા જોવા મળી નથી. હોમ લોન ધારકોના ઈએમઆઈ પર કોઈ વધારો થશે નહીં. રેપો રેટ RLLR લિંક લોન પર જ લાગુ થાય છે. જેથી રેપોરેટમાં થતાં ફેરફારોની અસર આ પ્રકારની લોન ધરાવતા લોનધારકોના ઈએમઆઈ પર થાય છે. પરંતુ એમસીએલઆર પર લેવામાં આવેલી હોમ લોન રેપો રેટ સાથે લિંક નથી. જે આરબીઆઈની ગાઈડલાઈન્સ અનુસાર બેન્ક વ્યાજદરો નક્કી કરે છે. ઘણા કેસોમાં એમસીએલઆર કરતાં રેપો લિંક લોનના વ્યાજદર ઉંચા હોય છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, શ્રાવણ સુદ-05**

# ભારતની ચિંતાઓ

બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાના પલાયન બાદ કૂટનીતિક મોરચે ભારતની ચિંતાઓ અને પડકારો વધતા દેખાઈ રહ્યા છે. મોદી સરકારે શેખ હસીનાને આશરો આપીને સારું કર્યું, પરંતુ તેના પરિણામ સ્વરૂપ બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ભડકી શકે છે. ત્યાં ભારત વિરોધી તત્ત્વો પહેલેથી જ સક્રિય હતા. શેખ હસીના એના પર લગામ લગાવી રહ્યાં હતાં, પરંતુ તેમના પલાયન બાદ હવે બાંગ્લાદેશ પરત ફરવાની સંભાવનાઓ શૂન્ય થવાની સાથે જ પશ્ચિમે જે પ્રકારે તેમનાથી મોં ફેરવી લીધું, તેનાથી સ્પષ્ટ છે કે ભારતે બાંગ્લાદેશમાં પોતાનાં હિત સુરિક્ષત કરવાનું વધુ કઠિન થઈ શકે છે. બ્રિટન શેખ હસીનાને આશરો આપવા તૈયાર નથી અને અમેરિકાએ તો હદ કરતાં તેમના વિઝા જ રદ્દ કરી દીધા અને ત્યાંની સેનાને એમ જાણવા છતાં પણ સલામ કહ્યા કે તે વચગાળાની સરકારમાં કટ્ટરપંથી તત્ત્વોની ભાગીદારી માટે પણ તૈયાર છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે બાંગ્લાદેશમાં સેનાના વર્ચસ્વવાળી વચગાળાની સરકારનું ભારત પ્રત્યે મિત્રવત વલણ હશે. આ સરકારમાં ઘોર ભારત વિરોધી કટ્ટરપંથી સંગઠન જમાતે ઈસ્લામીના સામેલ થવાની સાથે જ વિપક્ષી નેતા અને એ પૂર્વ વડાંપ્રધાન ખાલિદા ઝિયાની પણ ભાગીદારી હોઈ શકે છે, જેમની સાથે ભારતના સંબંધ ક્યારેય સહજ નથી રહ્યા. જો આ વચગાળાની સરકારમાં એ તત્ત્વોની ભાગીદારી વધી, જેઓ શેખ હસીનાને નવી દિલ્હીની કઠપૂતળી ગણાવતા હતા, તો ભારતના પડકારો ઓર વધી જશે. બાંગ્લાદેશમાં ભારતના દૃષ્ટિકોણથી અસહમત પશ્ચિમી દેશો સાથે ચીનની પણ દખલ વધવાનો અંદેશો છે. ચીન પહેલેથી જ માલદીવ અને નેપાળમાં પોતાનો પ્રભાવ વધારી ચૂક્યું છે અને પાકિસ્તાન તો તેના ખોળામાં જ બેઠેલું છે. તે શ્રીલંકામાં પણ પોતાનો દબદબો વધારવાની તાકમાં છે. એક અન્ય પડોશી દેશ મ્યાંમારની અસ્થિરતા સામે ઝઝૂમી રહ્યો છે અને ત્યાં પણ ચીનની દખલ સ્પષ્ટ દેખાઈ રહી છે. ભારતની સમસ્યા માત્ર એ નથી કે તે બાંગ્લાદેશમાં પોતાના હિતોની રક્ષા કરે, બલ્કે એ પણ છે કે ત્યાંના અલ્પસંખ્યકો અને વિશેષ રૂપે હિંદુઓને કેવી રીતે બચાવે? અનામત વિરોધના બહાને શેખ હસીનાને સત્તામાંથી હટાવવાના આંદોલન દરમ્યાન હિંદુઓ પર છૂટક હુમલા તો થઈ જ રહ્યા હતા, પરંતુ તખ્તાપલટ બાદ તો તેમનું આવી બન્યું છે. બાંગ્લાદેશનો કદાચ જ કોઈ એવો વિસ્તાર હોય, જ્યાંથી હિંદુઓના ઘરો, દુકાનો અને મંદિરોને નિશાનો બનાવવાના સમાચારો ન આવી રહ્યા હોય. શેખ હસીનાના શાસનમાં બાંગ્લાદેશના જે હિંદુ ખુદને થોડા-ઘણા સુરિક્ષત અનુભવતા હતા, તેઓ હાલમાં અસહાય-નિરુપાય દેખાઈ રહ્યા છે. ચિંતાની વાત એ છે કે સેના તેમની રક્ષા માટે એટલી તત્પર નથી દેખાઈ રહી, જેટલી તેણે દેખાવું જોઈએ. ભારતે બાંગ્લાદેશના હિંદુઓને બચાવવા માટે કંઈક કરવું પડશે, નહિ તો તેમના એવા જ ખરાબ હાલ થશે, જેવા અફઘાનિસ્તાનમાં થયા અને પાકિસ્તાનમાં થઈ રહ્યા છે.

### કેવડીયા આદિવાસી મ્યુઝિયમમાં બે યુવાનોને માર મારતા બંનેના મોત નીપજ્યા

# બે આદિવાસી યુવાનોના મોતના આદિવાસી સમાજમાં ભારે રોષ ફેલાયો : આજે કેવડીયા એકતાનગર બંધ

**ભરત શાહ : રાજપીપળા**




સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક બની રહેલા આદિવાસી મ્યુઝીયમમાં કામ કરતા 6 લોકોએ કેવડિયા અને ગભાણા ગામના 2 આદિવાસી યુવાનોને બાંધકામ સાઈડ પર જોતા ચોરીની શંકા કરી બંને ને દોરડા વડે બાંધી ને માર મારતા એક યુવાન જયેશ તડવી નું મોત ગઈકાલે નિપજ્યું જ્યારે બીજો ગંભીર ઈજાગ્રસ્ત એવા સંજય તડવી ની પૂછપરછ કરી કેવડીયા પોલીસે ફરિયાદ નોંધી એ ફરિયાદી યુવાન બીજે દિવસે મોત નિપજ્યું હતું. બે એક નાં એક યુવાન દીકરાઓના મોત નાં ખબર મળતા ગ્રામજનો સિવિલ હોસ્પિટલ પર પહોંચી ગયા હતા. જ્યારે ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ પણ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી પરિવાર ને સાંત્વના આપતા મૃતક ની માતાને ભેટી ધ્રુસકે ધ્રુસકે દર્શનાબેન પણ રડી પાડયા હતા, હોસ્પિટલ શોક ના મોજા માં ફેરવાઈ ગયું હતું. નર્મદા પોલીસે જયેશ તડવી નું અને બીજા દિવસે સંજય તડવીનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતું. એટલે આ કેશમાં ફરિયાદી હતો તેનું પણ મૃત્યુ થયું હોય ગરુડેશ્વર પોલીસે આ મુદ્દે 6 લોકો વિરુદ્ધ હવે ડબલ મર્ડર ની કલમ ઉમેરી તપાસ હાથ ધરી હતી. વધુ કોણ આરોપી હતા તેમની પૂછપરછ કરવા રિમાન્ડ માંગવાની કાર્યવાહી હાથ ધરી છે. નર્મદા જિલ્લા પોલીસવડા પ્રશાંત સુમ્બેના જણાવ્યા મુજબ આદીવાસી મ્યુઝીયમમાં બનેલી ઘટના ને પગલે 6 જેટલા લોકોની ધરપકડ કરી છે. હજુ કોઈ આં કેશમાં સંડોવાયેલા જણાશે તો તેઓને આરોપી તરીકે નામ ઉમેરવામાં આવશે.પોલીસ બિલકુલ પારદર્શક તપાસ કરશે મૃતક પરિવાર ને બિલકુલ અન્યાય નહિ થવા દઈએ તેવી વાત કરી હતી.

### ધારાસભ્ય ચૈતર વસાવા અને પોલીસ વચ્ચે ઘર્ષણ

કેવડીયા ગભાનાં ગામના બે યુવાનો નાં મોતને લઈને રોષે ભરાયેલા ધારાસભ્ય ચૈતર વસાવા બીજે દિવસે પણ સંજય તડવી નાં મોતના સમાચાર સાંભળી રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે કેમ એજન્સીના વ્યક્તિનું કે અધિકારીનું નામ ઉમેરતા નથી કહી રોષ વ્યક્ત કરતા પોલીસ અને ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચે તું..તું.. મે...મે..અને ઘર્ષણ નાં દ્રશ્ય સર્જાયા હતા. જોકે બાદમાં પોલીસ ની સમજૂતી બાદ ધારાસભ્ય શાંત પડયા હતા.

## ITC Sunfeastએ બાળકો માટે પૌષ્ટિક બિસ્કિટ સુપર એગ એન્ડ મિલ્ક લોન્ચ કર્યા




**(એજન્સી) અમદાવાદ | તા. 08**

ITC સનફીસ્ટ હંમેશા તેના ગ્રાહકોને નવીન અને અનન્ય અનુભવો પ્રદાન કરવા માટે જાણીતું છે. તેણે મરઘી અને ગાય વચ્ચે એક પ્રકારની રમૂજી કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. તેમના પ્રતિનિધિઓ વચ્ચે જીવંત ચર્ચા થઈ, જ્યાં તેઓએ બાળકો માટે દૂધ અને ઈંડાને વધુ આકર્ષક બનાવવાના પડકારોને રમૂજી રીતે પ્રકાશિત કર્યા અને સારા પોષણ પ્રદાન કરવામાં તેમના યોગદાન પર ભાર મૂક્યો હતો. કોન્ફરન્સમાં સામાન્ય વાર્તાલાપ પછી, એક વિશાળ પેનલ ચર્ચા યોજાઈ હતી. આ ચર્ચામાં વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓએ પણ ભાગ લીધો હતો. ઉપસ્થિત સેલિબ્રિટીઓમાં શ્રી મદન મોહન મૈતી, અધ્યક્ષ, નેશનલ એગ કોઓર્ડિનેશન કમિટી (NECC) પશ્ચિમ બંગાળ, ડૉ. દુલાલ ચંદ્ર સેન, વાઈસ ચેરમેન, IDA ઈસ્ટર્ન રિજન, ડૉ. અનન્યા ભૌમિક, ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ અને લાઈફસ્ટાઈલ કન્સલ્ટન્ટ, સેલિબ્રિટી મમ્મી કોનિકા બેનર્જી, અર્ચના સિન્હા, કો-ફાઉન્ડર અને સીઈઓ, પૌષ્ટિક શાળાઓ વગેરે હાજર રહ્યા હતા. પેનલે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાળકોના વિકાસના વર્ષોમાં ઈંડા અને દૂધ બંને અત્યંત મહત્વપૂર્ણ છે. આ બંને વિટામિન A, D, E, આયર્ન વગેરે જેવા અન્ય ઘણા પોષક તત્વો સાથે પ્રોટીનનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે.

## "હર ઘર તિરંગા" અભિયાન: બનાસકાંઠા જિલ્લા કલેકટર વરુણ કુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે મીટીંગ યોજાઈ

**એજન્સી | પાલનપુર, તા. 08**




લોકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના જાગે એ માટે બનાસકાંઠા જિલ્લામાં ૮ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા સપ્તાહ ઉજવવાનું આયોજન કરાયુ છે. જેના ભાગરૂપે આગામી ૧૦ મી ઓગસ્ટના રોજ તિરંગા યાત્રાના આયોજન અન્વયે જિલ્લા કલેકટરશ્રી વરુણ કુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે એક મીટીંગ યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રી વરુણ કુમાર બરનવાલે હરઘર તિરંગા અભિયાનને વેગવંતુ બનાવવા અને તિરંગાના સન્માનમાં દરેક નાગરિક સહભાગી બને એવું આયોજન કરવા પર ભાર મૂક્યો હતો. જિલ્લાની છ નગરપાલિકાઓ સહિત સરહદી વિસ્તાર, આદિવાસી વિસ્તાર અને જિલ્લાના આયકોનીક સ્થળોએ પણ 'હરઘર તિરંગા' અભિયાનની ઉજવણીમાં જિલ્લાની તમામ સરકારી-ખાનગી મિલકતો, વ્યાપારી સંકુલો, શાળાઓ, ઘરો પર તિરંગો લહેરાવા અને આ અવસરમાં સૌ નાગરિકો, અધિકારીઓ અને કર્મચારીઓ સહિત લોકોને સહભાગી થવા અનુરોધ કર્યો હતો.તેમજ સોશિયલ મીડિયા પર હર ઘર તિરંગા અભિયાનના પ્રસાર પ્રચાર પર ભાર મૂક્યો હતો. સ્વતંત્રતા સપ્તાહ ઉજવણી અંતર્ગત પરેડ, ફેન્સી ડ્રેસ સ્પર્ધા, રંગોળી ચિત્ર સ્પર્ધા, જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે. જેમાં પોલીસના જવાનો, શાળાના બાળકો, પરંપરાગત લોકનૃત્ય કલાકારો, અન્ય કલાકારો, પોલીસ બેન્ડ, સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ, યોગબોર્ડ, યુવક બોર્ડ, જિલ્લાની આયકોનીક વ્યક્તિઓ સહિત જિલ્લાવાસીઓ સહભાગી બનશે.

### હવે રોકડ ચુકવણીમાંથી મળશે રાહત

## અમદાવાદ મંડળ ના વિવિધ સ્ટેશનો પર મુસાફરો ક્યુઆર કોડ દ્વારા ટિકિટનું ભાડું ચૂકવી શકે છે

**(એજન્સી) અમદાવાદ | તા. 08**



માનનીય વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને અનુરૂપ અને રેલવે બોર્ડની સૂચનાથી અમદાવાદ મંડળ ના તમામ કાઉન્ટરો પર ક્યુઆર કોડ ડિવાઈસ ઈન્સ્ટોલ કરવાની કામગીરી ચાલી રહી છે. રેલવે યાત્રીઓને ટિકિટનું ભાડું ચૂકવવા માટે ક્યુઆર કોડ ડિજિટલ માધ્યમની સુવિધા આપવામાં આવી રહી છે. આ નવી પહેલ હેઠળ, અમદાવાદ મંડળના અમદાવાદ, મણિનગર, અસારવા, સાબરમતી તથા સરદારગ્રામ સ્ટેશનો ના તમામ આરક્ષિત અને બિનઆરક્ષિત ટિકિટ કાઉન્ટરો પર ક્યુઆર કોડ દ્વારા રેલ ટિકિટની ચુકવણી સ્વિકારવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને મંડળના અન્ય તમામ સ્ટેશનો પર પણ બિનઆરક્ષિત અને આરક્ષિત કાઉન્ટર પર ટૂંક સમયમાં જ ક્યુઆર કોડ ના માધ્યમથી ચૂકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રેલવે યાત્રીઓને હવે ટિકિટનું ભાડું ચૂકવવા માટે યુટીએસ મોબાઈલ એપ, એટીવીએમ,પીઓએસ અને યુપીઆઈ જેવા ડિજિટલ ચુકવણી ના વિવિધ વિકલ્પો અગાઉથી જ ઉપલબ્ધ છે. આ પ્રકારની ડિજિટલ ચુકવણી પ્રણાલીને વધુ ઉપયોગી અને સુલભ બનાવવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ મંડળે તેનો વિસ્તાર કર્યો છે.

## ખાણ ખનીજ વિભાગે ગેરકાયદેસર રેતી ખનનની પકડેલી ટ્રક માંથી રૂપિયા 13 હજારની રેતી ચોરાઇ

**ભરત શાહ : રાજપીપળા**



નર્મદા ખાણ ખનીજ વિભાગે રેતી ખનન ની પકડેલી ટ્રક તિલકવાડા તાલુકાના ડાભેડ ગામ પાસે મુકી હતી તેમાંથી રેતીની ચોરી થતાં ગુનો દાખલ થયો છે. મળતી માહિતી અનુસાર નર્મદા ખાણ ખનીજ વિભાગ ના માઈન સુપરવાઈઝર અને ઈન્ચાર્જ રોયલ્ટી ઈન્સ્પેકટર રવિભાઈ અરશીભાઈ મોરી નાઓ એ આપેલી ફરિયાદ મુજબ સરકાર હસ્તક હાઈવા ટ્રક નંબર GJ-16-AW- 3297મા ગેર-કાયદેસર સાદી રેતી (ખનીજ) ૫૪.૪૬૦ મે.ટન બિનઅધિકૃત ખનીજ વહન કરવા બાબતે વાહનને તા.૦૭/૦૬/૨૦૨૪ નારોજ જપ્ત કરી ડાભેડ સરદાર વે-બ્રિજ પાસે રાખવામા આવેલ હતું જે વાહનમાં ભરેલ રેતી કોઈ અજાણ્યા ઈસમે ૫૪.૪૬૦ મે.ટન જેની પ્રતિ મેટ્રીક ટન કિ. રૂ.૨૪૦/- ગણી કુલ કિમત રૂ.૧૩,૦૭૧/-ની તા.૧૯/૦૭/૨૦૨૪ થી તા.૨૦/૦૭/૨૦૨૪ ના સુધીમાં રેતીની ચોરી કરી ખાલી વાહન પરત મૂકી જઈ ગુનો આચરેલ હોય તિલકવાડા પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## પાલનપુર ખાતે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મહિલા નેતૃત્વ દિવસની ઉત્સાહભેર ઉજવણી



**(એજન્સી) પાલનપુર | તા. 08**

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા "નારી વંદન ઉત્સવ" ની ઉજવણી કરાઈ રહી છે. જે અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી બનાસકાંઠા દ્વારા પાલનપુરના ડીઆરડીએ હોલ ખાતે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહિલા નેતૃત્વ દિવસ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મહિલા સશક્તીકરણ તેમજ સમાજ સશક્તીકરણ અર્થે નારી વંદન ઉત્સવ સપ્તાહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર.આઈ.શેખ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયતના મહિલા શાખા અધિકારીશ્રીઓ, પાલનપુર, દાંતીવાડા, અમીરગઢ અને વડગામ તાલુકાની મહિલા સરપંચશ્રીઓ, મહિલા તલાટીશ્રીઓ હાજર રહ્યા હતા.

## લાઈફસેલ AreoVeda (એરિયોવેદા) સાથે સ્કિનકેરમાં પ્રવેશ કરે છે, જે સેલ્યુલર સ્કિન સાયન્સમાં વિશેષતા ધરાવે છે



**(એજન્સી) અમદાવાદ | તા. 08**

લાઈફસેલ, જે ભારતની અગ્રણી સ્ટેમ સેલ બેંક છે અને ડાયગ્નોસ્ટિક્સ, જેનેટિક ટેસ્ટિંગ અને પ્રિ-કન્સેપ્શન કેરમાં અગ્રણી છે, હવે એરિયોવેદાને લોન્ચ કરીને તે મા-શિશુની ત્વચાની દેખરેખ માટે વિશ્વમાં હલચલ મચાવવા માટે તૈયાર છે. આ સાથે, બ્રાન્ડે પ્રોડક્ટ રેન્જનું અનાવરણ કર્યું છે, જે ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ, નવી માતાઓ અને નવજાત શિશુઓ માટે બનાવવામાં આવેલ છે, જે શુદ્ધતા, અસરકારકતા અને સલામતીના તેના દૃઢ ધોરણો દ્વારા હાલના ધોરણોને તોડે છે. કુદરતી ઘટકોની પુનર્જીવિત શક્તિઓનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને, કંપનીએ સેલ્યુલર વિજ્ઞાન-સમર્થિત અભિગમ રજૂ કર્યો છે જે એકલા હાથે સ્વચ્છ ત્વચા સંભાળની ધારણાને પુનઃવ્યાખ્યાયિત કરે છે. સગર્ભા અને નવી માતાઓના કિસ્સામાં સ્ટ્રેચ માર્ક્સ, પિગમેન્ટેશન, ખીલ અને ડ્રાયનેસ અને બાળકોના કિસ્સામાં એક્સમાં (ખરજવું), ડાયપર રેશ અને ક્રેડલ કેપ જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે સ્થાપિત, કંપની આ જૂથ દ્વારા સામનો કરવામાં આવતી તમામ ત્વચા સમસ્યાઓ માટે ઉકેલો પ્રદાન કરે છે. તેના પ્રોડક્ટ્સ લાઈફસેલની માન્યતાપ્રાપ્ત લેબ્સમાં, લેબમાં બનાવવામાં આવતા માનવ ત્વચાના કોષો પર 10+ સેલ્યુલર પરીક્ષણોમાંથી પસાર થાય છે જેમ કે: એરિયોવેદાના સહ-સ્થાપક તરુ મયુરે જણાવ્યું હતું કે, ;EWG અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બાળકના નાળના લોહીમાં 200+ કેમિકલ મળી આવ્યા હતા જેના સંપર્કમાં માતા આવી હતી તેનાથી આવ્યા હતા.



હાલ પડેલા વરસાદને પગલે માખી- મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે પશુઓ પણ એમાંથી બાકાત નથી ત્યારે માખી મચ્છરથી બચવા પશુઓ રોડ પર ઉતરી પડતા હોય એવા દ્રશ્યો હાલના સમયમાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે, પ્રસ્તુત તસવીર રવાપર- નાગવીરી રોડની છે જ્યાં પશુઓએ રીતસર રોડ પર કબજો જમાવ્યો હોય એવું લાગી રહ્યું છે.
તસવીર: મહેશ એલ.સોની નખત્રાણા

## ભુજોડીમાંથી ગુમ થયેલ બાળકીને ગણતરીના કલાકોમાં શોધી કાઢતા હોમગાર્ડ જવાનો

**મહેશ એલ સોની : નખત્રાણા**



ભુજ તાલુકાના માધાપર પોલીસ સ્ટેશન ની હદમાં આવેલ ભુજોડી ખાતે રહેતી ૧૦ વર્ષ ની બાળકી ગુમ થતા તેમના પરિવાર દ્વારા શોધખોળ આદરી અને પોલીસને જાણ કરવામાં આવી હતી આ બનાવ અંગે પોલીસે રાત્રિના ફરજ બજાવતા હોમગાર્ડ સભ્યોને જાણ કરતા હોમગાર્ડ જવાનો વિજયભાઈ શુકલ, સિધ્ધરાજ રાઠોડ,ચંદુલાલ કોલી તેમજ તેમની સાથે રહેલા જી.આર.ડી જવાન યોગેશ ગરવા એ ગણતરીના કલાકોમાં આ બાળકીને ભુજોડી બસ સ્ટેશન પાસેથી શોધી કાઢી અને માધાપર પોલીસ સ્ટેશને સુપરત કરી હતી જ્યાં ફરજ પરના પી.એસ.ઓ.એ તેમના પરિવાર ભુજોડી નજીક રહેતો હોવાનું જણાવતા હોમગાર્ડ જવાનોએ તેમના માતા-પિતાને આ બાળકી સુપરત કરી હતી. બાળકીના માતા પિતાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## CETની પરીક્ષામાં મેરીટીમાં નાગવીરીના વિધાર્થીએ મેળવ્યું સ્થાન

**મહેશ એલ.સોની : નખત્રાણા**



શ્રી નાગવીરી પ્રાથમિક શાળામાં ધોરણ છઠ્ઠા માં અભ્યાસ કરતા વિદ્યાર્થી લુહાર અલ્તાફ અનવર ભાઈએ મુખ્ય મંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત CET ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ મેરીટ લીસ્ટમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના આચાર્યા શ્રીમતી છાયાબેન મોદી તેમજ શિક્ષકો શ્રી મહેશભાઈ પરમાર, શ્રીમતી પાયલ બેન ડોડીયા, શ્રીમતી નિલમબેન પટેલના માર્ગદર્શન તેમજ પ્રયત્નો થકી મેરિટીમાં સ્થાન પામી શ્રી નાગવીરી પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું છે તેની આ સિદ્ધિ બદલ શાળા પરીવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## જીયોરપાટી ગામે કામ બાબતે માતાએ ઠપકો આપતાં પુત્રએ ઝેરી દવા પી આપઘાત કર્યો

**ભરત શાહ : રાજપીપળા**

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જ્યોરપાટી ગામમાં યુવાન પુત્રને માતાએ ઠપકો આપતાં ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર લક્ષ્મણભાઈ મનુરભાઈ વસાવા રહે. જ્યોરપાટી નિશાળ ફળિયુ તા.નાંદોદ જી.નર્મદા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ ટેકનો પુત્ર મરનાર જીતેંદ્રભાઈ લક્ષ્મણભાઈ વસાવા ઉ.વ.૨૩ નાઓને તેમની માતાએ કામકાજ બાબતે કહેતા જે વાતનુ મનમાં લાગી આવતા પોતાની જાતે ઝેરી દવા પી જતા સિવિલ હોસ્પીટલ રાજપીપલા ખાતે લાવતા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જીયોરપાટી ગામે કામ બાબતે માતાએ ઠપકો આપતાં પુત્રએ ઝેરી દવા પી આપઘાત કર્યો.

## હોમ લોનના સ્થિર વ્યાજ દરે H1 2024માં ઘર ખરીદવાની પોષણક્ષમતાને ટેકારૂપ રાખી છે: નાઈટ ફ્રેંક ઈન્ડિયા

**(એજન્સી) મુંબઈ | તા. 08**

નાઈટ ફ્રેંક ઈન્ડિયાએ તેના પ્રોપરાઈટરી અહેવાલ એફોર્ડેબિલીટી ઈન્ડેક્સમાં દર્શાવ્યુ છે કે 2023ના અંતમા વ્યાજ દરો યથાવત્ રહેતા હોમ એફોર્ડેબિલીટી (પોસાય તેવી કિંમત) H1 2024 (જાન્યુઆરીથી જૂન 2024)માં સ્થિર રહી છે. એફોર્ડેબિલીટી ઈન્ડેક્સના અનુસાર અમદાવાદ 21%ના ગુણોત્તર સાથે ટોચના આઠ શહેરોમાં અત્યંત પોસાય તેવુ માર્કેટ ધરાવે છે, ત્યાર બાદ 24% સાથે પૂણે અને કોલકાતાનો ક્રમ આવે છે. મુંબઈ એક માત્ર એવુ શહેર રહ્યુ હતું જે 51%ની મર્યાદા કરતા અંશતઃ ૫ર રહ્યુ હતું. નાઈટ ફ્રેંક ઈન્ડિયાનો એફોર્ડેબિલીટી ઈન્ડેક્સ કે જે સરેરાશ ઘરગથ્થુ માટે ઈએમઆઈ (સમાન માસિક હપ્તા)થી આવકના ગુણોત્તર પર નજર રાખે છે તેમાં 2010થી 2021માં ભારતના ટોચના આઠ શહેરોમાં સતત સુધારો અનુભવ્યો હતો, જેમાં ખાસ કરીને રોગચાળા દરમિયાનામાં જ્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ રેપો દરને દાયકાઓના નીચા સ્તર સુધી ઘટાડ્યા હતા. ત્યારે મધ્યસ્થ બેન્કે ફૂગાવાને ધ્યાનમાં લેતા રેપો રેટમાં મે 2022થી શરૂ થતા નવ મહિનાઓમાં 250 બીપીએસનો વધારો કર્યો હતો. જેના કારણે 2022માં શહેરોમાં એફોર્ડેબિલીટી પર માઠી અસર પડી હતી. રેપો દર ફેબ્રુઆરી 2023થી સ્થિર રહ્યો છે, ત્યારે તંદુરસ્ત આવક વૃદ્ધિએ ભાવ વધારાને અને તુલનાત્મક રીતે ઊંચો દરોને નાથવામાં સહાય કરી છે, તે રીતે નીચેના ટેબલમાં જોઈ શકાય છે તે રીતે એફોર્ડેબિલીટીને પ્રવર્તમાન સ્તરે લાવવામાં આવી છે. 2023થી માંગમાં સતત વધારો થયો છે અને H1 2024માં અનેક વર્ષોના સર્વોચ્ચ મથાળે રહી હતી. આર્થિક વૃદ્ધિ સતત યોગ્ય માર્ગે છે ત્યારે સ્થિર વ્યાજ દરની પરિસ્થિત નજીકના ભવિષ્યમાં ટકી રહે તેમ લાગી રહ્યુ છે. નાઈટ ફ્રેંક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશર બૈજલે જણાવ્યું હતુ કે સ્થિર એફોર્ડેબિલીટી ઘર ખરીદનારાઓની માંગને ટકાવી રાખવા માટે આવશ્યક છે, જે સામે દેશ માટે મહત્ત્વના આર્થિક પરિબળની ભૂમિકા બજાવે છે. જેમ જેમ આવકનું સ્તર વધે છે અને આર્થિક વૃદ્ધિ મજબૂત થાય છે તેમ, અંતિમ વપરાશકારોનો નાણાકીય વિશ્વાસ નોંધપાત્ર રીતે મજબૂત થાય છે, જે તેમને સંપત્તિ નિર્માણ તરફ લાંબા ગાળાની નાણાકીય પ્રતિબદ્ધતાઓ કરવા પ્રોત્સાહિત કરે છે. નાણાકીય વર્ષ 2025 માટે આરબીઆઈના તંદુરસ્ત 7.2% જીડીપી વૃદ્ધિ અંદાજ અને વ્યાજ દરના સ્થિર દૃશ્યને જોતાં, આવક અને પરવડે તેવા સ્તરો 2024 માં ઘર ખરીદનારની માંગને સમર્થન આપવાનું ચાલુ રાખશે તેવી અપેક્ષા છે." કોવિડ-19 રોગચાળો રહેણાંક રિયલ એસ્ટેટ બજાર માટે ઉત્પ્રેરક બન્યો હતો, જેણે મિલકતની કિંમતો અને ધિરાણ દરો બંનેના પુનઃપ્રાપ્તિને વેગ આપ્યો હતો જેણે માંગમાં નોંધપાત્ર વધારો કર્યો હતો. આ રહેણાંક બજારની ગતિ જળવાઈ રહી છે.

## આમલેથા પેટ્રોલ પંપ પર લટાર મારતો દીપડો CCTV માં કેદ : લોકોમાં ભય



**ભરત શાહ : રાજપીપળા**

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલાં આમલેથા ગામના પેટે પંપ પરના સીસીટીવી કેમેરા માં લટાર મારતો દીપડો દેખતા લોકોમાં ભય જોવા મળ્યો. નર્મદા જિલ્લા મોટાભાગે જંગલ વિસ્તાર આવેલો છે જેમાં જંગલી જાનવરો ખોરાકની શોધમાં જાહેર રસ્તો પર નીકળી પડતા હોય છે. થોડાક મહિના પહેલા પણ રામગઢ અને અકુવાડા ગામ માં પણ દિપડો દેખાતા લોકો ફફડી રહ્યા હતા, ખાસ કરીને હાલ બે દિવસ અગાઉ જ ગરૂડેશ્વર તાલુકાના માંડણ ગામે બે મહિલા પર દિપડા એ હુમલો કરતા એકને ઈજા પહોંચી હતી અને એકનું મોત નિપજ્યું હતું તેની સ્યાહી હજુ સુકાઈ નથી ત્યાં હાલમાં આમલેથા ગામ ના પેટ્રોલ પંપ પડે દીપડો ફરતો જોવા મળ્યો હતો.

# ફોનમાંથી નીકળી બ્લુ લાઈટ આંખને જ નહીં ત્વચાને પણ કરે છે ગંભીર નુકસાન

આજે સ્માર્ટફોન દરેક વ્યક્તિના જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. આખો દિવસ લોકો ફોનનો ઉપયોગ કરે છે. પછી તે સોશિયલ મીડિયા સ્ક્રોલ કરવા માટે થતો હોય, મેસેજ કરવા માટે, વાતચીત કરવા માટે કે પછી કોઈ કામ કરવું હોય.. દિવસના કલાકો ફોન પર પસાર થાય છે. સતત સ્માર્ટફોનનો ઉપયોગ આંખ અને મગજને તો નુકસાન કરે જ છે પરંતુ શું તમને ખબર છે સ્માર્ટફોનમાંથી નીકળતી બ્લુ લાઈટ ત્વચાને પણ ડેમેજ કરે છે? આ બ્લુ લાઈટ ફક્ત ફોનમાંથી જ નહીં પરંતુ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાંથી નીકળતી હોય છે. જેમકે સ્માર્ટફોન, ટેબલેટ, લેપટોપ અને કોમ્પ્યુટર પણ. આ પ્રકાશ આંખ માટે હાનિકારક હોય છે. તેનાથી આંખમાં સોજા, થાક અને નંબર વધવા જેવી સમસ્યા થાય છે. પરંતુ એક સંશોધનમાં સામે આવ્યું છે કે આ બ્લુ લાઈટ આંખ જ નહીં ત્વચાને પણ ડેમેજ કરે છે. સ્માર્ટફોનની લાઈટ ચહેરા પર કરચલીઓ, ફાઈન લાઈન્સ, પિગમેંટેશન વધારી શકે છે. તેનાથી ત્વચામાં સોજા પણ આવી શકે છે. ત્વચાની જે સમસ્યાઓથી બચવા લોકો પ્રયત્ન કરતા હોય છે તે બધી જ સમસ્યા તેમને સ્માર્ટફોન આપે છે.



### ત્વચાના પ્રોટેકશન માટે શું કરવું?

- સ્માર્ટફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો ઉપયોગ ઘટાડો
- ફોનને નાઈટ મોડમાં રાખો જેથી તેમાંથી બ્લુ લાઈટ ઓછી નીકળે
- સનસ્ક્રીન નિયમિત લગાવો.
- પર્યાપ્ત માત્રામાં પાણી પીવું જેથી ત્વચા હાઈડ્રેટેડ રહે.
- ત્વચાની સંભાળ માટે સારા પ્રોડક્ટનો ઉપયોગ કરો.



# ઘરમાંથી ગરોળી ભગાડવા અપનાવો આ 3 ટ્રીક, ગરોળીની સાથે વરસાદી જંતુઓ પણ ભાગી જશે ઘરમાંથી

વરસાદી વાતાવરણમાં પાંખવાળા જીવજંતુઓની સાથે ગરોળીની સંખ્યા પણ વધી જાય છે. ચોમાસા દરમિયાન ઘરમાં પણ વધારે પ્રમાણમાં ગરોળીઓ દેખાવા લાગે છે. દિવસ દરમિયાન દિવાલ પર ફરતી ગરોળી રાત્રે જમીન પર દોડતી જોવા મળે છે. કેટલાક લોકોના ઘરમાં તો ગરોળીના બચ્ચા ત્રાસ કરી દેતા હોય છે. ગરોળીને જોઈને ચીતરી ચઢવાની સાથે બીક પણ લાગે છે. ગરોળી સ્વાસ્થ્ય માટે પણ જોખમરુપ હોય છે. જો ખાવા પીવાની વસ્તુમાં ગરોળીનું મળ કે તેની લાળ પડી જાય તો તેના કારણે ફૂડ પોઈઝનિંગ પણ થઈ શકે છે. તેથી જ દરેક ગૃહિણી ગરોળીને પોતાના ઘરથી દૂર રાખવા માંગે છે. જો તમે પણ ગરોળીથી ત્રાસી ગયા હોય તો આજે તમને 3 સરળ ઉપાય જણાવીએ. આ 3 ઉપાય તમને ગરોળીથી કાયમી મુક્તિ અપાવી દેશે.

## ગરોળી ભગાડવાના 3 અસરકારક ઉપાય

1 ગરોળી ભગાડવાનો પહેલો ઉપાય છે લસણ અને ડુંગળી. લસણ અને ડુંગળીમાં તીવ્ર ગંધ હોય છે. આ ગંધ ગરોળી સહન કરી શકતી નથી. જો તમે ગરોળીને ઘરમાંથી ભગાડવા માંગો છો તો જ્યાં સૌથી વધુ ગરોળી દેખાતી હોય ત્યાં લસણ અને ડુંગળીના ટુકડા રાખી દેવા. તમે ઈચ્છો તો લસણ અને ડુંગળીની પેસ્ટ બનાવી તેને પાણીમાં ઉમેરીને દીવાલો પર તેનો છંટકાવ પણ કરી શકો છો.

2 ચોમાસા દરમિયાન ઘરમાં સતત ભેજવાળું વાતાવરણ રહે છે તેના કારણે ગરોળી પણ વધારે પ્રમાણમાં દેખાવા લાગે છે. આવી સ્થિતિમાં ઘરમાં નેપ્થલીન બોલ એટલે કે ફીનાઈલની ગોળીઓ રાખવી જોઈએ. ખાસ કરીને રસોડાના કબાટ અને સિંકની નીચે ફીનાઈલની ગોળીઓ રાખવી. આ જગ્યાઓમાં નાના-નાના જીવજંતુ સાથે ગરોળી પણ ફરતી હોય છે.

3 ગરોળીને ભગાડવાનો ત્રીજો અને સૌથી અસરકારક ઉપાય છે પેપર સ્પ્રેનો. તેના માટે મરીનો પાવડર કરીને તેને પાણીમાં મિક્સ કરી સ્પ્રે બોટલમાં ભરી રાખો. હવે લાઈટની આસપાસ જ્યાં ગરોળી સૌથી વધુ જોવા મળે છે ત્યાં આ સ્પ્રેનો છંટકાવ થોડા થોડા કલાકે કરી દેવો. એક વખત ગરોળી આ જગ્યાએ આવશે પછી તમારું ઘર છોડીને ભાગી જશે. ચોમાસા દરમિયાન આ સ્પ્રે છાંટવાથી પાંખવાળા જીવજંતુઓ પણ ઘરમાં ફરકતા નથી.

# વાળને સુંદર અને સિલ્કી બનાવવા હોય તો ટ્રાય કરો આ હેર કેર ટીપ્સ

**લુકનો આધાર વાળની સુંદરતા પર પણ હોય છે. જો વાળ મજબૂત અને સારી રીતે સ્ટાઈલ કરેલા હોય તો દેખાવ પણ આકર્ષક લાગે છે. વાળને સુંદર અને શાઈની બનાવવા માટે સ્ટાઈલિંગ, ટ્રીટમેન્ટની સાથે ઘરેલુ કેરની પણ જરૂર હોય છે. ત્વચાની સંભાળ જેટલી જરૂરી છે એટલી જ જરૂરી વાળની સંભાળ પણ છે. ખાસ કરીને ચોમાસામાં વાળની સંભાળ રાખવી જરૂરી હોય છે. ચોમાસામાં વાળની સંભાળ રાખશો તો વાળ સંબંધિત મોટાભાગની સમસ્યાઓ દુર થવા લાગશે. આજે તમને વાળને સુંદર અને શાઈની બનાવવા માટેની ટીપ્સ વિશે જણાવીએ. આ ટીપ્સ ફોલો કરશો તો તમે પણ તમારા વાળને સુંદર બનાવી શકો છો.**

1 જો તમે અલગ અલગ પ્રકારની સ્ટાઈલિંગ ટ્રીટમેંટ કરાવતા હોય તો એ વાતનું ધ્યાન રાખો કે તમારા વાળની કંડિશન સારી હોય. નિયમિત રીતે વાળને શેમ્પુ કરો ત્યારે કંડીશનિંગ પણ કરો. તેનાથી વાળ પર ચમક વધશે. સાથે જ વાળને મેનેજ કરવા પણ ઈઝી રહેશે.

2 થોડા થોડા સમયે વાળના છેડાને ટ્રીમ કરતાં રહેવું જોઈએ. બે મોઢાવાળા વાળ હેર લુકને બેજાન બનાવે છે. તેથી થોડા દિવસે વાળને નીચેથી થોડા ઈંચ ટુંકા કરતા રહો. તેનાથી લુક પણ સુંદર દેખાશે. 3. સુંદર અને મજબૂત વાળ માટે વાળ સંબંધિત સારી પ્રોડક્ટનો જ ઉપયોગ કરો. સસ્તી વસ્તુ અને સસ્તા ઉપકરણ વાળને ડેમેજ કરી શકે છે. તેથી સારી વસ્તુનો જ ઉપયોગ વાળ પર કરવો જોઈએ.

4 જો તમારે દિવસ દરમિયાન વધારે સમય બહાર રહેવું પડે છે તો સુનિશ્ચિત કરો કે તમારા વાળને તમે તડકાથી, ધૂળથી બચાવો. બહાર જતી વખતે ખુલ્લા વાળ ન રાખો તેનાથી વાળ ખરાબ થઈ જાશે.



# ભોજન કર્યા બાદ ગેસ-એસિડિટીથી ફૂલવા લાગે છે પેટ, તો અજમારો આ નુસ્ખો

ઘણીવાર ભોજન કર્યા બાદ લોકોને ગેસ અને એસિડિટી થવા લાગે છે, જેનાથી પેટ ફૂલી જાય છે અને ખાટા ઓડકાર આવવા લાગે છે. ગેસ અને એસિડિટીને કારણે લોકોને પેટ ફૂલવું, છાતી અને પેટમાં બળતરા જેવી ફરિયાદ થાય છે. તેવામાં લોકો ખુબ પરેશાન રહે છે. જો તમને પણ ભોજન કર્યા બાદ આ મુશ્કેલી થાય છે તો તત્કાલ આરામ મેળવવા માટે તમે જીરૂ અને અજમા (Cumin and celery for stomach) નો આ ઘરેલું નુસ્ખો જરૂર અજમાવો. જીરૂ અને અજમાનો આ નુસ્ખો ગેસ અને એસિડિટીની સમસ્યામાં તત્કાલ રાહત અપાવે છે. જીરૂ અને અજમામાં ઘણા એવા તત્વો હોય છે, જે પેટ સાથે જોડાયેલી સમસ્યાઓ જેમ કે ગેસ અને એસિડિટી માટે લાભકારી છે. તમે જીરૂ અને અજમાનું ડ્રિંક બનાવી તેનું સેવન કરી શકો છો. આ પાણીનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિ પણ મજબૂત થાય છે. પરંતુ જીરૂ અને અજમાનું પાણી પેટની સમસ્યા માટે ખુબ લાભદાયક છે. આ ડ્રિંકને પીવાથી ગેસ અને એસિડિટીની સમસ્યામાં રાહત મળે છે. જીરૂ અને અજમાનું પાણી ન માત્ર ગેસ કે એસિડિટી કંટ્રોલ કરે છે પરંતુ પેટના સોજા ઘટાડે છે અને તેની સફાઈ કરે છે. એક ચમચી જીરૂ અને એક ચમચી અજમાને એક ગ્લાસ પાણીમાં ઉકાળી લો. જ્યારે પાણી ઉકળી જાય તો તેને ઉતારી લો અને ઠંડુ થઈ ગયા બાદ પી લો. આ પાણીથી પેટના ગેસ અને એસિડિટીની સમસ્યામાં તત્કાલ રાહત મળે છે.

# દિવસ કરતાં વધારે ઉધરસ રાત્રે આવે છે ?

## તો અપનાવો આ ઘરેલુ ઉપાય , ઉધરસથી મળશે તુરંત રાહત

વરસાદી વાતાવરણના કારણે રાજ્યભરમાં શરદી, ઉધરસ અને તાવના કેસ સતત વધી રહ્યા છે. શરદી અને તાવ તો દવા કર્યા પછી મટી પણ જાય છે. પરંતુ જો ઉધરસ થઈ જાય તો દિવસો સુધી મટતી નથી. ઘણી વખત એવું પણ થાય છે કે રાત્રે અચાનક જ ઉધરસ શરૂ થઈ જાય અને તેના કારણે ઊંઘ પણ બગડે છે.

1 ગળામાં થતી બળતરા અને ખંજવાળને શાંત કરવા માટે અને ઉધરસ મટાડવા માટે મધ પીવું જોઈએ. જો ઉધરસ થઈ ગઈ હોય અને રાત્રે જ ઉધરસ વધારે આવતી હોય તો સુતા પહેલા એક ચમચી મધ પી લેવું. તેનાથી ઉધરસથી રાહત મળશે. મધ પીધા પછી પાણી પીવું નહીં.

2 આદુમાં એન્ટી ઈન્ફ્રોમેટ્રી ગુણ હોય છે જે ગળામાં આવેલા સોજાને દૂર કરવામાં મદદ કરે છે. આદુની ચા પીવાથી ઉધરસ અને ગળામાં થતી સમસ્યાથી રાહત મળે છે.

3 લસણ એન્ટી બેકટેરિયલ ગુણથી ભરપૂર હોય છે જે સંક્રમણ સામે લડવામાં મદદ કરે છે. ઉધરસ થઈ ગઈ હોય તો લસણની કળીને ચાવીને ખાઈ લેવી અથવા તો લસણને પાણીમાં ઉકાળી તેની ચા બનાવી પી લેવી.

4 હળદરમાં કર્કયુમીન નામનું તત્વ હોય છે જે એક શક્તિશાળી એન્ટી ઈન્ફ્લેટરી એજન્ટ છે. ઉધરસ માટે હળદર રામબાણ ઈલાજ સાબિત થાય છે. ઉધરસ થઈ ગઈ હોય તો હળદરવાળું ગરમ દૂધ પીવું જોઈએ. તેનાથી ગળામાં આવેલો સોજો ઉતરે છે અને ઉધરસમાં આરામ રહે છે.

5 ઉધરસ થઈ ગઈ હોય તો દિવસમાં ત્રણથી ચાર વખત હૂંફાળા પાણીમાં મીઠું ઉમેરી કોગળા કરવા જોઈએ.

6 સ્ટીમ લેવાથી પણ નાક અને ગળામાં જામેલો કફ છૂટો પડે છે. જેના કારણે ઉધરસથી પણ રાહત મળે છે. સ્ટીમ લેવાના પાણીમાં નિલગીરીનું તેલ ઉમેરી દેવું. તેનાથી ઝડપથી આરામ મળશે.

# એક ના એક પાંજરામાં સિંહ અને વાઘણ પણ કંટાળી જાય છે

ગોસીપ ને ગુજરાતી માં શું કહેવાય? પંચાત. ઘણા લોકો વાત વાતમાં બોલ્યા કરતા હોય છે કે આપણા ને નકામી પંચાત માં રસ નથી સીધી લીટી ના માણસ છીએ કોઈની પંચાત કરીએ તો ભગવાન માફ બા કરે. આમ બોલતાં બોલતા કહેશે કે ખબર છે શું થયું હતું? મારી અને તમારી વચ્ચે ની વાત છે કોઈને કાનો કાન ખબર પડવી જોઈએ નહીં. કાલ લો ગાર્ડન માં શોપિંગ કરવા ગઈ ત્યારે નજર સામે નું દ્રશ્ય નિહાળતા જ રીતસરની ચોંકી ગઈ હતી. મને તો એટલો ગુસ્સો આવ્યો ને કે વાત ના પુછો. મારા તો દ્રશ્ય નિહાળતા જ રૂવાંડા ખડા થઈ ગયા. બાપરે શું શરમ આવે વાત ના પૂછીશ. અરે!!મારા પાડોશી મિસેસ મહેતાની ભાઈ ની દીકરી,ઓળખો છો ઓળખતા જ હશો નવરાત્રી માં વાંકા ચૂકા કપડા પહેરી ને આવે છે ત્યારે મારા દીકરા નું મન એને જોતાજ આંખ બંધ કરી નાખે છે છોકરો કોનો? સંસ્કારી પરિવારનો. અંગ્રેજી મૂવી બિલકુલ જોવાની નહિ ને પીઝા બર્ગર માં રસ પડતો નથી અદલ ચહેરે મોહરે વિચારમાં, ભોજનમાં એના ડેડી જેવો છે.સાચું કહું મારો દીકરો,સારું કર્યું એના ડેડી પર મારા પર પડ્યો હોત તો અલગ જ હોત મતલબ આધુનિક વિચારસરણી ધરાવતો હોત.એની બેસ્ટ ફ્રેન્ડ ધારા અને લતા ની ફરિયાદ આંટી મિનેશ નું મન આખો દિવસ સ્માર્ટ મોબાઈલ ના પ્રોજેક્ટ માં વ્યસ્ત હોય છે કેટલું બોલો ચલ નજીક ના થિયેટર માં મૂવી જોવા જઈએ પણ મારા બેટા ને મલ્ટિપ્લેક્સ સિવાઈ મૂવી જોવાની મજા નથી આવતી..પૂછ્યું કે મિસેસ મહેતા ના ભાઈ ની દીકરી નું એવું તો શું જોયું? જેથી શરમ આવીને નજર નીચી કરવી પડી ને ગુસ્સો પણ આવ્યો. તો બોલ્યા કે આવી બધી નખરાળી ઓની આદત બોય ફ્રેન્ડ ના રૂપિયે જલસા મારવા..એલી!!એટલું તુ સમજ કે તારા કાર્તિક નું બેંક બેલેન્સ ઝીરો નક્કી કરી નાખ્યું હશે..

ત્રીસ ચાલીસ વર્ષ ની મેરીડ સ્ત્રીઓ ના ફોન નો કવરેજ એરિયા નો પ્રોજેક્ટ હાથ ધર્યો ત્યારે સમજાયું કે જીઓ કંપની સૌથી વધારે પીડિત લાંબા લગ્ન જીવન થી કંટાળેલી પરણિત સ્ત્રીઓના લીધે વધારે ચાલે છે આની પાછળ કારણ શું? એક ના એક પાંજરા માં સિંહ અને વાઘણ પણ કંટાળી જાય છે તો પતિ પત્ની નો શું વાંક? છતાંય ભારત માં દુનિયાના અન્ય દેશો ની સરખામણી માં પચાસ સાંઠ વરસ થી વધારે ચાલતા હોય છે. કેમ? સ્માર્ટ મોબાઈલ અને સ્માર્ટ મોબાઈલ પેકેજ આવ્યા બધા મોટાભાગે ૫૦ થી૬૦ વર્ષ ની સ્ત્રીઓ ની મોબાઈલ દ્વારા વાતચીત પિયર, સહેલીઓ, મમ્મી સાથે કમ સે કમ ચાર પાંચ કલાક ચાલતી હોય છે ને વાત કરવાનો વિષય પણ પતિઓ નો



પંચાત રસ

- રુપાલી દવે

ત્રાસ. મોટાભાગ ની સ્ત્રીઓ નું માનવું હોય છે કે આટલા વર્ષો થી એની સાથે જીવન નિભાવ્યું છે થોડા દિવસો માટે ક્યાં છોડવા?

ફોરેન કન્ટ્રી માં તો આવા આળસુ,થાકેલા પાકેલા આવા પતિઓની ઘર માં નો એન્ટ્રી સમજો. ભારત માં તો છૂટા છેડા નથી ફોરેન માં રહેતી હોત તો ક્યારના આપી દીધા હોત.બાપરે!! એની સવાર સવાર થી કચકચ હોય છે ને એમાં આવતા વર્ષથી નિવૃત્ત થશે એ પછી જોઈ લ્યો મજા.પણ મારા ભાઈને તો રસોઈ બનવતા આવડે છે એટલે નિવૃત્ત થઈ જશે તો પરેશાની નથી. તમારા ભાઈ ને કાળા અક્ષર ભેંસ બરાબર મતલબ ઘરના કામમાં મીંડું છે એને તો હાથ માં છરી પણ પકડતા નથી આવડતી તો શાક ક્યાંથી સમારવા ના હતા.નિવૃત્ત થતા જ માથે પડવાના છે દિવસ રાત ન્યુઝ ચેનલો ના શોર બકોર માં મારું પણ જીવવાનું ખત્મ કરી નાખશે. દીકરા નું કહેવું છે કે પપ્પા નિવૃત્ત થાય ત્યારે વિદેશ પ્રવાસ કરી આવજો.કીધું ના બાપા ના તારા પપ્પા સાથે એકલા જવું જોખમ છે એ ત્યાં પણ ફરવાની મજા ને બદલે ઝગડા ની મજા લે એવા છે. બેટા,વિદેશ પ્રવાસ તો પરિવાર સાથે જ મજા આવે.. બેત્રણ કલાક ધન ધનાધન પતિઓ ની વાટી ને પંચાત રસ થી મોબાઈલ થાક્યા બાદ તારા ભાઈ ઓફિસ થી આવતા હશે આવતાવેંત જમવાનું માંગશે. શું કરું ટિફિન ના ખાના નાનાકડા એમાં ભરી ભરીને કેટલું ભરાય? એટલે આવતાવેંત ભૂખ લાગે.. સાચી વાત છે સાચી વાત છે

પંચાત રસ માં બૈરા કે પુરુષોનું લોહી લાલ લાલ થઈને ગાલ ચમકાવતા હોય છે. મારી વાત નો ભરોસો ના પડતો હોય તો અત્યારે દુનિયા ની ન્યુઝ ચેનલો અંગ્રેજી,હિન્દી, ઉર્દૂ,ફ્રેન્ચ વગેરે



વગેરે માં ન્યુઝ એંકરો ના ચહેરા નો અભ્યાસ કરજો. આપણી બાજુ ના દેશ એ ફુલેકું ફેરવ્યું એમાં દુનિયાભર માં ઘમસાણ મચી ગયું છે. ના ના શ્રીલંકા નહિ એનું તો એકવાર ફુલેકું ફરી ગયું છે. પાકિસ્તાન નું ફુલેકું ચાઈના એ કબજે કરીને નક્કી કર્યું છે કે અત્યારે મીની ચાઈના વસાવી ને કાચે પાયે કામ કરીને રહીએ ફાવી જશે તો મિનિટ ની વાર લગાડશું નહિ. પંચાત રસ માં દુનિયા ગરમા ગરમ વડા એટલે તળે છે કે બેસી પડેલા દેશનું નથી ફુલેકું નથી ફર્યું દુનિયાના સધ્ધર દેશો માંના એક એવા “બંગલા દેશ” નું ફર્યું છે.બધા પોતપોતાની સમસ્યા ને મેડે ચડાવી ને આની પાછળ કોણ જવાબદાર છે? એ શોધવામાં લાગ્યા છે. બંગલા દેશ ના વડાપ્રધાન ના કપડા આંદોલન કારી એ પહેરી લીધા એમાં બિચારા વડા પ્રધાન ને દિલ્હી ના લાજપત નગર માં શોપિંગ કરવા આવવું પડ્યું.અત્યારે દિલ્હી થી ક્યાં પ્રયાણ કરવું એના માટે દુનિયા ના નકશા જોવા માં વ્યસ્ત છે. આ કારણોસર કોંગ્રેસ ના નેતાઓ ને થયું કે ભવિષ્ય મા સોચો “m ફોર મોદી” તો દિલ્હી નું રાજપાટ ગજવા માં લઈને ફરીશું. હજુ તો સ્વપ્નું આંખ માં હતું ત્યાં ઉત્સાહ માં પ્રેસ કોન્ફરન્સ કરીને જગ જાહેર કર્યું.બાપરે!!આમાં “એક મે ઔર એક તુ” મૂવી થિયેટર માં આવતા થિયેટર ની ચેર માં આયર્ન ની ખામી થઈ ગઈ. મૂવી નું છોડો પણ અત્યારે હમ એક એક હૈ પાર્ટી માં અંદરો અંદર ખટરાગ વધ્યો છે.પંચાત રસ મતલબ પંચાત રસ વિનેસ નું વજન વધ્યું એમાં રમત ની બહાર ફેંકાઈ ગઈ દુઃખ મા ને દુઃખ મા વિપક્ષ બોલ્યું નક્કી મોદીજી ની ચાલ લાગે છે.વિનેસ નાનું બાળક તો નથી વર્ષો થી ઓલમ્પિક રમવા જાય છે શું એને ઓલમ્પિક ના નિયમો નહતા ખબર? શું એની બેદરકારી ના આંસુઓ નો રાજકારણીઓ સહારો લઈ રહિયા છે? શું એને નહતી ખબર કે લાખો ટેક્સ પેયર ના રૂપિયા પાણી માં જશે? શું મોદીજી એ ખાધેલ લડવા થી વીનેસ નું વજન વધી ગયું છે? સમસ્યા એ નથી કે એનું વજન આટલો બધો સ્ટાફ હોવા છતાંય કેમ વધ્યું? સત્ય તો એ છે કે ફેમસ લોકોને ઓલમ્પિક જેવી રમતો માં એટલે સ્થાન આપવામાં આવે છે કે એના ખાસ વિશાળ સંખ્યા માં ફેનસ્ હોય છે.સરકાર એ આ ઉદાહરણ પરથી સમજવું પડશે કે નવા રમત વિરો પર ધ્યાન આપીને એને ઓલમ્પિક જેવી રમતો માટે ચાન્સ આપે..ચાલો પંચાત રસ નો ક્વોટા પૂરો નવું નવા એપિસોડ માં લખશું.

# રડતા પત્રકારને જોઈને શાહરુખ ખાનનું દિલ પીગળ્યું...

## રોશમિલાએ કહ્યું, 'છેલ્લી બસ ચૂકી જતા એક્ટરે મોડી રાત્રે પોતાની કાર મોકલી'



(એજન્સી) મુંબઇ । તા. 08

બોલિવૂડ એક્ટર શાહરુખ ખાન તેની એક્ટિંગની સાથે સાથે તેના ક્યૂટ હાવભાવ માટે પણ જાણીતો છે. તે પોતાના કેરિંગ સ્વભાવથી ઘણા લોકોના દિલ જીતી લે છે. હાલમાં જ યુટ્યુબર ઈશાન વર્માને આપેલા એક ઈન્ટરવ્યૂમાં પીઢ ફિલ્મ પત્રકાર રોશમિલા ભટ્ટાચાર્યએ શાહરુખના આ હાવભાવનો ઉલ્લેખ કર્યો હતો. રોશમિલાએ જણાવ્યું કે 90ના દાયકામાં જ્યારે કેબ અને મોબાઈલ ફોન નહોતા ત્યારે શાહરુખે તેને મોડી રાત્રે ઘરે પહોંચવામાં મદદ કરી હતી.
રોશમિલાએ કહ્યું, 'મેં ઘણી વખત શાહરુખનો ઈન્ટરવ્યૂ લીધો છે પરંતુ એક ઘટના તમને એક વાર કહું. તે 90નો દશક હતો. હું ફિલ્મ સિટીમાં હતી. શાહરુખ ત્યાં શૂટિંગ કરી રહ્યો હતો અને જ્યારે પણ તેને બ્રેક મળતો ત્યારે તે મને ઈન્ટરવ્યૂ આપતો હતો. તે દિવસોમાં હું વાશીમાં રહેતી હતી અને તે સમયે વાશી સુધી કોઈ લોકલ ટ્રેન દોડતી નહોતી. ત્યાં માત્ર બસો હતી, છેલ્લી બસ રાત્રે 11:30 વાગ્યે ઉપડતી હતી. હું તે બસ ચૂકી ગઈ હતી અને મારી પાસે મોબાઈલ ફોન પણ નહોતો. મારા પતિ ઘરે મારી રાહ જોતા હતા. રોશમિલાએ આગળ કહ્યું- 'તે સમયે હું 24 કે 25 વર્ષની હતી અને રડવા લાગી હતી. જ્યારે શાહરુખે મારી સમસ્યા જોઈ તો તેમણે પૂછ્યું કે શું થયું? મેં કહ્યું કે હું મારી છેલ્લી બસ ચૂકી ગઈ હતી અને હવે હું વિચારતી હતી કે હું રાત ક્યાં વિતાવીશ?
તે દિવસોમાં વાશી સુધી ટેક્સી મેળવવી લગભગ અશક્ય હતી. આ બધું સાંભળ્યા પછી શાહરુખે કહ્યું, ચિંતા ન કરો, હું મારી કાર મોકલીશ. આ પછી, શાહરુખે તેના ડ્રાઈવર અને કારને મોકલી અને રોશમિલાને સેટથી 37 કિમી દૂર તેના ઘરે ડ્રોપ કરી હતી. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો શાહરુખની આગામી ફિલ્મ કિંગ છે જેમાં તે પુત્રી સુહાના સાથે જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન સુજોય ઘોષ કરી રહ્યા છે. તેમાં અભિષેક બચ્ચન પણ લીડ રોલમાં જોવા મળશે.

# આદિત્ય સાથે બ્રેકઅપ બાદ અનન્યા ફરી પ્રેમમાં



(એજન્સી) મુંબઇ । તા. 08

આદિત્ય રોય કપૂર સાથે બ્રેકઅપ બાદ અનન્યા પાંડે ફરી પ્રેમમાં પડી ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ દિવસોમાં તે પૂર્વ મોડલ વોકર બ્લેન્કોને ડેટ કરી રહી છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના બીજા પ્રી-વેડિંગ દરમિયાન ક્રૂઝ પાર્ટી દરમિયાન બંનેની મુલાકાત થઈ હતી.
ટૂંક સમયમાં જ બંને મિત્રો બની ગયા. આ પછી બંને એકબીજાને ડેટ કરવા લાગ્યા. વોકર છેલ્લા કેટલાક સમયથી જામનગરમાં છે અને અંબાણી પરિવારના વંતારા એનિમલ પાર્કમાં કામ કરે છે.
બોમ્બે ટાઈમ્સના રિપોર્ટ મુજબ અનન્યાએ અનંતના લગ્નમાં વોકરને તેના જીવનસાથી તરીકે રજૂ કર્યો હતો. તે વોકર સાથે તેમની નિકટતા પણ છુપાવી રહી નથી. જો સૂત્રોનું માનીએ તો, બંનેએ લગ્નમાં ઘણા રોમેન્ટિક ગીતો પર જુસ્સાથી ડાન્સ કર્યો હતો, જોકે તેમના સંબંધોને સત્તાવાર બનાવવા માટે હજુ સમય છે.

### આદિત્ય અને અનન્યાનું બ્રેકઅપ માર્ચમાં થયું હતું

અનન્યાની લવ લાઈફ હંમેશા ચર્ચામાં રહી છે. અગાઉ તે અભિનેતા ઈશાન ખટ્ટર સાથે રિલેશનશિપમાં હતી પરંતુ લગભગ દોઢ વર્ષ સુધી ડેટિંગ કર્યા બાદ બંનેનું બ્રેકઅપ થઈ ગયું. આ પછી અનન્યાની આદિત્ય રોય કપૂર સાથે નિકટતા વધી પરંતુ આ સંબંધ પણ લાંબો સમય ટકી શક્યો નહીં.

# ભીડથી ઘેરાયેલા પ્રાણે કહ્યું, 'મારી સાથે દુર્વ્યવહાર થશે'



## વિલનની ઈમેજથી દીકરી નાખુશ હતી,એક્ટરને કહ્યું, 'તમે સારા રોલ કેમ નથી કરતા?'

(એજન્સી) મુંબઇ । તા. 08

400થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા પ્રાણની ગણતરી બોલિવૂડના બેસ્ટ વિલનમાં કરવામાં આવે છે. 50 અને 80ના દાયકાની વચ્ચે તેમણે ઘણી ફિલ્મોમાં એવા રોલ ભજવ્યા કે લોકો તેમને અસલી જીવનમાં પણ વિલન માનવા લાગ્યા.
રિયલ લાઈફમાં પ્રાણની ઈમેજ એટલી ખરાબ થઈ ગઈ હતી કે તેમને પોતે જ ડર લાગવા લાગ્યો કે જો તે કોઈ જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે તો લોકો તેની સાથે દુર્વ્યવહાર કરશે. પ્રાણની દીકરીએ પણ તેમને પોતાની ઈમેજ બદલવાનું કહ્યું હતું.
હાલમાં પોડકાસ્ટ 'ઈન કન્વર્સેશન વિથ ઈશાન'માં પીઢ પત્રકાર રોશમિલા ભટ્ટાચાર્યએ પ્રાણ વિશે વાત કરતી વખતે કેટલીક રસપ્રદ વાર્તાઓ સંભળાવી.
તેમણે કહ્યું કે પ્રાણની પુત્રી તેમના પિતાની ઓન-સ્ક્રીન બેડમેન ઈમેજથી નારાજ હતી. દીકરીએ પ્રાણને કહ્યું હતું કે, મારા સહાધ્યાયી મને કહે છે કે તારા પિતા વિલન છે. કૃપા કરીને તમારી છબી બદલવા માટે સારી ભૂમિકાઓ કરો. તમે સારા રોલ કેમ નથી કરતા?
રોશમિલાએ વધુમાં કહ્યું કે આ દરમિયાન પ્રાણે મનોજ કુમારની ફિલ્મ 'ઉપકાર' સાઈન કરી હતી જેમાં તેમણે મલંગ ચાચાની ભૂમિકા ભજવી હતી. આ પાત્ર પછી પ્રાણની ઈમેજ ઘણી બદલાઈ ગઈ હતી અને લોકો તેને પોઝીટીવ કેરેક્ટરમાં પણ પસંદ કરવા લાગ્યા હતા.

### પ્રાણ ભીડથી ઘેરાઈ જતાં ડરી ગયો હતો

રોશમિલા ભટ્ટાચાર્યએ પ્રાણ સાથે જોડાયેલી બીજી ઘટના જણાવતા કહ્યું કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલ એક વ્યક્તિના લગ્ન હતા જેમાં પ્રાણ સાહેબે પણ હાજરી આપી હતી. ત્યાં ઘણી ભીડ હતી અને વ્યક્તિએ થોડી દૂર કાર પાર્ક કરીને સ્થળ પર જવાનું હતું.
જ્યારે પ્રાણ સાહેબ ચાલવા લાગ્યા ત્યારે તેમણે મને કહ્યું, મને ડર લાગવા લાગ્યો કે આ લોકો મારી સાથે દુર્વ્યવહાર કરવા લાગશે. જ્યારે ટોળાએ પ્રાણને જોયા ત્યારે થોડીવાર મૌન છવાઈ ગયું અને પછી એક વ્યક્તિએ કહ્યું, મલંગ કાકા આવી રહ્યા છે. મેં જોયું કે આખું ટોળું આપોઆપ પાછું ખસી ગયું અને પ્રાણ સાહેબ માટે રસ્તો કાઢ્યો. આ જોઈને પ્રાણ સાહેબે મને કહ્યું, તે દિવસે મને જે સન્માન મળ્યું તેનાથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે જે પણ પાત્ર ભજવે છે, તે હીરો હોય કે વિલન, દર્શકો માટે તું સમાન બની જાય છે.

### 2013માં અવસાન થયું

60 અને 70ના દાયકાની હિટ ફિલ્મોમાં પ્રાણ ન હોય એ શક્ય નહોતું. પોતાની કારકિર્દીના શિખર પર, પ્રાણ તે સમયના હીરો અમિતાભ અને શત્રુઘ્ન સિન્હા કરતાં વધુ ચાર્જ લેતા હતા. 1998માં 78 વર્ષની ઉંમરે પ્રાણને હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી તેણે ફિલ્મોમાં કામ ન કરવાનો નિર્ણય લીધો. પરંતુ, બિગ બીની વિનંતી પર તેમણે તેરે મેરે સપને (1996) અને મૃત્યુદાતા (1997)માં કામ કર્યું.

# મૃણાલ કોહલીના ગળાડૂબ પ્રેમમાં હતી:સોશિયલ મીડિયા પર જૂના ઇન્ટરવ્યૂની ચર્ચા, એક્ટ્રેસે કહ્યું, 'આ બંધ કરો'



(એજન્સી) મુંબઇ । તા. 08

આ દિવસોમાં મૃણાલ ઠાકુર એક જૂના ઈન્ટરવ્યૂને કારણે સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. જેમાં તેમણે ફિલ્મ 'જર્સી'ના પ્રમોશન દરમિયાન ક્રિકેટર વિરાટ કોહલી વિશે નિવેદન આપ્યું હતું. એક્ટ્રેસે આ કમેન્ટ ઈન્સ્ટન્ટ બોલિવૂડ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવી હતી. તે ઈચ્છતી ન હતી કે આ મામલો લાઈમલાઈટમાં આવે. તો તેમણે પોસ્ટના કમેન્ટ બોક્સમાં જઈને લખ્યું કે સ્ટોપ ઈટ.
2022માં મૃણાલ ઠાકુરે શાહિદ કપૂર સાથે ફિલ્મ 'જર્સી'માં કામ કર્યું હતું. આ ફિલ્મમાં શાહિદ કપૂરે ક્રિકેટરની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મના પ્રમોશન દરમિયાન મૃણાલે કહ્યું હતું કે તે ક્રિકેટર વિરાટ કોહલીના પ્રેમમાં પાગલ છે. તેમના આ ઈન્ટરવ્યૂની ફરીવાર સોશિયલ મીડિયા પર ચર્ચા થવા લાગી છે. અભિનેત્રી તેના વિશે ફરીથી સાંભળવા અને વાંચવા માગતી નથી.
મૃણાલ ઠાકુરે ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે એક સમય હતો જ્યારે તે વિરાટ કોહલીના પ્રેમમાં પાગલ હતી. ભાઈને ક્રિકેટનો બહુ શોખ છે. તે વિરાટનો મોટો ફેન છે. તેના કારણે મેં ક્રિકેટ જોવાનું શરૂ કર્યું. એકવાર તે વાદળી રંગની જર્સી પહેરીને ભારતીય ટીમની મેચ જોવા સ્ટેડિયમમાં ગઈ હતી. આ પછી તે ક્રિકેટ આધારિત ફિલ્મ 'જર્સી'નો પણ ભાગ બન્યો.
મૃણાલના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે 'કલ્કી 2898 એડી'માં કેમિયો કરતી જોવા મળી હતી. આ પહેલાં તે વિજય દેવરાકોંડાની ફિલ્મ 'ધ ફેમિલી સ્ટાર'માં જોવા મળી હતી, જે સફળ રહી ન હતી. મૃણાલ ફિલ્મ 'સન ઓફ સરદાર 2'માં પણ જોવા મળશે.

# રિશીએ પિતા રાજ કપૂરના અફેર પર વાત કરી હતી : કહ્યું હતું, 'આ માત્ર ઈતિહાસનો એક ભાગ હતો, અમને આ વાતથી શરમ પણ નથી'

(એજન્સી) મુંબઇ । તા. 08

દિવંગત અભિનેતા રાજ કપૂરનું નરગીસ દત્ત સાથે અફેર હતું. જો કે, તેમના સંબંધો પૂર્ણ થઈ શક્યા ન હતા. બાદમાં નરગીસે એક્ટર સુનીલ દત્ત સાથે લગ્ન કર્યા.
રિશી કપૂરે એક જૂના ઈન્ટરવ્યૂમાં પિતાના આ અફેર વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેમનો અફેર ઈતિહાસનો હિસ્સો છે અને તેમાં કોઈને શરમ નથી.
'આપ કી અદાલત'ના જૂના એપિસોડમાં દિવંગત અભિનેતા રિશી કપૂર મહેમાન તરીકે પહોંચ્યા હતા. શોના હોસ્ટે તેને પિતા રાજ કપૂર અને નરગીસ વચ્ચેના અફેર વિશે પૂછ્યું હતું. તેમના પર એક્ટરે કહ્યું- અમે એ વાતનું સન્માન કરીએ છીએ કે ફિલ્મમેકર કામ કરતી વખતે કોઈની સાથે મિત્રતા કરે છે. કેટલીકવાર આ મિત્રતા કંઈક અલગ જ બની જાય છે. અમે સર્જનાત્મક ક્ષેત્રમાં કામ કરીએ છીએ. અમે એકબીજા પાસેથી પ્રેરણા લઈએ છીએ. અમને એકબીજા પર વિશ્વાસ છે. છેવટે આપણે માણસો છીએ અને માણસો ફક્ત અન્ય મનુષ્યોને જ પ્રેમ કરશે. ક્યારેક પરિણીત લોકો સાથે પણ અકસ્માત થાય છે. મને લાગે છે કે તે જીવનનો એક ભાગ છે. રિશી કપૂરે પોતાના પુસ્તકમાં પિતા રાજ કપૂરના અફેરનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે લખ્યું હતું કે જ્યારે રાજ કપૂર વૈજયંતિમાલા સાથે સંકળાયેલા હતા ત્યારે તેમની માતાએ વાંધો ઉઠાવ્યો હતો કારણ કે તેમણે અગાઉ નરગીસ સાથેના અફેરનો સામનો કર્યો હતો.
એક્ટરે કહ્યું, હું ઘણો નાનો હતો, જ્યારે મારા પિતાનું નરગીસ જી સાથે અફેર હતું. આ કારણથી મને તેમની બહુ અસર ન થઈ. મને યાદ પણ નથી કે ઘરમાં કંઈ ખોટું થયું હોય.

# અરશદ વારસીએ એક્ટર્સની વધેલી ફી પર વાત કરી

## કેટલાક સ્ટાર્સે ઓવરપેઇડ, તેનાથી ઈન્ડસ્ટ્રીમાં વિભાજન થાય છે, લોકો પરેશાન થાય



**કેટલાક કલાકારોની વધેલી ફીએ ઇન્ડસ્ટ્રીમાં A અને B વચ્ચેની લાઇન ખેંચી છે. અરશદ વારસીએ વધુમાં કહ્યું, આ સ્થિતિ ઉદ્યોગમાં કલાકારો વચ્ચે વિભાજન બનાવે છે, જે આર્થિક રીતે ભાગ્યશાળી ન હોય તેવા લોકો પર પ્રતિકૂળ અસર કરે છે.**

(એજન્સી) મુંબઇ । તા. 08

છેલ્લા કેટલાક સમયથી ઈન્ડસ્ટ્રીમાં બિનજરૂરી માંગણીઓ અને એક્ટર્સની વધેલી ફી અંગે ચર્ચા ચાલી રહી છે. હવે અરશદ વારસીએ પણ આ મુદ્દે પોતાનો મત વ્યક્ત કર્યો છે. અરશદે કલાકારો વચ્ચે ફીની અસમાનતા વિશે વાત કરી છે. તે કહે છે કે કેટલાક સ્ટાર્સને વધારે પગાર આપવામાં આવે છે.
સમદીશ ભાટિયાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં અરશદ વારસીએ ઈન્ડસ્ટ્રીમાં મળતી ફીના તફાવત અંગે પોતાની પ્રતિક્રિયા આપી છે. એક્ટરે કહ્યું- મને લાગે છે કે જે પ્રાપ્ત થઈ રહ્યું છે તે એટલું ન હોવું જોઈએ. કેટલાક કલાકારોની વધેલી ફીએ ઈન્ડસ્ટ્રીમાં A અને B વચ્ચેની લાઈન ખેંચી છે. અરશદ વારસીએ વધુમાં કહ્યું, આ સ્થિતિ ઉદ્યોગમાં કલાકારો વચ્ચે વિભાજન બનાવે છે, જે આર્થિક રીતે ભાગ્યશાળી ન હોય તેવા લોકો પર પ્રતિકૂળ અસર કરે છે. કેટલાક કલાકારો એવા છે જેઓ વધુ પૈસા કમાઈ રહ્યા છે અને બાકીના તેમને ચૂકવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અરશદ વારસી એક એવો એક્ટર છે જેણે ત્રણ દાયકાથી વધુની કારકિર્દીમાં 'મુન્નાભાઈ MBBS', 'ગોલમાલ' અને 'ઈશ્કિયા' જેવી ઘણી ફિલ્મોમાં યાદગાર પાત્રો ભજવ્યા છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો 'જોલી એલએલબી 3' સિવાય અરશદ વારસી 'વેલકમ ટુ ધ જંગલ'માં જોવા મળશે.



# આયુષ્માનએ સની દેઓલની 'બોર્ડર 2'ને અલવિદા કહ્યું

## રોલથી સહેજ પણ ખુશ નહતો, હવે દિલજીત દોસાંજને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી શકે છે

(એજન્સી) મુંબઇ । તા. 08

1997માં રિલીઝ થયેલી મલ્ટિસ્ટારર ફિલ્મ 'બોર્ડર' જબરદસ્ત હિટ રહી હતી, તેની સિક્વલ ફિલ્મ 'બોર્ડર 2'ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મમાં સની દેઓલ સાથે આયુષ્માન ખુરાના હોવાના રિપોર્ટ હતા, જો કે તાજેતરના અહેવાલો અનુસાર, આયુષ્માન ખુરાનાએ ફિલ્મ છોડવાનો નિર્ણય લીધો છે.
આયુષ્માન ખુરાના હવે સની દેઓલ સાથે 'બોર્ડર 2' માં કામ કરવા નથી માગતો. આ ફિલ્મમાં આયુષ્માન ખુરાનાને આર્મી સૈનિકનો રોલ આપવામાં આવ્યો હતો. આયુષ્માન ખુરાના અને 'બોર્ડર 2'ના નિર્માતા આ સહયોગથી ખૂબ જ ખુશ હતા. જો કે, સમય જતાં આયુષ્માન ખુરાનાને સની દેઓલ સાથે સહાયક ભૂમિકા ભજવવા અંગે શંકા થવા લાગી. આ જ કારણ છે કે તેમણે ફિલ્મ છોડવાનો નિર્ણય લીધો છે.
એવા પણ અહેવાલો છે કે આયુષ્માન ખુરાનાની ફિલ્મમાંથી નીકળી ગયા બાદ હવે તેનું સ્થાન દિલજીત દોસાંજને આપવામાં આવી શકે છે.



દિલજીત દોસાંજને ફિલ્મના મેકર્સ તરફથી ઓફર મળી છે.
એક્ટર સની દેઓલે જૂન 2024માં 'બોર્ડર' ફિલ્મની 27મી વર્ષગાંઠ પર 'બોર્ડર 2' ની જાહેરાત કરી હતી. પોસ્ટમાં તેમણે લખ્યું છે કે, એક સૈનિક પોતાનું 27 વર્ષ જૂનું વચન પૂરું કરવા ફરી આવી રહ્યો છે. ભારતની સૌથી મોટી યુદ્ધ ફિલ્મ 'બોર્ડર 2'.
સની દેઓલે જણાવ્યું કે ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તા સંયુક્ત રીતે ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે, જ્યારે અનુરાગ સિંહ તેનું નિર્દેશન કરશે.
વર્ષ 1997માં રિલીઝ થયેલી 'બોર્ડર' બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. જેપી દત્તાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ ભારત-પાક યુદ્ધ પર આધારિત હતી. આ ફિલ્મમાં સની દેઓલ, સુનીલ શેટ્ટી, જેકી શ્રોફ, અક્ષય ખન્ના, પુનીત ઈસાર જેવા ઘણા મોટા કલાકારો હતા. 10 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે 1997માં 65 કરોડ રૂપિયાનું બોક્સ ઓફિસ કલેક્શન કર્યું હતું.

# ડિસક્વોલિફિકેશન પછી વિનેશ ફોગાટે કુસ્તીમાંથી નિવૃત્તિ લીધી

## હું હારી, કુસ્તી જીતી....: સિલ્વર મેડલ માટે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સમાં અપીલ કરી



(એજન્સી) પેરિસ તા 08

ભારતીય રેસલર વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિકમાં ડિસક્વોલિફાઈ થયા પછી કુસ્તીમાંથી સંન્યાસનું એલાન કરી દીધું છે. સવારે 5.17 મિનિટ પર X પર એક પોસ્ટમાં લખ્યું, " મા, કુસ્તી મારાથી જીતી ગઈ, હું હારી ગઈ. માફ કરજો આપનું સપનું, મારી હિંમત બધું તૂટી ગયું. આનાથી વધુ તાકાત નથી રહી હવે. અલવિદા કુસ્તી 2001-202, આપ સૌની હંમેશા ઋણી રહીશ માફી." જો કે, નિવૃત્તિની જાહેરાત કરતા પહેલા, તેણે બુધવારે રાત્રે પોતાની ગેરલાયકાત સામે અપીલ દાખલ કરી હતી. તેઓએ કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ પાસે માંગ કરી હતી કે તેમને સંયુક્ત રીતે સિલ્વર મેડલ આપવામાં આવે. વિનેશે પહેલા ફાઈનલ રમવાની માંગ પણ કરી હતી. પરંતુ તેઓએ તેમની અપીલ બદલી અને હવે સંયુક્ત રીતે સિલ્વર આપવાની માંગ કરી. 7 ઓગસ્ટના રોજ, વિનેશનું વજન તેની નિર્ધારિત 50 કિલોગ્રામની શ્રેણી કરતાં 100 ગ્રામ વધુ હોવાનું બહાર આવ્યું. આ પછી ઓલિમ્પિક એસોસિએશને તેણીને ફ્રી સ્ટાઈલ મહિલા કુસ્તી માટે અયોગ્ય જાહેર કરી. ઓલિમ્પિકમાંથી બહાર થયા બાદ વિનેશની તબિયત બગડી હતી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે કોચ વિજય દહિયા તેને મળવા આવ્યા ત્યારે વિનેશે તેને કહ્યું - 'તે ખરાબ નસીબ હતું કે અમે મેડલ ગુમાવી દીધા, પરંતુ આ રમતનો એક ભાગ છે.'

### અમે આને સતત અપડેટ કરી રહ્યા છીએ...

ભારતીય ઓલિમ્પિક ટીમના ડૉક્ટર દિનશા પૌડીવાલાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે વિનેશ અને તેના કોચને 6 ઓગસ્ટની રાત્રે જ તેના વધારાના વજન વિશે જાણ થઈ. આ પછી, વિનેશ આખી રાત ઊંઘી ન હતી અને તેનું વજન નિર્ધારિત શ્રેણીમાં લાવવા માટે જોગિંગ, સ્કિપિંગ અને સાયકલ ચલાવવા જેવી કસરતો કરતી રહી. ડોક્ટર પૌડીવાલાએ જણાવ્યું કે વિનેશે તેના વાળ અને નખ પણ કાપી નાખ્યા હતા. તેના કપડા પણ નાના કરવામાં આવ્યા હતા. આમ છતાં તેનું વજન ઘટ્યું ન હતું. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય ટીમે વિનેશને થોડો વધુ સમય આપવાની માંગ કરી હતી, પરંતુ તેમની માંગ સાંભળવામાં આવી ન હતી.

**ડોક્ટરે કહ્યું- વજન ઘટાડવા માટે આખી રાત કસરત કરતા રહી :** વિનેશનો આ ફોટો પણ સોશિયલ મીડિયા પરથી લેવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે આખી રાત કસરત દ્વારા વજન ઘટાડવાનો પ્રયાસ કરતી રહી. વિનેશનો આ ફોટો પણ સોશિયલ મીડિયા પરથી લેવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે આખી રાત કસરત દ્વારા વજન ઘટાડવાનો પ્રયાસ કરતી રહી.ઓલિમ્પિક ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ વિનેશ 3 મેચ જીતીને 50 કિગ્રા કુસ્તી ઓલિમ્પિકની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ બની હતી. તેણીએ સેમિફાઈનલમાં ક્યુબાના કુસ્તીબાજ ગુઝમેન લોપેઝને, ક્વાર્ટર ફાઈનલમાં યુક્રેનની ઓક્સાના લિવાચ અને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં વિશ્વ ચેમ્પિયન જાપાનની યુઈ સુસાકીને 3-2થી હરાવ્યા હતા. પેરિસ ઓલિમ્પિક સિલેક્શન ટ્રાયલ્સને લઈને ઘણો હોબાળો થયો હતો.

### IOAએ કહ્યું- આખી રાત પ્રયાસો છતાં વજન થોડા ગ્રામ વધુ રહ્યું

ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA) એ કહ્યું- તે ખૂબ જ અફસોસજનક છે કે વિનેશ ફોગાટ વધુ વજન હોવાના કારણે મહિલા કુશ્તીની 50 કિગ્રા કેટેગરીમાં અયોગ્ય છે. આખી રાત પ્રયત્નો કરવા છતાં, સવારે તેનું વજન 50 કિલો કરતાં થોડા ગ્રામ વધુ હોવાનું જણાયું હતું. અમે તમને વિનેશની ગોપનીયતાનો આદર કરવા વિનંતી કરીએ છીએ. ભારતીય ટીમ આ અંગે વધુ ટિપ્પણી કરશે નહીં. અમે આગામી સ્પર્ધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ.ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા પેરિસની હોસ્પિટલમાં દાખલ વિનેશ ફોગાટ સાથે મુલાકાત કરી.

**PMએ સોશિયલ મીડિયા પર લખ્યું- વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છો. :** આ પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું- વિનેશ, તું ચેમ્પિયન ઓફ ચેમ્પિયન છે. તમે ભારતના લોકો માટે ગૌરવ અને પ્રેરણા છો. આજના આઘાતથી દુઃખ થાય છે. હું ઈચ્છું છું કે હું અનુભવી રહ્યો છું તે નિરાશાની લાગણી શબ્દો વ્યક્ત કરી શકે. હું જાણું છું કે તમે પડકારોનો હિંમતપૂર્વક સામનો કરશો, આવો તમારો સ્વભાવ રહ્યો છે. મજબૂત પાછા આવો. અમે બધા તમારી સાથે છીએ. વિનેશ એ જ કુસ્તીબાજ છે જેણે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના ભૂતપૂર્વ અધ્યક્ષ બીજેપી સાંસદ બ્રજ ભૂષણ સિંહ વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું હતું. પેરિસ ઓલિમ્પિક સિલેક્શન ટ્રાયલ્સને લઈને ઘણો હોબાળો થયો હતો. કુસ્તીબાજ અંતિમ પંઘલની પસંદગીને કારણે, વિનેશે તેની મૂળ 53 કિલો વજનની શ્રેણી છોડી દેવી પડી અને તેનું વજન ઘટાડીને 50 કિલોગ્રામની શ્રેણી કરી.

## રાહુલ ટીમ ઈન્ડિયામાંથી બહાર



(એજન્સી) શ્રીલંકા તા 08

શ્રીલંકા સામેની ત્રીજી વનડેમાં ટીમ ઈન્ડિયાએ કેએલ રાહુલને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી દીધો હતો. કેએલ રાહુલ છેલ્લી બે મેચમાં ખરાબ રીતે નિષ્ફળ રહ્યો હતો, ત્યારબાદ રોહિત શર્મા અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે અંતિમ વનડે મેચમાં આ મોટો નિર્ણય લીધો હતો. શ્રીલંકા સામેની ત્રીજી T20માં ભારતીય ટીમે એક એવો નિર્ણય લીધો છે જે ખરેખર આશ્ચર્યજનક છે. ટીમ ઈન્ડિયાએ તેની પ્લેઈંગ ઈલેવનમાંથી બે મોટા ખેલાડીઓને બાકાત રાખ્યા છે. જેમાં એક નામ કેએલ રાહુલનું છે. કેએલ રાહુલની જગ્યાએ ટીમ ઈન્ડિયાએ રિષભ પંતને તક આપી અને તેની સાથે અર્શદીપ સિંહને પણ બહાર કરી દેવામાં આવ્યો, તેની જગ્યાએ રિયાન પરાગને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. જેની આ ડેબ્યુ મેચ હશે. કેએલ રાહુલને પ્લેઈંગ ઈલેવનમાંથી બાકાત રાખવાનો નિર્ણય ખૂબ જ વિચિત્ર છે. કારણ કે તેણે પ્રથમ વનડેમાં સારી બેટિંગ કરી હતી, જોકે ટીમ ઈન્ડિયા તે મેચ જીતી શકી નહોતી. બીજી વનડેમાં તે ફ્લોપ રહ્યો હતો પરંતુ મોટી વાત એ છે કે તેને સાતમા નંબર પર બેટિંગ કરવા માટે આવ્યો હતો. એટલું જ નહીં, ટીમ ઈન્ડિયાએ તેના સ્ટ્રાઈક બોલર અર્શદીપ સિંહને પડતો મૂક્યો, જે છેલ્લી બે મેચમાં મોંઘો સાબિત થયો હતો. ટીમ ઈન્ડિયા ત્રીજી T20માં માત્ર એક ઝડપી બોલર મોહમ્મદ સિરાજ સાથે મેદાનમાં ઉતરી હતી.

## વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ માત્ર 1 કિગ્રાના અંતરથી મેડલ ચૂકી:ચોથા નંબરે રહી હતી

(એજન્સી) પેરિસ તા 08

ભારતીય વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ પેરિસ ઓલિમ્પિકમાં મેડલ જીતવામાં નિષ્ફળ રહી હતી. તે વેઈટલિફ્ટિંગની 49 કિગ્રા વર્ગમાં ચોથા સ્થાને રહી હતી. દરમિયાન, અવિનાશ સાબલે 3000 મીટર સ્ટીપલચેઝ રેસમાં 11મું સ્થાન મેળવ્યું હતું. ટોકિયો ઓલિમ્પિક્સની સિલ્વર મેડલ વિજેતા મીરાબાઈએ કુલ 199 કિલો વજન ઉપાડ્યું અને ચોથા સ્થાને રહી. ચીનની હુ જિહુઈએ 206 કિલો વજન ઉઠાવીને ઓલિમ્પિક રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો હતો. રોમાનિયાની મિહાએલા વેલેન્ટિનાએ (205 કિગ્રા) સિલ્વર અને થાઈલેન્ડની ખામ્બાઓ સુલોચનાએ 200 કિગ્રા વજન ઉઠાવીને બ્રોન્ઝ જીત્યો હતો. આમ, મીરાબાઈ ચાનુ માત્ર 1 કિગ્રાના અંતર સાથે મેડલ ચૂકી ગઈ હતી.

અહીં, સ્ટીપલચેઝમાં, અવિનાશે 8:14.18 મિનિટમાં રેસ પૂરી કરી અને 11મું સ્થાન મેળવ્યું. મોરોક્કોના અલ બકાલી સોફિને 8:06.05ના સમય સાથે ગોલ્ડ જીત્યો.



### વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ ચોથા ક્રમે રહી


મીરાબાઈ ચાનુ કુલ 199 કિગ્રા (88 કિગ્રા સ્નેચ + 111 કિગ્રા ક્લીન એન્ડ જર્ક) સાથે ચોથા સ્થાને રહી. મીરાબાઈ ચાનુએ સ્નેચ રાઉન્ડમાં પ્રથમ પ્રયાસમાં 85 કિલો વજન ઉપાડીને સ્પર્ધાની શાનદાર શરૂઆત કરી હતી. જો કે, તેના બીજા પ્રયાસમાં તે 88 કિલો વજન ઉપાડવામાં અસમર્થ રહી, પરંતુ ત્રીજા પ્રયાસમાં તેણે સફળતાપૂર્વક આ વજન ઉપાડ્યું. ભારતીય મહિલા ટેબલ ટેનિસ ટીમ ક્વાર્ટર ફાઈનલમાં હારી ગઈ હતી કેટેગરીમાં અંતિમ પંઘાલનો પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પરાજય થયો હતો.

**ભારતીય એથ્લેટ અવિનાશ સાબલે મેડલ જીતવામાં નિષ્ફળ :** પુરુષોની 3000 મીટર સ્ટીપલ ચેઝની ફાઈનલમાં ભાગ લેનાર અવિનાશ સાબલે આ રેસમાં 11મું સ્થાન મેળવ્યું હતું. ભારતીય સ્ટાર એથ્લેટે પોતાની રેસ 8:14.18 મિનિટમાં પૂરી કરી હતી. મોરોક્કોના સુફયાન અલ બક્કાલીએ ફરી એકવાર ગોલ્ડ મેડલ જીત્યો. બક્કાલીએ ગત ઓલિમ્પિકમાં પણ ગોલ્ડ જીત્યો હતો અને સતત બીજી વખત ગોલ્ડ જીતનાર પ્રથમ પુરુષ એથ્લેટ બન્યો હતો. તેણે તેની રેસ 8:06.05 મિનિટમાં પૂરી કરી. અમેરિકાના કેનેથ રૂક્સે સિલ્વર મેડલ અને કેન્યાના અબ્રાહમ કિબીવોટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતનો સ્ટાર એથ્લેટ અવિનાશ સાબલે 3000 મીટર સ્ટીપલ ચેઝની ફાઈનલમાં 11મા સ્થાને રહ્યો હતો. આ સિવાય એથ્લેટિક્સની ટ્રિપલ જમ્પ ઈવેન્ટમાં ભારતના પ્રવીણ ચિત્રવેલ અને અબ્દુલ્લા નારંગોલિંટેવિડા ફાઈનલમાં પહોંચી શક્યા ન હતા.

## મેચ ફિક્સિંગ પર ICCની મોટી કાર્યવાહી, બે ખેલાડીઓ પર 5 વર્ષનો પ્રતિબંધ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી તા 08

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ફરી એકવાર ફિક્સિંગને લઈને મોટી કાર્યવાહી કરી છે. ICCએ બે ખેલાડીઓ પર 5 વર્ષ માટે ક્રિકેટ સંબંધિત તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો છે. એક ક્રિકેટર ICC ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાની કલમ 2.1.1નો ભંગ કરવા બદલ દોષિત ઠર્યો છે. ક્રિકેટ જગતમાં ફરી એકવાર ફિક્સિંગનો મામલો સામે આવ્યો છે. આશ્ચર્યજનક વાત એ છે કે એક સાથે બે અલગ-અલગ લીગમાં ફિક્સિંગના કારણે ICCએ મોટી કાર્યવાહી કરી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટર સિવાય ICCએ પાકિસ્તાનના ભૂતપૂર્વ ખેલાડી પર 5 વર્ષનો પ્રતિબંધ લગાવ્યો છે. આ બંને કિસ્સા કાબુલ પ્રીમિયર લીગ અને અબુ ધાબી T10 લીગથી પ્રકાશમાં આવ્યા છે.ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે મેચ ફિક્સિંગના આરોપમાં અફઘાનિસ્તાનના ટોપ ઓર્ડર બેટ્સમેન ઈહસાનુલ્લાહ જનાત પર 5 વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે. આ વર્ષની શરૂઆતમાં કાબુલ પ્રીમિયર લીગની બીજી આવૃત્તિ દરમિયાન ઈહસાનુલ્લાહ જનાતે ACB અને ICCના ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાનું ઉલ્લંઘન કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. ACBએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જનાત ICC ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાની કલમ 2.1.1નો ભંગ કરવા બદલ દોષિત ઠર્યો છે



અને તેના પર પાંચ વર્ષ માટે ક્રિકેટ સંબંધિત તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેણે આરોપો સ્વીકારી લીધા છે અને ભ્રષ્ટ પ્રવૃત્તિઓમાં સામેલ હોવાની કબૂલાત કરી છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે એમ પણ કહ્યું છે કે ACBની ભ્રષ્ટાચાર વિરોધી એકમ ભ્રષ્ટ પ્રવૃત્તિઓ માટે અન્ય ત્રણ ખેલાડીઓની પણ તપાસ કરી રહી છે. આવી સ્થિતિમાં જો આ ખેલાડીઓ સામે આરોપો ઘડવામાં આવે છે તો તેમના પર પ્રતિબંધ પણ લાગી શકે છે. ઈહસાનુલ્લાહ જનાતની વાત કરીએ તો તે અફઘાનિસ્તાન માટે ત્રણેય ફોર્મેટમાં રમી ચૂક્યો છે. આ 26 વર્ષીય બેટ્સમેને અફઘાનિસ્તાન માટે 3 ટેસ્ટ, 16 ODI અને એક T20 મેચ રમી છે.

## કોહલી પર ગુસ્સે થઈ હેલ્મેટ ફેંકી, સીરિઝ ખતમ થયા પછી જર્સી માંગી

નવી દિલ્હી તા 08

ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી માટે શ્રીલંકા પ્રવાસ ઘણો નિરાશાજનક રહ્યો છે, ત્યારે વિરાટ કોહલી પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત સતત ત્રણ વનડે ઈનિંગ્સમાં LBW આઉટ થયો છે. ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ વનડે ઈન્ટરનેશનલ મેચ ટાઈ રહી હતી, જ્યારે આ પછી યજમાન ટીમે સતત બે મેચ જીતીને સીરિઝ પર 2-0થી સ્થાન મેળવ્યું હતું. સીરિઝ પૂરી થયા પછી વિરાટ કોહલી પોતાની જર્સી પર સહી કરીને કુસલ મેન્ડિસને આપતા નજરે ચડે છે.

શ્રીલંકાના વિકેટ કીપરે વિરાટ પાસેથી જર્સી માંગી હતી ત્યારે વિરાટે આવીને જર્સી પર સહી કરી અને ફરીથી મેન્ડિસને આપી હતી. 27 વર્ષ બાદ શ્રીલંકાએ ભારત સામે બે પક્ષી વન-ડે આંતરરાષ્ટ્રીય સીરિઝ જીતી છે. આ સીરિઝ દરમિયાન મેદાન પર વિરાટ અને મેન્ડિસ વચ્ચે થોડી



ગરમાગરમી જોવા મળી હતી, પરંતુ સીરિઝ પૂરી થતાં જ તેમની વચ્ચે સમાધાન થઈ ગયું હતું. આ સીરિઝની બીજી મેચમાં વિરાટે 14 રન બનાવીને આઉટ થયો હતો. આ દરમિયાન વિરાટ જ્યારે 13 રન બનાવી રમી રહ્યો હતો ત્યારે તેની LBWની અપીલ થતાં શ્રીલંકાએ રિવ્યૂ માંગ્યો હતો. બીજી તરફ, રિપ્લેમાં સાફ જોવા મળ્યું હતું કે, વિરાટના બેટના કિનારાના ભાગ પર બોલ અડ્યો હતો, પરંતુ તેમ છતાં તેને આઉટ આપવામાં આવ્યો ન હતો. જ્યારે શ્રીલંકા કોચિંગ સ્ટાફ પણ આ જોઈને વધુ નારાજ થયા હોય તેવું જોવા મળ્યું હતું. વિરાટે 49 સદી ફટકારતા મેન્ડિસે શું કહ્યું? એ સમયે મેન્ડિસે ગુસ્સે થઈને હેલમેટ ફેંકી દીધું હતું. આ ઉપરાંત, 2023 વર્લ્ડ કપ દરમિયાન વિરાટે 49 વનડે સદી ફટકારી ત્યારે શ્રીલંકા ટીમના કેપ્ટન મેન્ડિસને પૂછવામાં આવ્યું હતું કે, 'તમે વિરાટને શુભકામનાઓ પાઠવવા માંગો છો?' આ અંગે મેન્ડિસે જણાવ્યું હતું કે, 'હું શા માટે એમને શુભકામના પાઠવું.' જો કે, ત્યાર પછી મેન્ડિસે આ મુદ્દે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, 'હું પ્રેસ કોન્ફરન્સમાં પહોંચ્યો ત્યારે મને નહોતી ખબર કે વિરાટે સદી ફટકારી છે, મને એકદમથી પ્રશ્ન પૂછવામાં આવ્યો હોવાથી મને ખબર જ પડી ન હતી. 49 સદી ફટકારવી એ કોઈ આસાન વાત નથી, વિરાટ દુનિયાના બેસ્ટ ક્રિકેટરમાંથી એક છે.'

## ક્યૂબાના રેસલર લોપેઝ નુનેઝે પાંચમો ગોલ્ડ જીતીને રેસલિંગને અલવિદા કરી

નવી દિલ્હી તા 08

ગ્રીકો રોમન રેસલિંગમાં એક પણ રેસલર સતત પાંચ ગોલ્ડ જીતી શક્યો નથી 41 વર્ષીય લોપેઝ છેલ્લા 20 વર્ષથી રેસલિંગ કરી રહ્યો છે રેસલિંગમાં જ્યારે કોઈ રેસલર નિવૃત્તિ લે છે ત્યારે તે પોતાના શૂટ મેટિંગ ઉપર મૂકી દે છે ક્યૂબાના મેન્સ રેસલર લોપેઝ નુનેઝે પેરિસ ઓલિમ્પિકની 130 કિલોગ્રામ ગ્રીકો રોમન રેસલિંગમાં ભાગ લઈને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. 41 વર્ષીય લોપેઝ છેલ્લા 20 વર્ષથી રેસલિંગ કરી રહ્યો છેઅને તેણે છેલ્લી પાંચ ઓલિમ્પિકમાં સતત પાંચમી વખત પોતાની કેટેગરીનો ગોલ્ડ મેડલ પોતાના નામે કરીને ઈતિહાસ રચ્યો હતો. ગ્રીકો રોમનમાં અત્યાર સુધી એક પણ રેસલર સતત પાંચ ઓલિમ્પિક ગોલ્ડ જીતી શક્યો નથી. લોપેઝે પોતાની ફાઈનલ બાઉટ પૂરી થતાની સાથે ભાવુક થઈને રેસલિંગ મેટને ચુંબન કરીને શૂઝ ત્યાં જ મૂકી દીધા હતા. આ સાથે તેણે રેસલિંગમાંથી નિવૃત્તિ પણ લઈ લીધી હતી. રેસલિંગમાં જ્યારે કોઈ રેસલર નિવૃત્તિ લે છે ત્યારે તે પોતાના શૂટ મેટિંગ ઉપર મૂકી દે છે. રસપ્રદ બાબત એ છે કે 2021ની ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યા બાદ નુનેઝે અત્યાર સુધી એક પણ વખત કોઈ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો નહોતો. તે કોઈ પ્રકારની પૂર્વતૈયારી વિના મેટિંગ ઉપર ઉતર્યો હતો.



## મોહમ્મદ સિરાજ અને મેન્ડિસ વચ્ચે ઉગ્ર બોલચાલી

(એજન્સી) શ્રીલંકા તા 08

શ્રીલંકાએ ત્રીજી વનડેમાં ભારતને 110 રનથી હરાવ્યું આ મેચમાં સિરાજ અને કુસલ મેન્ડિસ વચ્ચે બોલચાલી ઉગ્ર બોલચાલીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ જો ભારતીય ટીમનો ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ મેદાનમાં હોય તો ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે. જોકે સિરાજ પોતાની ઘાતક બોલિંગથી વિકેટ લેવા માટે જાણીતો છે, પરંતુ ક્યારેક તે પોતાના તેવર પણ બતાવે છે. આ વખતે પણ એવું જ થયું. ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોમાં રમાઈ રહેલી ત્રીજી ODIમાં ફરી એકવાર કંઈક આવું જ જોવા મળ્યું, જ્યારે તે મેચની મધ્યમાં શ્રીલંકાના બેટ્સમેન કુસલ મેન્ડિસ સાથે બોલચાલી કરતો જોવા મળે છે. આજની મેચમાં શ્રીલંકાના કેપ્ટને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. એટલે કે ભારતે પહેલા બોલિંગ કરવાની હતી. શ્રીલંકાના ઓપનરોએ ટીમને સારી શરૂઆત અપાવી હતી. ઈનિંગ્સની 38 ઓવર પૂરી થઈ ગઈ હતી અને શ્રીલંકાની ટીમે ત્રણ વિકેટે 138 રન બનાવ્યા હતા. કેપ્ટન રોહિત શર્માએ



39મી ઓવર મોહમ્મદ સિરાજને આપી હતી. આ દરમિયાન આ ઓવરના ત્રીજા બોલ પર સિરાજ અને કુસલ મેન્ડિલ વચ્ચે બોલચાલી થઈ હતી. સિરાજનો આ બોલ લગભગ 135 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફેંકવામાં આવ્યો હતો. આ એક સ્કિડ બોલ હતો, જે થોડો નીચો પણ રહ્યો હતો. મેન્ડિસે સમયસર તેનું બેટ નીચું કર્યું અને બોલ રોક્યો હતો. આ પછી સિરાજ અને મેન્ડિસ એકબીજા બોલચાલી કરતા જોવા મળે છે. આ ઘટના થોડીક સેકન્ડો સુધી ચાલુ રહે છે અને તે પછી સિરાજ તેના રનઅપ પર પાછો ફરે છે.

## 45 વર્ષ બાદ ટીમ ઈન્ડિયાએ જોયા આટલા ખરાબ દિવસ



(એજન્સી) નવી દિલ્હી તા 08

ટીમ ઈન્ડિયાને શ્રીલંકા સામેની વનડે શ્રેણીમાં 0-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. 27 વર્ષ બાદ આ પ્રથમ વખત છે જ્યારે ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામે વનડે શ્રેણી હારી છે. ખાસ વાત એ છે કે 45 વર્ષ બાદ ભારતીય ક્રિકેટમાં એવો ખરાબ રેકોર્ડ બન્યો છે જેના વિશે રોહિત અને ગંભીરે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય. ટીમ ઈન્ડિયાનો શ્રીલંકા પ્રવાસ હાર સાથે સમાપ્ત થઈ ગયો છે. બંને ટીમો વચ્ચે રમાયેલી ODI સિરીઝમાં ટીમ ઈન્ડિયાને 0-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. સિરીઝની છેલ્લી મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં રોહિત શર્માની કપ્તાનીવાળી ભારતીય ટીમ 110 રનથી હારી ગઈ હતી. આ સાથે ભારતીય ક્રિકેટનો 45 વર્ષનો લાંબો સિલસિલો તૂટી ગયો છે. આ સાથે જ રોહિત શર્મા અને ગૌતમ ગંભીરની જોડી પણ ભારતીય કેપ્ટન અને કોચની ત્રીજી જોડી બની ગઈ છે, જેને શ્રીલંકા સામેની વનડે શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો છે.

### ભારત 2024માં એક પણ ODI જીતી શક્યું નહીં

વર્ષ 2024માં ભારતની આ પહેલી ODI સિરીઝ હતી. અગાઉ T20 વર્લ્ડ કપના કારણે ભારત માત્ર T20 મેચ રમ્યું હતું. ખાસ વાત એ છે કે હવે આ વર્ષે ભારતે એક પણ વનડે મેચ રમવાની નથી. આવી સ્થિતિમાં ટીમ ઈન્ડિયા આ વર્ષે એક પણ વનડે મેચ જીતી શકશે નહીં. તમને જણાવી દઈએ કે, 1979 પછી આ પહેલો પ્રસંગ છે જ્યારે ટીમ ઈન્ડિયા કોઈપણ વર્ષમાં એક પણ ODI મેચ જીતી શકી નથી. આ પહેલા 1979માં પણ ટીમ ઈન્ડિયાએ માત્ર ત્રણ જ ODI મેચ રમી હતી, ત્યારબાદ તમામ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

### શ્રીલંકા સામે વનડે સિરીઝ હારનાર ત્રીજો કેપ્ટન

રોહિત શર્મા હવે શ્રીલંકા સામેની વનડે શ્રેણી હારી ગયેલા ભારતીય કેપ્ટનોની યાદીમાં સામેલ થઈ ગયો છે. રોહિત પહેલા આ યાદીમાં માત્ર મોહમ્મદ અઝહરુદ્દીન અને સચિન તેંડુલકરનું નામ સામેલ હતું. મોહમ્મદ અઝહરુદ્દીનની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયા વર્ષ 1993માં શ્રીલંકા સામે પ્રથમ વનડે શ્રેણી હારી ગઈ હતી. આ પછી 1997માં સચિન તેંડુલકરની કેપ્ટન્સીમાં ટીમ ઈન્ડિયાને આવી હાર મળી હતી.

**દુનિથ વેલાલ્ગેએ ઈતિહાસ રચ્યો :** આ શ્રેણીમાં શ્રીલંકા માટે દુનિથ વેલાલાગે સૌથી મોટો હીરો સાબિત થયો હતો. સિરીઝની છેલ્લી મેચમાં તેણે 5.1 ઓવર નાખી અને માત્ર 27 રન આપ્યા અને 5 વિકેટ લીધી. આ પહેલા વર્ષ 2023માં પણ તેણે ટીમ ઈન્ડિયા સામે વનડેમાં 5 વિકેટ લેવાની સિદ્ધિ મેળવી હતી. તે વિશ્વનો પહેલો બોલર બની ગયો છે, જેણે ભારત વિરુદ્ધ વનડેમાં બે વખત 5 કે તેથી વધુ વિકેટ લીધી હોય. જેના વિશે રોહિત અને ગંભીરે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય. ટીમ ઈન્ડિયાનો શ્રીલંકા પ્રવાસ હાર સાથે સમાપ્ત થઈ ગયો છે. બંને ટીમો વચ્ચે રમાયેલી ODI સિરીઝમાં ટીમ ઈન્ડિયાને 0-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. સિરીઝની છેલ્લી મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### શેખ હસીના બળજબરીથી અન્ય દેશમાં મોકલવામાં આવશે નહીં!

બાંગ્લાદેશનાપૂર્વ પીએમ શેખ હસીના દેશ છોડીને ભારત આવી ગયા છે શેખ હસીના ગાઝિયાબાદના હિંડન એરબેઝના સેફ હાઉસમાં રોકાશે શેખ હસીનાને આશ્રય આપવા માટે બ્રિટનની કોઈ ઈચ્છા ન હતી બાંગ્લાદેશમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે પૂર્વ પીએમ શેખ હસીના દેશ છોડીને ભારત આવી ગયા છે. આ દરમિયાન સૂત્રો પાસેથી મળતી મુજબ ભારત સરકાર શેખ હસીનાને દિલ્હીથી બળજબરીથી બીજા દેશમાં નહીં મોકલે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યાં સુધી શેખ હસીના સુરક્ષિત સ્થળે જવાનો નિર્ણય નહીં લે ત્યાં સુધી તેમને બહાર મોકલવામાં આવશે નહીં. આ સમયગાળા દરમિયાન શેખ હસીના ભારતમાં જ રહેશે. ગાઝિયાબાદના હિંડન એરબેઝના સેફ હાઉસમાં રોકાશે શેખ હસીના સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મોદી સરકાર બાંગ્લાદેશની પૂર્વ પીએમ શેખ હસીનાના ભારત સાથે દાયકાઓથી સારા સંબંધોને ધ્યાનમાં લે છે. હાલમાં શેખ હસીના ગાઝિયાબાદના હિંડન એરબેઝના સેફ હાઉસમાં રોકાશે. આ સમય દરમિયાન, તેને અન્ય કોઈ જગ્યાએ લઈ જવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જ્યાં સુધી બાંગ્લાદેશમાં નવી સરકાર સાથેના સંબંધોનો સવાલ છે, તો પહેલા તેને ઠીક થવા દો. એક મીડિયા હાઉસ સાથે વાત કરતી વખતે, જ્યારે બાંગ્લાદેશના ભૂતપૂર્વ પીએમના પુત્ર સાજીબ વાજેદ જોયને ત્રીજા દેશમાંથી આશ્રય મેળવવાની તેમની યોજના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'આ બધી અફવાઓ છે. તેણે આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. હાલ તે થોડો વધુ સમય દિલ્હીમાં રહેશે. પરંતુ મારી બહેન સાયમા વાજેદ તેની સાથે છે. તેથી તે એકલી નથી.

### ભારત સાથે યુદ્ધની તૈયારી કરી રહ્યું છે પાકિસ્તાન ?

પાકિસ્તાને તાજેતરમાં મિન્હાસ એર બેઝ પર AWACS એરક્રાફ્ટ ગોઠવી દીધું છે. મિન્હાસ એરબેઝ જમ્મુ કાશ્મીરથી એકદમ નજીક છે, ત્યારે ભારત બોર્ડર પર વધી રહેલી પાકિસ્તાનની ગતિવિધિઓ ભારત સાથેના યુદ્ધની તૈયારીઓ દર્શાવી રહી છે. ત્યારે આ લેખમાં જાણીશું કે આ AWACS શું છે અને ભારત પાસે આ પ્રકારના કેટલા એરક્રાફ્ટ છે. આર્થિક રીતે પડી ભાંગેલું પાકિસ્તાન એક તરફ કટોરો લઈને ભીખ માંગી રહ્યું સહિત લેટેસ્ટ હથિયારોની ખરીદી માટે મોટા ઓર્ડર આપી રહ્યું છે. ત્યારે સ્વીડિશ કંપની SAABએ પાકિસ્તાનને ઓર્ડર કરેલ સાબ 2000 એરીજ એરબોર્ન અર્લી વોર્નિંગ અને કંટ્રોલ સિસ્ટમનું આખરી એરક્રાફ્ટ સોંપ્યું છે. ત્યારે આ લેખમાં જાણીશું કે આ AWACS શું છે અને ભારત પાસે આ પ્રકારના કેટલા એરક્રાફ્ટ છે. પાકિસ્તાને ઓર્ડર કરેલ સાબ 2000 એરીજ એરક્રાફ્ટમાંથી છેલ્લું એરક્રાફ્ટ 2 જુલાઈ, 2024ના રોજ મિન્હાસ એર બેઝ પર પાકિસ્તાનને પહોંચાડવામાં આવ્યું હતું. આ ડિલિવરી સાથે પાકિસ્તાન એરફોર્સ પાસે હવે આ પ્રકારના 9 એરક્રાફ્ટ છે.

### બાંગ્લાદેશમાં તખ્તાપલટથી અદાણીનું વધ્યું ટેન્શન? આ ભારતીય કંપનીઓના શેરમાં થઈ અસર

બાંગ્લાદેશ નોકરી અનામતને લઈને વ્યાપક વિરોધ પછી રાજકીય અનિશ્ચિતતાના વમળમાં અટવાઈ ગયું છે. આ વાતાવરણ ભારતની 12 લિસ્ટેડ કંપનીઓને અસર કરે તેવી શક્યતા છે. જેની ઝલક મંગળવારે અને 06 ઓગસ્ટના રોજ ટ્રેડિંગ દરમિયાન પણ જોવા મળી હતી. જો કે આ કંપનીઓમાં અદાણીની કંપનીનો પણ સમાવેશ થાય છે, જેને પણ 06 ઓગસ્ટના રોજ અસર જોવા મળી હતી. શેરમાં ઘટાડો નોંધાયો હતો. બાંગ્લાદેશ નોકરી અનામતને લઈને વ્યાપક વિરોધ પછી રાજકીય અનિશ્ચિતતાનામાં અટવાઈ ગયું છે. નવા સંજોગોમાં વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દેશ છોડવો પડ્યો હતો. સાથે જ તેની અસર ભારતીય કંપનીઓ પર પણ પડી રહી છે. આ વાતાવરણ ભારતની 12 લિસ્ટેડ કંપનીઓને અસર કરે તેવી શક્યતા છે. જેની ઝલક મંગળવારે ટ્રેડિંગ દરમિયાન પણ જોવા મળી હતી.

### બાંગ્લાદેશમાં કત્લેઆમ, શેખ હસીનાના પક્ષના નેતાઓ-હિંદુ સહિતના લઘુમતીઓની હત્યા

બાંગ્લાદેશમાં લગભગ 450 પોલીસ સ્ટેશનોને આગ ચાંપી દેવામાં આવી છે. આ સિવાય અવામી લીગના કાર્યાલયોને પણ આગ લગાવી દેવામાં આવી છે. અહેવાલો અનુસાર, અત્યાર સુધી અવામી લીગના નેતાઓ અને તેમના પરિવારના સભ્યોના 29 મૃતદેહ મળી આવ્યા છે. તો બીજીબાજૂ હિંદુ સહીતના લઘુમતીઓને પણ વ્યાપક હિંસાનો ભોગ બનાવવામાં આવી છે. શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપીને દેશ છોડીને ભાગી ગયા બાદ, બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. પોલીસ ના તો પોલીસ સ્ટેશનોમાં દેખાઈ રહી છે કે ના તો ટ્રાફિક મેનેજમેન્ટ કરવામાં. સમગ્ર બાંગ્લાદેશમાં પોલીસ સ્ટેશનો અને પોલીસ કેન્દ્રો પર હુમલા થયા છે. બધે ટોળે જ ટોળા દેખાય છે.ડઝનેક પોલીસકર્મીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. જેના કારણે દેશમાં અરાજકતાભરી સ્થિતિ સર્જાઈ છે. બધે ટોળાશાહી જ જોવા મળી રહ્યું છે.

## BSFએ અટકાવ્યા, આજે બાંગ્લાદેશમાં વચગાળાની સરકારનો શપથગ્રહણ સમારોહ

# ભારતમાં ઘૂસણખોરી કરતા 500 બાંગ્લાદેશી પકડાયા

ઢાકા તા 08

બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે શેખ હસીનાએ 5 ઓગસ્ટે પીએમ પદ પરથી રાજીનામું આપ્યું હતું. ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક ઘૂસણખોરી કરી રહેલા લગભગ 500 બાંગ્લાદેશીઓને જલપાઈગુડી નજીક BSF જવાનોએ રોક્યા હતા. નોર્થ બંગાળ ફ્રન્ટિયરના જણાવ્યા અનુસાર, આ લોકો બાંગ્લાદેશમાં પ્રદર્શનકારીઓના હુમલાના ડરથી એકઠા થયા હતા. BSF અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશે આ લોકો સાથે વાત કરી, ત્યારબાદ તેઓ બધા પાછા ફર્યા. બાંગ્લાદેશ સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ પર BSF હાઈ એલર્ટ પર છે. શેખ હસીનાના રાજીનામા બાદ આજે બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર રચાશે. આ 15 સભ્યોની સરકારનું નેતૃત્વ નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ કરશે. સરકારનો શપથ ગ્રહણ સમારોહ રાત્રે 8:30 વાગે થશે. યુનુસ આજે બપોરે 2.40 કલાકે પેરિસથી બાંગ્લાદેશ પહોંચશે. ઢાકા ટ્રિબ્યુન અનુસાર, લગભગ 400 લોકો શપથ સમારોહમાં ભાગ લેશે. બાંગ્લાદેશના આર્મી ચીફ વકાર-ઉઝ-રહેમાને શપથ ગ્રહણ સંબંધિત માહિતી જણાવી હતી. બાંગ્લાદેશ ખાતેના ભારતીય વિઝા કેન્દ્રો આગામી આદેશો સુધી બંધ રહેશે. મોહમ્મદ યુનુસ આજે વચગાળાની સરકારની જવાબદારી સંભાળશે. તેઓ આજે બપોરે ઢાકા પહોંચશે. વિદ્યાર્થી આંદોલન સાથે જોડાયેલા બે લોકોને વચગાળાની સરકારમાં સામેલ કરવામાં આવી શકે છે. શેખ હસીનાને ન મળી શકવાથી પુત્રી દુ:ખી પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પુત્રી સાયમા વાજિદે કહ્યું કે આ મુશ્કેલ સમયમાં તેમની માતાને મળી ન શકવાથી તે ખૂબ જ દુ:ખી છે. તેણે સોશિયલ મીડિયા પર લખ્યું કે તેઓ દેશને પ્રેમ કરે છે અને લોકોના મોતથી દુખી છે. સાયમા વાજિદ WHOના સાઉથ-ઈસ્ટ એશિયા ક્ષેત્રના પ્રાદેશિક નિર્દેશક છે અને દિલ્હી હેડક્વાર્ટરમાં રહે છે. WHO હેડક્વાર્ટર દિલ્હીથી હિંડન એરબેઝનું અંતર માત્ર 25 કિલોમીટર છે. આમ છતાં સાયમા વાજિદ તેની માતાને મળી શકતી નથી.



### આજે બેંકમાંથી 1 લાખ ટકા (રૂપિયા)થી વધુ ઉપાડવા પર પ્રતિબંધ

બાંગ્લાદેશમાં બેંકોમાંથી રોકડ ઉપાડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એક ખાતામાંથી એક લાખ રૂપિયાથી વધુ રોકડ ઉપાડી શકાશે નહીં. આ નિર્ણય આજના દિવસ માટે જ લાગુ થશે. આ સુરક્ષાના કારણોસર કરવામાં આવ્યું છે. આજે રાત્રે મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારનો શપથ ગ્રહણ સમારોહ છે.

**યુનુસ એરપોર્ટથી સીધા રાષ્ટ્રપતિના નિવાસસ્થાને જશે :** ઢાકા ટ્રિબ્યુન અનુસાર, વચગાળાની સરકારના ચીફ એડવાઈઝર મુહમ્મદ યુનુસ બાંગ્લાદેશ પરત ફર્યા બાદ સીધા રાષ્ટ્રપતિના નિવાસસ્થાન બંગભવન જશે. તેઓ અહીં આરામ કરશે. આ પછી, શપથ ગ્રહણ સમારોહ બંગભવનમાં જ રાત્રે 8:30 વાગ્યે ,યોજાશે. શ્રમ કાયદાના ઉલ્લંઘનના કેસમાં યુનુસ નિર્દોષ જાહેર ઢાકા ટ્રિબ્યુનલે બુધવારે મોહમ્મદ યુનુસને શ્રમ કાયદાના ઉલ્લંઘનના આરોપમાંથી નિર્દોષ જાહેર કર્યો હતો. ગ્રામીણ ટેલિકોમના વધુ ત્રણ ઉચ્ચ અધિકારીઓને પણ નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. 1 જાન્યુઆરીએ યુનુસને 6 મહિનાની સજા ફટકારવામાં આવી હતી. 28 જાન્યુઆરીએ તેની સામે પ્રોફેસર યુનુસ અને તેમના સાથીઓએ અપીલ દાખલ કરી હતી.

### ઓડિશાએ દરિયાઈ સરહદ પર સુરક્ષા વધારી

બાંગ્લાદેશથી લોકોના સ્થળાંતરના જોખમને ધ્યાનમાં રાખીને ઓડિશાએ 480 કિલોમીટર લાંબી દરિયાઈ સરહદ પર સુરક્ષા વધારી દીધી છે. જિલ્લા પ્રશાસને મહેસૂલ નિરીક્ષકો અને વન અધિકારીઓને સમુદ્ર કિનારે આવેલા ગામડાઓમાં લોકોની અવરજવર પર નજર રાખવાનો નિર્દેશ આપ્યો છે.

વિદ્યાર્થી આંદોલન સાથે જોડાયેલા 2 લોકો સરકારમાં જોડાઈ શકે છે બાંગ્લાદેશી અખબાર પ્રોથોમ અલોએ સૂત્રોને ટાંકીને લખ્યું છે કે વિદ્યાર્થી આંદોલનના નેતાઓ સરકારમાં બે પ્રતિનિધિઓ ઈચ્છે છે. જો કે, તે બે નામના નામ જાણવા મળ્યા નથી. આ સિવાય રાષ્ટ્રપતિ શહાબુદ્દીન પણ ઈચ્છે છે કે તેમના બે લોકો જોડાયેલા નેતાઓએ બુધવારે રાષ્ટ્રપતિ સાથે તેનો કાર્યકાળ શું હશે તે અંગે ચર્ચા કરી હતી.

### બાંગ્લાદેશના રેલવે મંત્રીના ઘરમાં તોડફોડ

રોષે ભરાયેલા ટોળાએ 6 ઓગસ્ટની સાંજે બાંગ્લાદેશના નારાયણપુર વિસ્તારમાં રેલવે મંત્રી જીલ્લુલ હકીમના ઘરમાં તોડફોડ કરી હતી અને લૂંટ મચાવી હતી. ઢાકા પોસ્ટ અનુસાર, તે સમયે રેલવે મંત્રી ઘરે હાજર ન હતા. હાલમાં તેઓ ગુમ હોવાનું કહેવાય છે. તેઓ છેલ્લે 5 ઓગસ્ટે જોવા મળ્યા હતા.બાંગ્લાદેશમાં આજે વચગાળાની સરકાર રચાશે. 15 સભ્યોની સરકારનું નેતૃત્વ નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ કરશે. યુનુસ ઢાકા પહોંચશે પછી અંતિમ યાદી નક્કી કરવામાં આવશે.તેમના સિવાય વચગાળાની સરકારમાં કોણ હશે.

## ઈરાને એક જ દિવસમાં 29 લોકોને ફાંસીના માંચડે લટકાવ્યા: તેમાં અફઘાનના 2 નાગરિકોનો સામેલ, હત્યા

ઈરાન તા 08

ઈરાનમાં બુધવારે 29 લોકોને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. 26 લોકોને તેહરાનની બહાર ગેજલહસર જેલમાં અને બાકીના 3 લોકોને કરજ શહેરની જેલમાં ફાંસી આપવામાં આવી હતી. AFP અનુસાર, નોર્વેની એક માનવાધિકાર સંસ્થાએ આ દાવો કર્યો છે. ફાંસી આપવામાં આવેલા લોકોમાં અફઘાનના 2 નાગરિકો પણ સામેલ છે. તેમના પર હત્યા, ડ્રગ્સની હેરાફેરી અને બળાત્કારનો આરોપ હતો. યુએસની હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ ન્યૂઝ




એજન્સી (HRANA) અને સેન્ટર ફોર હ્યુમન રાઈટ્સ ઈન ઈરાન (CHRI) એ પણ ગેજલહસર જેલમાં ઓછામાં ઓછા બે ડઝન લોકોને ફાંસી આપવાની પુષ્ટિ કરી છે. લોકોમાં ડર પેદા કરવા માટે ઈરાન પર 2022ના વિરોધ પ્રદર્શનમાં સામેલ લોકો માટે મૃત્યુદંડ લાદવાનો વારંવાર આરોપ મૂકવામાં આવ્યો છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાની મિશનની સામે લોકો મૃત્યુદંડ સામે વિરોધ કરી રહ્યા છે. તસવીર માર્ચ 2024ની છે. ઈરાન સાથે જોડાયેલા માનવાધિકાર સંગઠન IHRના ડાયરેક્ટર મહમૂદ અમીરી મોગદ્દમે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાય આના પર વધારે ધ્યાન નથી આપી રહ્યું. આ કારણે ઈરાન સરકાર આવતા મહિનામાં સેંકડો લોકોને ફાંસી આપી શકે છે.

## નેપાળમાં હેલિકોપ્ટર ક્રેશ:ચાર ચાઇનીઝ સહિત પાંચનાં મોત

કાઠમંડુ તા 08

ટેકઑફની 6 મિનિટ પછી અકસ્માત સર્જાયો નેપાળમાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં બુધવારે એક હેલિકોપ્ટર તૂટી પડતા ચાર ચાઈનીઝ નાગરિક તથા એક નેપાળી નાગરિકનાં મોત થયાં હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે હેલિકોપ્ટર ખાનગી એરલાઈન એર ડાયનેસ્ટીની માલિકીનું હતું. ઘટના કાઠમંડુથી 30 કિમીના અંતરે આવેલા નુવાકોટ જિલ્લાના શિવપુરી નેશનલ પાર્ક વિસ્તારમાં બની હતી. હેલિકોપ્ટર બપોરે 1.54 વાગ્યે કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી રવાના થયું હતું. ઉડાન શરૂ કર્યાના ત્રણ



મિનિટ પછી હેલિકોપ્ટરે સંપર્ક ગુમાવ્યો હતો. આશરે 2 વાગ્યે હેલિકોપ્ટર તૂટી પડ્યું હતું. હાલમાં જ કાઠમંડુ એરપોર્ટ પર સૂર્યા એરલાઈનનું વિમાન તૂટી પડતા 18ના મોત થયા હતા. આ સિઝનમાં ખરાબ હવામાનને કારણે અકસ્માતની આશંકા વધી જાય છે.

## શેખ હસીનાએ ભારતમાંથી કરી જરૂરી ચીજવસ્તુની ખરીદી, રૂપિયાની હતી અછત

બાંગ્લાદેશ તા 08

સેનાએ શેખ હસીનાને દેશ છોડવા માટે 45 મિનિટનો સમય આપ્યો હતો ભીડથી બચવા માટે શેખ હસીનાને બાંગ્લાદેશ છોડવો પડ્યો

શેખ હસીના રોજિંદા ઉપયોગની વસ્તુઓ પણ લાવી શકી નથી બાંગ્લાદેશમાં હિંસક વિરોધને કારણે શેખ હસીનાને બાંગ્લાદેશ છોડવું પડ્યું હતું. સેનાએ તેમને દેશ છોડવા માટે 45 મિનિટનો સમય આપ્યો હતો. રાજીનામું આપ્યા બાદ શેખ હસીના ભારત આવી ગઈ હતી.

ભારતમાં તેમને છેલ્લા બે દિવસથી ગાઝિયાબાદના હિંડન એરબેઝ પર કડક સુરક્ષા વચ્ચે રાખવામાં આવી છે. સેનાએ દેશ છોડવા માટે માત્ર 45 મિનિટનો સમય આપ્યો હતો મીડિયા રિપોર્ટ્સ અનુસાર હિંસક પ્રદર્શન વચ્ચે દેશ છોડી આવેલી શેખ હસીના અને તેની તેમની ટીમ પોતાની સાથે વધારાના કપડા કે રોજિંદા ઉપયોગની વસ્તુઓ પણ લાવી શકી નથી. શેખ હસીનાને બાંગ્લાદેશી સેનાએ દેશ છોડવા માટે માત્ર 45 મિનિટનો સમય આપ્યો હતો. ત્યારબાદ તે તેની બહેન શેખ રેહાના અને તેના નજીકના સહયોગીઓ સાથે સેનાના વાહનમાં જેટમાં ભારત આવવા માટે રવાના થઈ હતી. ભીડથી બચવા દેશ છોડવો પડ્યો સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભીડથી બચવા માટે શેખ હસીના અને તેમની ટીમને બાંગ્લાદેશ છોડવું પડ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશી સેનાની સાથે તૈનાત સભ્યોએ તેમને કપડાં અને રોજિંદા ઉપયોગની વસ્તુઓ ખરીદવામાં મદદ કરી હતી. ભારત આવ્યાના 48 કલાક બાદ પણ શેખ હસીના અને તેમની ટીમ એરબેઝ પાસેના સેફ હાઉસમાં રહે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર હિંડન એરફોર્સ સ્ટેશન પર બનેલા શોપિંગ કોમ્પ્લેક્ષમાંથી શેખ હસીનાએ તેમની બહેન અને પોતાના માટે જરૂરી વસ્તુઓ ખરીદી હતી.

### હસીના ભારતથી ફિનલેન્ડ જશે? રાજકીય આશ્રયના દાવા પર યુરોપિયન દેશનું નિવેદન

(એજન્સી) બાંગ્લાદેશ તા 08

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની ભવિષ્યની યોજનાઓ વિશે ફિનલેન્ડ પાસે હાલમાં કોઈ માહિતી નથી. ફિનલેન્ડના વિદેશ મંત્રાલયે એવા સમાચાર પર પ્રતિક્રિયા આપી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે શેખ હસીના યુરોપિયન દેશની મુલાકાતે છે. ફિનલેન્ડને શેખ હસીનાના આશ્રય માટે વિકલ્પ તરીકે ગણવામાં આવી રહ્યું છે, પરંતુ અહીંના મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે તેમની પાસે આ વિશે કોઈ માહિતી નથી. હાલ ભારતમાં છે શેખ હસીના

શેખ હસીના હાલ ભારતમાં છે અને હિંડન એર બેઝના સેફ હાઉસમાં રોકાયા છે. બાંગ્લાદેશમાં પ્રદર્શનકારીઓના પ્રદર્શન પછી શેખ હસીના ભારત આવી અને ગાઝિયાબાદના હિંડન બેઝ પર ઉતરી. ત્યારથી તે અહીં રહે છે પરંતુ તેમના માટે અન્ય સલામત ઘરની શોધ કરવામાં આવી રહી છે. શેખ હસીનાના પુત્રએ શરણની વાતને નકારી મીડિયા સાથે વાત કરતી વખતે શેખ હસીનાના પુત્ર સાજીબ વાજેદ જોયે ગઈકાલે ના પાડી હતી કે તે કોઈપણ દેશમાં શરણ લેવા જઈ રહ્યો છે. તેણે આ માટે કોઈ દેશનો સંપર્ક પણ કર્યો હોવાની ના પાડી હતી. જોયે કહ્યું કે આખો પરિવાર વિદેશમાં રહે છે અને તે તેના પૌત્ર-પૌત્રીઓને મળવા માટે કોઈપણ દેશમાં જઈ શકે છે. તેને આશ્રય છોડીને અન્ય કોઈ દેશમાં શરણ લેવાના મુદ્દે ભારતીય મીડિયામાં એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે શેખ હસીનાએ બ્રિટનમાં શરણ માટે અરજી કરી છે.

## જેલમાંથી અનેક આતંકીઓ ફરાર, ભારતમાં ઘૂસણખોરીની તૈયારી, BSF હાઈ એલર્ટ પર

(એજન્સી) બાંગ્લાદેશ તા 08


બાંગ્લાદેશની જેલમાંથી અનેક આતંકવાદીઓ ફરાર આતંકવાદીઓ ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ BSFએ સર્વેલન્સ વિસ્તારની સરહદો પર એલર્ટ જાહેર કર્યું બાંગ્લાદેશની જેલમાંથી ઘણા આતંકવાદીઓ ફરાર થઈ ગયા છે. એવા સમાચાર છે કે આ આતંકવાદીઓ ભારતમાં ઘૂસણખોરી કરી શકે છે, જેના કારણે સરહદ પર BSFને એલર્ટ કરી દેવામાં આવી છે. બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારની હકાલપટ્ટી બાદ ભારતીય સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણ એલર્ટ પર છે. બાંગ્લાદેશ સાથેની ભારતીય સરહદો પર સંપૂર્ણ સતર્કતા સાથે નજર રાખવામાં આવી રહી છે. BSF તેના સર્વેલન્સ વિસ્તારની સરહદો પર એલર્ટ જાહેર કર્યું છે. ઘૂસણખોરી ન થાય તે માટે સુરક્ષા દળોને ચાંપતી નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. ડીજીએ પરિસ્થિતિનો તાગ મેળવ્યો એક અધિકારીએ જણાવ્યું કે BSFએ 4,096 કિલોમીટર લાંબી સરહદ પર સાવચેતી રાખવાના નિર્દેશ આપ્યા



છે. BSFના મહાનિર્દેશક દલજીત સિંહ ચૌધરી અને તેમની સાથેના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ભારત-બાંગ્લાદેશ સરહદ સુરક્ષાની સમીક્ષા કરવા પશ્ચિમ બંગાળ પહોંચ્યા અને ટોચના અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ જરૂરી માર્ગદર્શિકા જાહેર કરી. ડીજીએ ઉત્તર 24 પરગણા જિલ્લાની સરહદની પણ મુલાકાત લીધી હતી. 10-15 બાંગ્લાદેશી ઘૂસણખોરોએ પશ્ચિમ બંગાળના 24 પરગણા જિલ્લામાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર અમુદિયા બોર્ડર ચોકી નજીક ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. આવા તમામ સંવેદનશીલ પ્રવેશ બિંદુઓને ચિહ્નિત કરવામાં આવ્યા છે અને ત્યાં વિશેષ તકેદારી રાખવા માટે કહેવામાં આવ્યું છે. બાંગ્લાદેશ તરફથી, નાદિયા જિલ્લાના માલુપારા, હલદરપારા, બાનપુર અને મટિયારીમાં ઘૂસણખોરીના પ્રયાસની સંભાવનાને ધ્યાનમાં રાખીને વિશેષ દેખરેખ રાખવામાં આવી રહી છે. મુર્શિદાબાદ જિલ્લાના ચર્મરાશી અને માલદા જિલ્લાની સાસની બોર્ડર ચોકીના વિસ્તારો પણ સંવેદનશીલ હોવાનું કહેવાય છે. BSFએ બોર્ડર ગાર્ડ્સ બાંગ્લાદેશ સાથે પણ સંપર્ક સ્થાપિત કર્યો છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા હશે

# વિજેતા મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશની વચગાળાની સરકારનું નેતૃત્વ કરશે



(એજન્સી) બાંગ્લાદેશ તા 08

નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા હશે. તેઓ પેરિસથી ઢાકા પરત ફરી રહ્યા છે અને ગુરુવારે વચગાળાની સરકારના વડા તરીકે શપથ લેશે. તેમની સલાહકાર સમિતિમાં 15 સભ્યોનો સમાવેશ થાય તેવી શક્યતા છે. Nobel prize વિજેતા મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશની વચગાળાની સરકારનું નેતૃત્વ કરશે, જાણો તેઓ ક્યારે લેશે શપથો બેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ ગુરુવારે બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા તરીકે શપથ લેશે. મોહમ્મદ યુનુસ ગુરુવારે બપોરે 2.10 વાગ્યે બાંગ્લાદેશ પહોંચશે અને રાત્રે 8 વાગ્યે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહમાં 400 લોકો હાજર રહી શકે છે. મોહમ્મદ યુનુસની સલાહકાર પરિષદમાં 15 સભ્યો હોઈ શકે છે. આ સલાહકાર પરિષદની સલાહથી જ મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશમાં સત્તા પર શાસન કરશે.

પ્રોફેસર યુસુફે સરકારનું નેતૃત્વ કરવું જોઈએ : આર્મી ચીફ જનરલ બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને બુધવારે આની જાહેરાત કરી અને કહ્યું કે, અમે અમારા તમામ કમાન્ડરો સાથે વાત કરી છે. તેમને લાગે છે કે ત્રણ-ચાર દિવસમાં પરિસ્થિતિ સુધરશે. તેણે કહ્યું કે પ્રોફેસર યુસુફ સાથે તેની વાતચીત થઈ છે. તેમને પૂરો વિશ્વાસ છે કે તેઓ સરકાર સારી રીતે ચલાવશે. અમે દરેક સાથે વાત કરી છે. બધા સહમત છે કે પ્રોફેસર યુસુફે સરકારનું નેતૃત્વ કરવું જોઈએ.

જનરલ ઝમાને કહ્યું કે સેના 84 વર્ષીય યુનુસને શક્ય તમામ મદદ કરશે. બાંગ્લાદેશમાં હિંસાને જોતા શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું છે અને હિંસક સરકાર વિરોધી વિરોધ બાદ દેશ છોડીને દિલ્હીમાં આશરો લીધો છે. આ દરમિયાન પ્રોફેસર યુનુસ હાલમાં પેરિસમાં છે અને તેઓ ગુરુવારે ઢાકા પરત ફરી રહ્યા છે. આ દરમિયાન પ્રોફેસર યુસુફે એક મેસેજ જાહેર કર્યો છે. આ મેસેજમાં તેણે દરેકને શાંત રહેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, અમારી નવી જીત બાંગ્લાદેશને સમૃદ્ધ બનાવશે. તેમણે દરેકને હિંસા છોડીને નવા બાંગ્લાદેશના નિર્માણમાં યોગદાન આપવાની અપીલ કરી છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના પ્રમુખ અને પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. ખાલિદા ઝિયાનએ અપીલ કરી હતી. તેમણે કહ્યું કે દેશનું પુનર્નિર્માણ શાંતિથી જ શક્ય છે.

## સંક્ષિપ્ત સમાચાર


### યુપીમાં થૂંકથી મસાજ કરવું પડયું ભારે, દુકાન પર ચાલ્યું તંત્રનું બુલડોઝર

લખનવ | ઉત્તર પ્રદેશના કન્નોજ જિલ્લામાં થૂંકથી ગ્રાહકને મસાજ કરનાર સેલૂન ધરાવતા આરોપી યુસુફની ધરપકડ કરી લેવામાં આવી છે. ત્યારબાદ તેના સેલૂન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આ સેલૂન એક નાનકડાં ગલ્લામાં ચલાવી રહ્યો હતો. યુસુફની સેલૂન શોપ ગેરકાયદે રીતે સરકારી જમીન પર દબાણ કરી બનાવવામાં આવ્યું હતું. આવામાં નગર પંચાયતે આ દબાણને હટાવી દીધું હતું.
ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં હેરકટ સલૂન ધરાવતા આરોપી યુસુફ થૂંક લગાવી ગ્રાહકોને મસાજ કરતો વીડિયો વાયરલ થયો હતો. જેની પર સોશિયલ મીડિયા યુઝર્સ ચિડાઈ ગયા હતા. તેઓએ પોલીસ સ્ટેશનમાં જઈ આ અંગેની પોલીસ ફરિયાદ નોંધાવી દીધી હતી. તો જાણવા મળ્યું કે વીડિયો કન્નોજ જિલ્લાનો છે. ત્યારબાદ પોલીસ તાબડતોબ કાર્યવાહી કરતા યુસુફની ધરપકડ કરી જેલમાં નાંખી દીધો. હવે નગર પંચાયત વહીવટી તંત્રએ ગેરકાયદે રીતે દબાણ કરી રાખેલા તેના સેલૂનને બુલડોઝરથી ધરાશાયી કરી નાંખ્યું હતું. આરોપી યુસુફની જિલ્લાના તાલગ્રમમાં હેર કટ સલૂન હતી. યુસુફ અહીં પોતાના ગ્રાહકના ચહેરા પર મસાજ કરતી વેળાએ થૂંકનો ઉપયોગ કરતા પકડાઈ ગયો હતો. આ વીડિયો વાયરલ થઈ ગયો હતો. જેની પર લોકો ચિડાઈ ગયા હતા. હિંદુવાદી સંગઠનોએ આ અંગે આક્રોશ પણ ઠાલવ્યો હતો. જે બાદ સ્થાનિક પોલીસે એક્શન લેતા આરોપી યુસુફની ધરપકડ કરી તેને જેલભેગો કરી દીધો હતો. થૂંકથી સલૂનમાં મસાજ કરવાના વીડિયોને લઈ કન્નોજના પૂર્વ ભાજપ સાંસદ સુબ્રત પાઠકે પણ પ્રતિક્રિયા આપી હતી. તેઓએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ઘટના અંગે થૂંક જિહાદ જણાવ્યું હતું. સુબ્રત પાઠકે લખ્યું કે, આ થૂંક જિહાદની ઘટના કન્નોજના તાલગ્રમની છે.

### દિલ્હી યુપીએસસી સ્ટુડન્ટ્સના મોત મામલે ખુલાસો, MCD -ફાયર ડિપાર્ટમેન્ટ દોષિત ઠર્યા

નવી દિલ્હી | રાવ કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવાથી UPSCના ત્રણ ઉમેદવારોના મૃત્યુની મેજિસ્ટ્રેટ તપાસમાં MCD અને ફાયર ડિપાર્ટમેન્ટે ઘણા કાયદાઓનું દુર્ભાવનાપૂર્ણ ઉલ્લંઘન કર્યું હોવાના સંકેત મળ્યા છે. તપાસ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે MCD અને ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ અગાઉ નિયમોના ઉલ્લંઘનની નોંધ લીધી હતી તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં નહોતી આવી. મેજિસ્ટ્રેટ તપાસમાં IAS સ્ટડી સર્કલને પણ દોષી ઠેરવવામાં આવ્યું છે. મહેસૂલ મંત્રીને સોંપવામાં આવેલા રિપોર્ટમાં અનેક ખુલાસા થયા છે.
રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, રાવ કોચિંગ સેન્ટરના માલિક અને મેનેજમેન્ટ પણ વિદ્યાર્થીઓના જીવની પરવા કર્યા વિના બેઝમેન્ટના ખતરનાક દુરુપયોગમાં સામેલ થઈને ગુનાહિત બેદરકારી માટે જવાબદાર હતા. રિપોર્ટમાં ખુલાસો થયો છે કે બિલ્ડિંગમાં નિયમોના ઉલ્લંઘનની MCD અને ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ અગાઉ પણ નોંધ લીધી હતી પરંતુ તેમણે કોઈ કાર્યવાહી કરી નહોતી. તપાસમાં વિદ્યાર્થીઓ અને વિવિધ વિભાગોના અધિકારીઓ સહિત 15 લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. MCDએ અહીં નાળામાંથી અતિક્રમણ નહોતું હટાવ્યું. બીજી તરફ ફાયર વિભાગે આ વર્ષે 1 જુલાઈના રોજ નિરીક્ષણ દરમિયાન MCDને લાઈબ્રેરીના રૂપમાં બિલ્ડિંગના બેઝમેન્ટના દુરુપયોગનો ઉલ્લેખ કરવામાં પણ નિષ્ફળ રહ્યું હતું. કોર્ટે બુધવારે રાજેન્દ્ર નગરમાં કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં થયેલી દુર્ઘટના મામલે જેલમાં બંધ બેઝમેન્ટના ચાર સહ-માલિકોની જામીન અરજી પર CBIને નોટિસ જારી કરી છે.

### પૂણેમાં મોટી દુર્ઘટના, ફૂડ ફેક્ટરીમાં ખતરનાક ગેસ લીક, 17 લોકોની હાલત બગડતાં દાખલ



પૂણે | બુધવારે મહારાષ્ટ્રના પૂણેમાં ફૂડ પ્રોસેસિંગ યુનિટમાં મોટી દુર્ઘટના ટળી હતી. ફેક્ટરીની અંદર અચાનક જ ખતરનાક એમોનિયા ગેસ લીક થયો હતો. લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. જેના કારણે ફેક્ટરીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. લોકોને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે તમામ સુરક્ષિત છે. અકસ્માતનું કારણ જાણી શકાયું નથી. પૂણે જિલ્લાના યવત વિસ્તારમાં ફૂડ પ્રોસેસિંગ ફેક્ટરીમાં ખતરનાક એમોનિયા ગેસ લીક થયા બાદ 17 લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટના મંગળવારે સવારે રેડી ટુ ઈટ ફૂડ પ્રોસેસિંગ યુનિટમાં બની હતી. હૉસ્પિટલમાં દાખલ કરાયેલા લોકોમાંથી એક મહિલાને હાલમાં સંભાળ અને દેખરેખ માટે ICUમાં રાખવામાં આવી છે. યવત પોલીસના વરિષ્ઠ નિરીક્ષક, નારાયણ દેશમુખે જણાવ્યું હતું કે ગેસ લીકની ઘટનાથી 17 લોકો પ્રભાવિત થયા હતા. તેને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. અધિકારીએ કહ્યું કે, 'તેમની હાલત સ્થિર અને ખતરાની બહાર છે. જો કે, સાવચેતીના ભાગરૂપે, તેને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. લીકેજ સાઇટની નજીક હાજર મહિલાને સારી સંભાળ અને દેખરેખ માટે ICUમાં દાખલ કરવામાં આવી છે.'

80 વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા; પદ્મ ભૂષણ એવોર્ડ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો...

# પશ્ચિમ બંગાળના પૂર્વ સીએમ બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું નિધન

(એજન્સી) કોલકાતા | તા. 08

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્ય મંત્રી અને CPI(M)ના નેતા બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું ગુરુવારે (8 ઓગસ્ટ) નિધન થયું છે. પૂર્વ મુખ્યમંત્રીએ 80 વર્ષની વયે કોલકાતાના તેમના ઘરે અંતિમ શ્વાસ લીધા હતા. CPI(M)ના રાજ્ય સચિવ મોહમ્મદ સલીમે તેમના મૃત્યુની પુષ્ટિ કરી છે.
બુદ્ધદેવ ભટ્ટાચાર્ય વૃદ્ધાવસ્થાને લગતી બીમારીઓથી પીડિત હતા. તેમને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી હતી. તેમને કેટલાક સમય માટે ઘણી વખત હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. ગયા વર્ષે પણ તેમને ન્યુમોનિયા થયો હતો. લાઈફ સપોર્ટ પર રહ્યા બાદ તે સ્વસ્થ થઈ ગયા હતા. ભટ્ટાચાર્ય CPI(M) સરકારમાં 2000થી 2011 સુધી 11 વર્ષ સુધી બંગાળના સીએમ પદે રહ્યા હતા.
1977થી 2000 સુધી, જ્યોતિ બસુના નેતૃત્વમાં CPI(M)ની સરકાર હતી. સતત 34 વર્ષ સુધી સત્તામાં રહ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસે 2011માં કમ્યુનિસ્ટ પાર્ટીને સત્તા પરથી હટાવી દીધી હતી.
બુદ્ધદેવ પશ્ચિમ બંગાળની ઔદ્યોગિક ક્રાંતિ માટે જાણીતા છે. તેમના પરિવારમાં તેમની પત્ની મીરા અને પુત્રી સુચેતના છે. પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ બુદ્ધદેવ ભટ્ટાચાર્યના નિધન પર શોક વ્યક્ત કર્યો, જેમણે પદ્મ ભૂષણ એવોર્ડ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.




### ભટ્ટાચાર્યનો જન્મ કોલકાતામાં થયો હતો

બુદ્ધદેવ ભટ્ટાચાર્યનો જન્મ 1 માર્ચ 1944ના રોજ ઉત્તર કોલકાતામાં એક બંગાળી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના દાદા કૃષ્ણચંદ્ર સ્મૃતિતીર્થ હાલના બાંગ્લાદેશના મદારીપુર જિલ્લાના રહેવાસી હતા. તેઓ સંસ્કૃત વિદ્વાન અને લેખક પણ હતા. તેમણે પુરોહિત દર્પણ નામના પુરોહિત માર્ગદર્શિકાની રચના કરી જે હજુ પણ પશ્ચિમ બંગાળમાં બંગાળી હિંદુ ધર્મગુરુઓમાં લોકપ્રિય છે. બુદ્ધદેવના પિતા નેપાલચંદ્ર પારિવારિક પ્રકાશન સારસ્વત પુસ્તકાલય સાથે સંકળાયેલા હતા. બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું પ્રારંભિક શિક્ષણ કોલકાતાની શૈલેન્દ્ર સરકારી શાળામાંથી થયું હતું. આ પછી, તેમણે અહીંની પ્રેસિડેન્સી કોલેજમાંથી બંગાળી સાહિત્યમાં B.A કર્યું. ઓનર્સની ડીગ્રી મેળવી હતી. આ પછી તેઓ સરકારી શાળામાં શિક્ષક બન્યા.

### બુદ્ધદેવે પદ્મ ભૂષણ સ્વીકારવાની ના પાડી

બુદ્ધદેવ ભટ્ટાચાર્યને વર્ષ 2022માં પદ્મ ભૂષણ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ તેમણે તે સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. CPI(M)ના મહાસચિવ સીતારામ યેચુરીએ કહ્યું હતું- બુદ્ધદેવે કહ્યું છે કે મને પદ્મ ભૂષણ એવોર્ડ વિશે કંઈ ખબર નથી. આ વિશે મને કોઈએ કહ્યું નથી. જો મને પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યો છે, તો હું તેને નકારી રહ્યો છું.

## મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી અને જ્ઞાન ગંગોત્રી કાવ્ય મંચ દ્વારા રામાયણના સ્ત્રી પાત્રોના અભિનયની અનોખી ઘટના



(એજન્સી) મુંબઈ | તા. 08

ક્લબ હાઉસ ઓડિટોરિયમ, લોઢા ખાતે બુધવાર, 7 ઓગસ્ટ, 2024 ના રોજ સાંજે મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈ અને જ્ઞાન ગંગોત્રી કાવ્ય મંચના સંયુક્ત ઉપક્રમે 'રામાયણનું નારી પાત્ર' શીર્ષક હેઠળ તેણીના ભાવનાત્મક અભિનયની એક અનોખી અને સુંદર ઘટના. પાર્ક, મુંબઈ. આ કાર્યક્રમમાં જાણીતા લેખક અમીશ ત્રિપાઠી અને બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા ધીરજ કુમાર મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આ સમારંભની અધ્યક્ષતા મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી પ્રમુખ ડૉ. શીતલા પ્રસાદ દુબેએ કરી હતી. અકાદમીના ઉપાધ્યક્ષ અને જ્ઞાન ગંગોત્રી પોએટ્રી ફોરમના સ્થાપક ડો.મંજુ લોઢાએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ અવસરે વિવિધ અગ્રણી મહેમાનો અને અકાદમીના કાર્યકારી અધ્યક્ષ ઉપરાંત મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્યો આનંદ પ્રકાશ સિંહ, ગજાનન મહતપુરકર, માર્કંડેય ત્રિપાઠી અને શ્યામ શર્માએ પણ પોતાના વિચારો અને કાવ્ય રચનાઓ રજૂ કરી અને તાળીઓના ગડગડાટથી અભિવાદન કર્યું.

## વાયનાડ ભૂસ્ખલનમાં હજુ પણ 138 લોકો ગુમ: 10મા દિવસે રેસ્ક્યુ ઓપરેશન ચાલુ

(એજન્સી) વાયનાડ | તા.08

કેરળના વાયનાડમાં 29 જુલાઈએ મોડી રાત્રે થયેલા ભૂસ્ખલનમાં 138 લોકો હજુ પણ ગુમ છે. ગુરુવારે (8 ઓગસ્ટ) સતત 10મા દિવસે બચાવ કામગીરી ચાલુ રહી હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 413 લોકોનાં મોત થયાં છે.
મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પીડિતોને મળવા શનિવારે (10 ઓગસ્ટ) વાયનાડ જશે. વડાપ્રધાનની વિશેષ ફ્લાઈટ કન્નુરમાં ઉતરશે. કન્નુરથી પીએમ મોદી હેલિકોપ્ટર દ્વારા ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કરશે. આ પછી તે રાહત શિબિરોમાં પીડિતોને મળશે, જ્યાં 10 હજારથી વધુ લોકો આશ્રય લઈ રહ્યા છે. મોદીની મુલાકાતને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે પીએમની મુલાકાત પછી, વાયનાડ ભૂસ્ખલનને



રાષ્ટ્રીય આફત (લેવલ-3 ડિઝાસ્ટર) જાહેર કરવામાં આવી શકે છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે (7 ઓગસ્ટ) લોકસભામાં આ માગ કરી હતી. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધી 1 ઓગસ્ટના રોજ વાયનાડ પહોંચ્યા હતા. અહીં તેઓ 2 દિવસ સુધી પીડિતોને મળ્યા હતા. તેમજ દિલ્હીમાં વાયનાડ ભૂસ્ખલનનો મુદ્દો ઉઠાવવાની વાત કરી હતી.


## ચૂંટણી પંચની ટીમ જમ્મુ-કાશ્મીર પહોંચી...

શ્રીનગર | જમ્મુ-કાશ્મીરમાં છેલ્લે 2014માં ચૂંટણી યોજાઈ હતી. 2018માં ભાજપ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીની ગઠબંધન સરકાર પડી ગઈ હતી.
આગામી વિધાનસભા ચૂંટણી મામલે ચૂંટણી પંચની ટીમ આજે જમ્મુ-કાશ્મીર પહોંચી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરો પ્રાદેશિક અને રાષ્ટ્રીય પાર્ટીઓ સાથે બેઠક કરશે, નોશલનલ કોન્ફરન્સ, પીડીપી, કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓએ તેમના વરિષ્ઠ નેતાઓને બેઠકમાં મોકલ્યા છે. ચૂંટણી પંચ આજે પોલીસ અધિકારીઓ અને સુરક્ષા દળો સાથે પણ બેઠક કરશે.
ચૂંટણી પંચ 9 ઓગસ્ટે બપોરે 2:30 કલાકે પ્રેસ કોન્ફરન્સ કરશે. આ વર્ષે જૂનમાં ચૂંટણી પંચે મહારાષ્ટ્ર, ઝારખંડ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં મતદાર યાદી અપડેટ કરવાનો આદેશ જાહેર કર્યો હતો. આ કામ પૂર્ણ કરવા માટે 20 ઓગસ્ટની સમયમર્યાદા આપવામાં આવી હતી. ડિસેમ્બર 2023માં સુપ્રીમ કોર્ટે કેન્દ્રશાસિત પ્રદેશમાં 30 સપ્ટેમ્બર 2024 સુધીમાં ચૂંટણી કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે એમ પણ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને વહેલીતકે રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવે. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લે 2014માં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી, જેમાં BJP-PDP ગઠબંધન તૂટી ગયું હતું 5 ઓગસ્ટ, 2019ના રોજ, જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કરવામાં આવી હતી. તેમજ રાજ્યને 2 કેન્દ્રશાસિત પ્રદેશો, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં વહેંચવામાં આવ્યું હતું. તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં દિલ્હી અને પુડુચેરીની જેમ લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા શાસન કરવામાં આવશે, પરંતુ જનતા વિધાનસભા હેઠળ મુખ્યમંત્રીને પણ પસંદ કરી શકશે. આ પહેલા જમ્મુ-કાશ્મીરમાં છેલ્લે 2014માં ચૂંટણી થઈ હતી. 2018માં, ભાજપ અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીની ગઠબંધન સરકાર પડી ગઈ કારણ કે ભાજપે પીડીપી સાથે ગઠબંધન તોડી નાખ્યું હતું.

## આમીર ખાન પ્રોડક્શનની લાહોર 1947માં ભાગલા સમયની સૌથી ભવ્ય રેલ સિક્વન્સ જોવા મળશે

(એજન્સી) મુંબઈ | તા. 08

આવનારી ફિલ્મ "લાહોર, 1947" એક બહુપ્રતિક્ષિત મેગા પ્રોજેક્ટ છે. આમિર ખાન પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ પહેલીવાર સની દેઓલ, રાજકુમાર સંતોષી અને આમિર ખાનને સાથે લાવી રહી છે. દર્શકો ફિલ્મ સંબંધિત અપડેટ્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, હવે એક રોમાંચક સમાચાર આવ્યા છે કે ફિલ્મ એક ટ્રેન સિક્વન્સ સાથે સમાપ્ત થવા જઈ રહી છે. હાલમાં લાહોર 1947 માટે એક મહત્વપૂર્ણ સીન શૂટ કરવામાં આવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે આ સીનમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની



ટ્રેનની મુસાફરી બતાવવામાં આવી છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, 'લાહોર 1947 નું શૂટિંગ ભાગલા દરમિયાન એક વિશાળ ટ્રેન ક્રમ સાથે સમાપ્ત થશે, જેમાં એવા દ્રશ્યો દર્શાવવામાં આવશે જે પહેલાં ક્યારેય જોવામાં આવ્યા ન હોય. ફિલ્મનો ક્લાઈમેક્સ એક વિઝ્યુઅલ ટ્રીટ બનવા જઈ રહ્યો છે, જે વિભાજનના સમયગાળાની ઉથલપાથલ અને લાગણીઓને દર્શાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

## શહેરોમાં ઘર બનાવવા માટે વ્યાજ પર વધુ સબસિડી આપવાની કેન્દ્રની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા. 08

કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)નો વ્યાપ વધારવા જઈ રહી છે. તેના માટે શહેરોમાં મધ્યમ આવક વર્ગ (એમઆઈજી) માટે ઈન્કમ સ્લેબ અને ઈડબલ્યૂએસ માટે કેન્દ્રીય સહાય વધારવાની તૈયારી છે. હાલ ઈડબલ્યૂએસને ઘર બનાવવા માટે 1.50 લાખ રૂપિયાની મદદ મળે છે. તેને સંબંધિત કેબિનેટ નોટ તૈયાર થઈ ચૂકી છે. તેને આ જ મહિને કેન્દ્રીય કેબિનેટ સક્ષમ રજૂ કરવામાં આવશે.
પીએમએવાય-1માં એમઆઈજી માટે 2022 સુધી ક્રેડિટ લિંક્ડ સબસિડી (સીએલએસએસ) આપવામાં આવતી હતી, તેમાં એમઆઈજી-1 માટે 160 વર્ગ મી.ના ઘરો પર 9 લાખ અને એમઆઈજી-2ના ખરીદારો માટે 200 વર્ગ મી.ના કાર્પેટ એરિયાવાળા ઘરો પર 12 લાખ રૂપિયા સુધીની લોન પર અનુક્રમે 4% અને 3% વ્યાજ સબસિડી આપવામાં આવતી હતી.
શહેરોમાં ઘર નિર્માણનો ખર્ચ વધુ છે, તેથી પીએમએવાય 2.0 હેઠળ મહત્તમ હોમ લોન પર 12 લાખ સુધી સબસિડી આપી શકાય છે.


**નામ બદલેલ છે**

નવું નામ : વાડિયા રુકસાનાબેન મન્સુરભાઈ
જુનું નામ : વડિયા રૂકસાનાબેન મનસુરભાઈ
સરનામું : ૪/૨, ગુલશને નઈમ સોસાયટી, સાદીક પાર્ક પાછળ, સરખેજ રોડ, અમદાવાદ.૩૮૦૦૫૫

**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :- 6420242025 તારીખ :- 05-08-2024

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલ્વે મેનેજર/એન્જિનિયરિંગ/નોર્થ સેન્ટ્રલ રેલ્વે પ્રયાગરાજ 02-09-2024ના રોજ 13:30 કલાક સુધીમાં નીચેના સુનિશ્ચિત કામો માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નિયત ફોર્મ પર ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. કામની વિગતો નીચે મુજબ છે.

સીરીયલ નંબર 1:- ટેન્ડર નંબર:- 156, કામનું વર્ણન:- મદદનીશ વિભાગીય ઈજનેર/ઉત્તર મધ્ય રેલ્વે હેઠળ નૈનીથી માણિકપુર વિભાગ (06 નંબર)માં પુલ અને અન્ય સંબંધિત કામો વગેરે માટે આરસીસી બોક્સ દ્વારા પથ્થરનો સ્લેબ /નૈની પુલ અને અન્ય સંલગ્ન કામો વગેરે માટે આરસીસી બોક્સ દ્વારા સ્લેબ પુલ બદલવા.

| | |
|---|---|
| અંદાજીત કિંમત (રૂ) :- 2,58,03,482.51 | બાના રકમ (રૂ) :- 2,79,000.00 |
| કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :- 08 મહિના | ટેન્ડર ખુલવાની તારીખ :- 02-09-2024 |

સમાન કાર્ય માટે પાત્રતા માપદંડ: - રનિંગ ટ્રેકમાં બ્રિજનું કામ કે રનિંગ ટ્રેકમાં રિગ્રેડિંગ વર્ક. નોંધ:-(1) ઓનલાઈન ઈ-ટેન્ડર ટેન્ડર ખોલવાની તારીખે 13:30 કલાક સુધી સબમિટ કરી શકાશે. (2) ટેન્ડર ફોર્મ સહિત ઉપરોક્ત ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબસાઈટ www.ireps.gov.in પર ટેન્ડર ખોલવાની નિર્ધારિત તારીખે 13:30 કલાક સુધી ઉપલબ્ધ છે. 1403/24 (MG)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ:- 15/2024 તારીખ :- 05-08-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

| ટેન્ડર નંબર | જથ્થો | ઈએમડી (રૂ) | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|
| 13245654 | 1500 સેટ | 771720/- | 26-08-2024 |

કાર્યનું વર્ણન :- કીપેડ વિના અને સ્પષ્ટીકરણ નંબર પર ડિસ્પ્લે વિના 5 વોટ VHF ડિજિટલ વોકી ટોકી સેટનો પુરવઠો : RDSO/SPN/TC/107/2018 , સંસ્કરણ: 2.1

નોંધ:- (1). ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરની સંપૂર્ણ માહિતી IREPS વેબસાઈટ એટલે કે http://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. (2) ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ CLASS - 3 ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. (3) ફાઈનાન્શિયલ રેટ પેજમાં દાખલ કરેલ અને ડિજિટલ રીતે યોગ્ય રીતે સહી કરેલ દરને જ ધ્યાનમાં લેવામાં આવશે. વિક્રેતાઓ દ્વારા કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં રેટ અને કોઈપણ અન્ય નાણાકીય એન્ટિટીની જોડવામાં આવે તો સીધી અવગણના કરવામાં આવશે અને માત્ર તેને ધ્યાનમાં લેવામાં આવશે. (4). જે દસ્તાવેજો જોડાયેલા છે તેના પર સહી કરવી જોઈએ. (5). 'ડ્રોઈંગની કિંમત' માટે ફાળવણી Z-650 છે અને 'અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)' માટે ડિપોઝિટ Misc Store 00844517 છે. • કોઈપણ મુશ્કેલીમાં IREPS વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકાય છે. 1400/24(AS)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર સૂચના

ડિવિઝનલ રેલ્વે મેનેજર (વર્કસ), નોર્થ સેન્ટ્રલ રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.

ઈ-ટેન્ડર નંબર:- JHS-ENGG-C-2024-109

કામનું વર્ણન:- ભાગ (a) ઝાંસી કાનપુર વિભાગ:- ADEN/CNB અધિકારક્ષેત્ર હેઠળ જુહી રેલ્વે કોલોની ખાતે રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર 12 યુનિટ ટાઈપ II ક્વાર્ટરનું બાંધકામ. ભાગ (b) ADEN/CNB સબડિવિઝન હેઠળ જુહી રેલ્વે કોલોનીમાં પાણી પુરવઠામાં વધારો.

| | |
|---|---|
| અંદાજીત ખર્ચ:- રૂ: 19459823.78 | અર્નેસ્ટ મની :- 247300.00 |

ટેન્ડર બંધ થવાની તારીખ :- 10-09-2024 એ 15:00 કલાક, સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો/અવધિ તારીખ:- 12 મહિના, ટેન્ડર તારીખ 10-09-2024 ના રોજ 15:00 કલાક સુધી. ઓનલાઈન સબમિટ કરી શકાય છે . સંપૂર્ણ માહિતી માટે અને સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે . 1393/24(DG)

North central railways @CPRONCR www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલ્વે મેનેજર (કામ), ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ઉત્તર મધ્ય રેલ્વે ઝાંસી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.

ઈ-ટેન્ડર નં.: JHS-ENGG-C-2024-112

કામનું વર્ણન:- એડેન/લલિતપુર પેટા વિભાગ: 02 વર્ષ માટે (પાણીના ટેન્કરની ક્ષમતા 4000 લિટર) સુધી ઝાંસી (સિવાય) થી અગાસોદ (સહિત) વિભાગ વચ્ચે પાણીના ટેન્કર દ્વારા પીવાના પાણીનો પુરવઠો.

| અંદાજીત ખર્ચ | અર્નેસ્ટ મની | સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય સમાપન અવધિ/તારીખ:- 24 મહિના |
|---|---|---|
| 2308460.00 | 46200.00 | |

ઈ-ટેન્ડર નં.: JHS-ENGG-C-2024-150

કાર્યનું વર્ણન :- વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી - કાનપુર વિભાગ:- ADEN/CNB અધિકારક્ષેત્ર હેઠળ LHS નંબર 171 પર એપ્રોચ રોડનું પ્રસ્તાવિત કવર ઓવર.

| અંદાજીત ખર્ચ | અર્નેસ્ટ મની | સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય સમાપન અવધિ/તારીખ:- 08 મહિના |
|---|---|---|
| 1389166.13 | 216000.00 | |


ઈ-ટેન્ડર નં.: JHS-ENGG-C-2024-154

કાર્યનું વર્ણન :-બીના -ઝાંસી :- અપગ્રેડેશન/સ્ટ્રેટનિંગ અને ADEN/LAR અધિકારક્ષેત્ર હેઠળના વિવિધ પુલોના અન્ય સંબંધિત કામો.

| અંદાજીત ખર્ચ | અર્નેસ્ટ મની | સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય સમાપન અવધિ/તારીખ:- 12 મહિના |
|---|---|---|
| 19916463.36 | 249600.00 | |

ટેન્ડર બંધ થવાની તારીખ :- 03-09-2024 એ 15:00 કલાક • ટેન્ડર તારીખ 03-09-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઈન સબમિટ કરી શકાય છે. • સંપૂર્ણ માહિતી તેમજ બિડ સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ. 1392/24 (AS)

North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR

In The Court Of I Civil Judge Class-II, District Court, Mandsaur
Presiding Officer: श्री काशीष माटा

Process Id- /2024
पेशी दिनांक :- 08/08/2024

यह कि प्रार्थी शांतिबाइ मूली ने आपके विरूद्ध व्यवहार वाद के लिए वाद संस्थित किया है, आपको इस न्यायालय में सूचना के प्रकाशन के 30 दिवस के भीतर वाद का उत्तर देने के लिये उपसंजात /हाजिर होने के लये सम्मन किया जाता है, आप न्यायालय में स्वयं या किसी ऐसे प्लीडर (अधिवक्ता) द्वारा उपसंजात हो सकते है, जिसे सम्यक अनुदेश दिये गये हो और जो इस वाद में संबंधित सभी सारवान कथनों का उत्तर दे सके। आपको यह निर्देश भी दिया जाता है कि उस दिन अपनी प्रतिरक्षा का लिखित कथन प्रस्तुत करें और उस दिन ऐसे सब दस्तावेज जो आपके कब्जे या शक्ति में है पेश करें जिन पर आपका प्रतिरक्षा या मुजराई का दावा या प्रतिदावा आधारित हो, और यदि आप अन्य किसी दस्तावेज पर चाहे वह आपके कब्जे या शक्ति में हो अपनी प्रतिरक्षा या मुजरा के दावे या प्रतिदावे के समर्थन में साक्ष्य के रूप में निर्भर करते है तो ऐसी सभी दस्तावेज की लिखित कथन के साथ उपलब्ध की जाने वाली सूची में प्रविष्टि करें।

आपको सूचित किया जाता है कि यदि आप ऊपर बताई गई अवधि में इस न्यायालय में उपस्थित नहीं होंगे तो वाद की एक पक्षीय सुनवाई कर उसका निपटारा आपकी अनुपस्थिति में किया जायेगा। साथ ही यह भी सूचित किया जाता है कि यदि आप निराकरण मध्यस्थ के माध्यम से करने के इच्छुक हैं तो पीठासीन अधिकारी को अवगत करावें।

यह आज तारीख 25 JULY 2024 को मेरे हस्ताक्षर से और न्यायालय की मुद्रा लगा कर दिया गया है।

न्यायालय की मुद्रा

न्यायाधीश
(काशीष माटा)
प्रथम व्यवहार न्यायाधीश कनिष्ठ खण्ड
मन्दसौर (म.प्र.)

2781

સિટી એક્સપ્રેસ

FRIDAY 09 AUGUST-2024

AHMEDABAD

## ગાંધીનગર-વૈષ્ણવદેવી બ્રિજ પર ટ્રેલર - કારનો અકસ્માત

ગાંધીનગરથી એસ.જી હાઈવે તરફ વૈષ્ણવદેવી સર્કલ ઉપર આજે સાંજે પીક અવર્સમાં ટ્રેલર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા કે ડી હોસ્પિટલથી અડાલજ પોલીસ સ્ટેશન સામેના રોડ સુધી પાંચેક કિ.મી ટ્રાફિક જામ થઇ ગયો હતો. જેનાં પગલે અડાલજ અને ટ્રાફિક પોલીસે સંયુક્ત કામગીરી હાથ ધરી ક્રેન - જેસીબી મંગાવી બંને અકસ્માતગ્રસ્ત વાહનો દૂર કરાવી દોઢેક કલાકની જહેમત પછી ટ્રાફિક ક્લિયર કરાવી રાહતનો દમ લીધો હતો. અકસ્માત સર્જાતા પાંચેક કિલોમીટર સુધી ટ્રાફિક જામ થઇ જતાં પીક અવર્સમાં વાહન ચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વખત આવ્યો હતો.

## કુડાસણમાં આવેલા 'લંડન યાર્ડ પિઝા'નું લાયસન્સ સસ્પેન્ડ

ગાંધીનગરનાં કુડાસણમાં આવેલા લંડન યાર્ડ પીઝા આઉટલેટને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાંડર્ડ એક્ટ હેઠળ ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં લંડન યાર્ડ પીઝાનાં સંચાલકોએ નિયમોનું કોઈ પાલન કરવામાં નહીં આવતાં આખરે મ્યુનિસિપલ કોર્પોરેશનની ફૂડ સેફ્ટી શાખાએ લાયસન્સ સસ્પેન્ડ કરી ધંધો બંધ કરી દેવાની સૂચના આપવામાં આવી છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં નાગરિકોને શુધ્ધ સલામાત અને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે માટે ફૂડ સેફ્ટી શાખા દ્વારા છાસવારે ખાણી પીણીનાં એકમો પર સઘન ચેકીંગ કરવામાં આવતું રહેતું હોય છે.

**પૂજા ખેડકર પ્રકરણ બાદ ગુજરાત સરકારને આદેશ**

# ગુજરાતના 5 IAS, 2 IPS અને 1 IFS અધિકારીએ વિકલાંગતા સાબિત કરવી પડશે

(એજન્સી) ગાંધીનગર । તા.08

મહારાષ્ટ્રમાં બહુચર્ચિત પૂજા ખેડકર કાંડ બાદ હવે કેન્દ્ર સરકારનું DOPT(ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ) પણ સતર્ક બની ગયું છે. પૂજા ખેડકર જેવા નકલી અધિકારી અન્ય રાજ્યોમાં ન હોય તેની તપાસ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. દેશના તમામ રાજ્યોમાં વિકલાંગતા ધરાવતા કોઈ અધિકારી હોય તો તેની વિકલાંગતા તપાસવા માટેની સુચના દરેક રાજ્ય સરકારને આપી છે. ગુજરાત સરકારને પણ આ જ આદેશ મળ્યા છે. જેને પગલે ગુજરાતના 5 IAS અને 2 IPS અને 1 IFS મળીને સિવિલ સર્વિસના કુલ 8 અધિકારીએ વિકલાંગતા સાબિત કરવી પડશે. DOPTએ ગુજરાત સરકારને કરેલા આદેશમાં કહેવાયું છે કે સિવિલ સર્વિસિસમાં રહેલા અને વિકલાંગતા ધરાવતા અધિકારીની વિકલાંગતા તપાસવામાં આવે. આ પ્રકારના તમામ અધિકારીના ફિટનેસ ટેસ્ટ કરાવવામાં આવે. આ ટેસ્ટ એઈમ્સ અથવા સરકારી હોસ્પિટલમાં કરવામાં આવે.

### સિવિલ સર્વિસિસના અધિકારી શંકાના દાયરામાં






### ગુજરાતમાં 5 એવા આઈએએસ છે કે જે આંશિક વિકલાંગતા ધરાવે છે

આમ જોઈએ તો ગુજરાતમાં 5 એવા આઈએએસ છે કે જે આંશિક વિકલાંગતા ધરાવે છે. બીજી તરફ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પણ બે આઈપીએસની પણ ખોટા સર્ટિફિકેટ હેઠળ ભરતી થયાની ફરિયાદ થઈ છે. આ ઉપરાંત એક આઈએફએસ અધિકારી એવા છે કે જે પણ આંશિક વિકલાંગતા ધરાવે છે. આમ, ગુજરાતના 8 જેટલા સિવિલ સર્વિસિસના અધિકારી છે જેમણે આગામી સમયમાં પોતાની વિકલાંગતા સાબિત કરવી પડશે.

### IAS પૂજા ખેડકર પર શું હતા આરોપ?

પૂજાની યુપીએસસીમાં ગેરરીતિના કેસમાં ખુલાસો થયો હતો કે પૂજાએ તેના UPSC પ્રયાસો વધારવા માટે તેનું નામ અને ઉંમર બદલી હતી. 2020 અને 2023 માટે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT)માં પૂજા દ્વારા દાખલ કરાયેલી બે અરજીમાં પૂજાના અલગ-અલગ નામ છે. 2020ની અરજીમાં પૂજાએ પોતાનું નામ 'ખેડકર પૂજા દિલીપરાવ' અને તેની ઉંમર 30 વર્ષ દર્શાવી હતી. જ્યારે, 2023 માં તેણીની CAT એપ્લિકેશનમાં તેણીએ તેનું નામ 'પૂજા મનોરમા દિલીપ ખેડકર' અને તેની ઉંમર 31 વર્ષ દર્શાવી હતી. સવાલ ઉઠી રહ્યો હતો કે ત્રણ વર્ષના ગાળામાં તેમની ઉંમર માત્ર એક વર્ષ કેવી રીતે વધી શકે? વાસ્તવમાં UPSCમાં જનરલ કેટેગરીના ઉમેદવારોને 32 વર્ષની ઉંમર સુધી 6 વખત પરીક્ષા આપવાની છૂટ છે. જ્યારે OBC કેટેગરીના ઉમેદવાર 35 વર્ષની ઉંમર સુધી 9 વખત પરીક્ષા આપી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂજાએ કુલ 11 વખત સિવિલ સર્વિસની પરીક્ષા આપી છે. તો બીજી બાજુ ડોક્ટરે કહ્યું કે ટ્રેઈની IAS ઓફિસર પૂજા ખેડકરને છે 7 ટકા ડિસેબિલિટી છે. ડિસેબિલિટી ક્વોટામાં 40 ટકા ડિસેબિલિટી ધરાવતા લોકોને માન્ય ગણવામાં આવે છે.

**NEWS TRACK**

### ઠક્કરનગરના વેપારીએ વ્યાજે 1.45 લાખ લીધા 1.20 લાખ ચૂકવ્યા બાદ 1.10 લાખની માંગણી

અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં વ્યાજખોરોના ત્રાસ વધી રહ્યો છે તેઓ જરુરીયા મંદ લોકોને વ્યાજે રૂપિયા આપીને વ્યાજ સાથે રૂપિયા મેળવી લીધા બાદ વધુ રૂપિયાની માંગણી કરીને પઠાણી ઉઘરાણી કરીને ધાક ધમકીઓ આપતા હોય છે. ઠક્કકરનગરના વેપારીએ વ્યાજખોર પાસેથી પાંચ ટકા વ્યાજે રૂા. ૧.૪૫ લાખ લીધા હતા તેઓએ વ્યાજ સાથે રૂપિયા ૧.૨૦ લાખ ચૂકવ્યા છતાં વધુ રૂા. ૧.૧૦ લાખની માંગણી કરી હતી અને ફરિયાદ કરવાની ધમકી આપતા હતા. આ બનાવ અંગે ક્રાઈમ બ્રાંચે વ્યાજખોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આસ્ટોડિયામાં વૃધ્ધ રેલિંગ કૂદીને કોરીડોરમાં રોડ ક્રોસ કરતા બસની ટક્કરથી ગંભીર

અમદાવાદ | અમદાવાદનામાં દાણીલીમડા સહિતના વિસ્તારમાં વાહન ચાલકો બીઆરટીએસ કોરિડોરમાં વાહન હંકારતા હોવાથી અક્સ્માતનો ભોગ બની રહ્યા છે. આસ્ટોડિયા દરવાજા પાસે વૃદ્ધ રેલિંગ કૂદીને કોરિડોરમાંથી રોડ ક્રોસ કરતા હતા આ સમયે પૂર ઝડપે આવી રહેલી એસટીબસના ડ્રાઈવરે ટક્કર મારતા માથા સહીત ગંભીર ઈજાઓ થઇ હતી જ્યારે હાથે ફ્રેક્ચર થતાં બેભાન અવસ્થામાં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે ટ્રાફિક ઈ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગુજરાતમાં પહેલીવાર ગૂગલ અર્થની મદદથી ટ્રાફિક સમસ્યા હળવી કરાઈ, જીવલેણ અકસ્માત પણ 23% ઘટ્યા

અમદાવાદ | અમદાવાદની સૌથી વિકટ સમસ્યાઓની વાત કરીએ તો ટ્રાફિકની સમસ્યાએ સૌથી જટીલ સમસ્યાઓ પૈકીની એક સમસ્યા છે. જેને નિવારવા માટે પોલીસ દ્વારા અનેક પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવે છે. જો કે ઘણીવાર તેમાં ધારી સફળતા મળતી નથી. પરંતુ અમદાવાદ પૂર્વના ડીસીપી સફીન હસને અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા મહત્ત્વના ટ્રાફિક જંક્શન પરની ટ્રાફિકની સમસ્યાને નિવારવા માટે ગૂગલ અર્થ દ્વારા મળતી ઈમેજનો ઉપયોગ કરીને ટ્રાફિકની સમસ્યા નિવારી છે. ગુજરાતમાં સૌ પ્રથમવાર ગૂગલ અર્થ દ્વારા ટ્રાફિક નિરાકરણની કામગીરી હાથ ધરાઈ છે.

### ગુજરાત પરની વરસાદી સિસ્ટમ નબળી પડી: આગામી 5 દિવસ ભારે વરસાદ નહિ

અમદાવાદ | આગામી પાંચ દિવસ સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદ ન પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્ય પરની ઓફ શોર ટ્રફ સિસ્ટમ હળવી થતાં સાર્વત્રિક રીતે હળવો વરસાદ વરસી શકે છે, પરંતુ ભારે વરસાદની શક્યતા આગામી પાંચ દિવસ માટે નહિવત્ રહેશે. અત્યારસુધીમાં રાજ્યમાં જરૂરિયાત કરતાં વધુ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર સહિતના મોટા ભાગના વિસ્તારોમાં એકધારા પડેલા વરસાદને કારણે ખેડૂતોનાં નિંદામણ સહિતનાં કામો અધૂરાં રહે છે. આ વચ્ચે વરાપ નીકળતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. તો બીજી તરફ અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં આજે છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટાં વરસી શકે છે, એવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના નાની પરબડી ગામનો બનાવ**

## બંધ કારખાનામાં પાણીના ટાંકામાંથી માનવ કંકાલ મળતા ખળભળાટ મચ્યો




(એજન્સી) રાજકોટ । તા.08

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના નાની પરબડી ગામ નજીક પ્લાસ્ટિકના બંધ કારખાનામાથી માનવ કંકાલની ખોપરી મળી આવતા પોલીસ દોડી ગઈ હતી. ફોરેન્સિક ટીમની મદદથી તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે. પોલીસે સ્થળ પરથી મળેલ ખોપરી ચકાસણી માટે ફોરેન્સિક લેબમાં મોકલી ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે. આ કંકાલ મળી આવવાની જાણ થતાં પોલીસ તંત્ર બંધ કારખાનામાં પહોંચી હતી. પોલીસે માનવ ખોપડીના મળેલા અવશેષોના સેમ્પલો એકત્રિત કર્યા હતા. ડોગ સ્વોક્ડ સાથે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું.

### માનવ કંકાલને કબજે લઈ ફોરેન્સિક લેબમાં મોકલી આપ્યું

પરબડી ગામ નજીક બંધ પડેલા પ્લાસ્ટિકના કારખાનાની પાણીની ટાંકીમાંથી માનવ કંકાલની ખોપરી મળી આવતા સનસનાટી મચી જવા પામી છે. ત્યારે ધોરાજી તાલુકા પોલીસે માનવ કંકાલને કબજે લઈ ફોરેન્સિકમાં મોકલી આપી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બંધ પ્લાસ્ટિકના કારખાના તાજેતરમાં નવા માલિકે ખરીદ કર્યા બાદ કારખાનાની સાફસફાઈ શરૂ કરાવી હતી. જેમાં પાણીના ટાંકામાંથી માનવ ખોપરી મળી આવતા ધોરાજી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે માનવ ખોપરી અને અન્ય માનવ કંકાલને કબજે લઈ ફોરેન્સિક લેબમાં મોકલી આપ્યાં છે. આ બનાવ હત્યાનો છે કે કેમ? તેમજ ખોપરી સહિત માનવ કંકાલ પ્લાસ્ટિકના બંધ કારખાનામાં કોણ મૂકી ગયું? આ કંકાલ મહિલાનું છે કે પુરુષનું? સહિતની દિશામાં LCB અને SOG સહિતના સ્ટાફ દ્વારા અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

### બોઈલર બ્લાસ્ટ થતા ચાર કામદારો દાઝ્યા

**ઈસેદુ એગ્રોકેમ કંપનીનો બનાવ, ત્રણની હાલત ગંભીર જણાતા અમદાવાદ સારવાર માટે ખસેડાયા**

(એજન્સી) પાલનપુર । તા.08

પાલનપુરના જગાણા હાઈવે પર આવેલી ઈસેદુ મીલમાં આજે બપોરના સમેય બોઈલર બ્લાસ્ટ થતા અહીં કામ કરી રહેલા ચાર કામદારો દાઝ્યા હતા. જેઓને તાત્કાલીક પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જ્યાં ત્રણ કામદારોની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. ઘટનાના પગલે બનાસકાંઠા કલેકટર અને એસપી સહિતના અધિકારીઓ ઈજાગ્રસ્ત કામદારોની ખબર કાઢવા હોસ્પિટલ પર પહોંચ્યા હતા. ત્રણ કામદારોની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા છે.

આ ઘટના બોઈલર બ્લાસ્ટના કારણે બની હોવાનું કલેકટર જણાવ્યું હતું. જો કે, કંપનીના સિક્યુરિટી ઓફિસરે આ બનાવ બોઈલર બ્લાસ્ટના કારણે નહીં પણ ગેસ કટીંગ વેળાએ ફ્લેશ ફાયર થતા બની હોવાનું કહ્યું હતું.

**અમદાવાદના પોસ્ટમેનને વિદેશનો મોહ મોંઘો પડ્યો**

### પરિવારને વિદેશમાં સેટલ કરવા તમામ બચત અને લોન લીધી, વિઝાના નામે દલાલે 22 લાખનું કરી નાંખ્યું

(એજન્સી) અમદાવાદ । તા.08

વિદેશ જવા માટે લોકો કોઈ પણ હદે જવા તૈયાર હોય છે અને તેમાં પણ કોઈ ભેજાબાજ વ્યક્તિના ભરડામાં આવે તો તે આર્થિક તકલીફની સાથે માનસિક અને સામાજિક તકલીફમાં મુકાય છે. ત્યાર બાદ આખરી સમગ્ર પોલીસ સ્ટેશન સુધી જાય છે અને આરોપીઓ બેફામ બને છે. આ સમગ્ર વાત અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં બની છે. જ્યાં એક પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા વ્યક્તિએ તેના પત્ની અને બાળકોને વિદેશ મોકલવા માટે લોન લીધી અને બચત દાવ પર લગાવી દીધી. પરંતુ એજન્ટે કહેલી વાત તમામ ખોટી નીકળી. પરિવાર જે દેશમાં જવાનો હતો તેની જગ્યાએ બીજા દેશમાં જવું પડ્યું અને ત્યાં પણ કશું




મળ્યું નહીં. માત્ર એટલું જ નહીં દલાલે સમાધાન માટે વાત કરી અને તેમાં પણ છેતરપિંડી કરી. આ સમગ્ર મામલે અમદાવાદના ચાંદખેડા પોલીસે આરોપી સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

### ક્રાઈમ બ્રાંચે ડિજિટલ વ્યાજખોરો પકડ્યા

**મોબાઈલ એપ્લિકેશનમાં વ્યાજનો હિસાબ રાખતા**

અમદાવાદ : ગુજરાતમાં અનેક લોકો વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયા છે. વ્યાજખોરોની ઉઘરાણી અને ત્રાસના કારણે અનેક લોકોની જિંદગી નર્ક સમાન બની ગઈ છે. ત્યારે પોલીસે પણ હવે વ્યાજખોરીની ચૂંગાલમાંથી લોકોને છોડાવવા માટે પોલીસે વ્યાજખોરોની ધરપકડ સુધીની કાર્યવાહી કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે બે ડિજિટલ વ્યાજખોરોને આજે ઝડપી પાડ્યાં છે. આ બંને આરોપીઓ હજારો નહીં લાખો રૂપિયાના વ્યાજનો હિસાબ રાખે છે અને તેના માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. કોની પાસેથી કેટલા રૂપિયા લેવાના છે અને કેટલા બાકી છે તેમજ કેટલું વ્યાજ છે તેની દરેક વિગત એક એપ્લિકેશનમાં રાખી મૂકતા હતા. આ આરોપીઓ લારીગલ્લા વાળા પાસે ઉઘરાણી કરી રહ્યા હતા ત્યારે મામલો સામે આવ્યો છે.

### હાઈકોર્ટનો બોગસ હુકમ બનાવવા બદલ પોલીસે 2 લોકો સામે કરી ફરિયાદ

(એજન્સી) અમદાવાદ । તા.08

અત્યાર સુધી રાજ્યમાં અનેક ઘટનાઓ સામે આવી છે કે ઘણા લોકોએ બોગસ ડોક્યુમેન્ટો તૈયાર કરીને ઘણા કૌભાંડો કર્યા છે અને ઘણા ગેરલાભો ઉઠાવ્યા છે. ત્યારે આજે અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટનો બોગસ હુકમ બનાવવા બદલ બે લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. બનાવટી હુકમના આધારે પાવર ઓફ એટર્ની કરી હાઈકોર્ટનો બોગસ હુકમ બનાવવાને લઈ સોલા હાઈકોર્ટ પોલીસે 2 લોકો સામે



ફરિયાદ નોંધાઈ છે. હાઈકોર્ટમાં પિટિશન પેન્ડિંગ હોવા છતાં ડીસમીસ થઈ હોવાનું બોગસ હુકમમાં દર્શાવાયું છે અને આ બનાવટી હુકમના આધારે પાવર ઓફ એટર્ની પરથી દસ્તાવેજ કરવામાં આવ્યો છે. છારોડીમાં આવેલી જમીનને લઈને હાઈકોર્ટમાં પીટીશન થઈ હતી.

### ત્રણ વર્ષથી બંધ વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજ એક તરફ નમી ગયો!

(એજન્સી) અમદાવાદ । તા.08

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ભ્રષ્ટાચારનું પ્રતિક બનેલા વિવાદાસ્પદ હાટકેશ્વર બ્રિજ એટલે કે છત્રપતિ શિવાજી મહારાજ ફ્લાય ઓવર બ્રિજ ત્રણ વર્ષથી વાહન વ્યવહાર માટે બંધ છે. હવે આ બ્રિજ પર ગાબડાંની સંખ્યા વધી હોવાની અને બ્રિજ થોડો નમી ગયો હોવાના સમાચાર વહેતા થયા છે. આ ઉપરાંત લોકોને નીચેથી પસાર થવામાં સાવચેત રહેવાના મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

## કિડની ફેલ્યોરમાં હોમાતું ગુજરાતનું યુવાધન

**અમદાવાદની સિવિલમાં 3 વર્ષમાં કિડની ટ્રાન્સપ્લાન્ટના 1046માંથી 763 દર્દી 40 વર્ષથી નીચેના**

(એજન્સી) અમદાવાદ । તા.08

યંગસ્ટર્સમાં કિડની ફેલ્યોરનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને 40 વર્ષથી નીચેની વયના યુવાનોમાં કિડની ફેઈલ થવાનો સિલસિલો વધી રહ્યો છે. જોકે મોટી ઉંમરના લોકોમાં પણ કિડની ફેઈલ થાય છે, પરંતુ ટ્રાન્સપ્લાન્ટનું પ્રમાણ 40 વર્ષથી નીચેની વયના યુવાનોમાં વધી રહ્યું છે. આ ઉપરાંત નાનાં બાળકોમાં પણ કિડની ફેઈલ થવાના કિસ્સાઓમાં દિવસે ને દિવસે વધારો થતો જાય છે. ગુજરાતમાં આ કિસ્સાઓમાં વધારો થવો એ એક ચિંતાજનક બાબત છે. એશિયાની સૌથી મોટી જાહેર હોસ્પિટલ એવી સિવિલ મેડિસિટીની કિડની હોસ્પિટલ એટલે કે ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિઝીઝ એન્ડ રિસર્ચ સેન્ટરમાં 40 વર્ષથી નીચેની વયના યુવાનોમાં કિડની ટ્રાન્સપ્લાન્ટનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. ત્રણ વર્ષમાં અહીં કિડની ટ્રાન્સપ્લાન્ટના 1046 દર્દીમાંથી 763 દર્દી 40 વર્ષથી નીચેની વયના છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની હોસ્પિટલમાં 2021થી 2023 સુધીમાં કુલ 1046 કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ થયું છે. એમાંથી 763 દર્દી 40 વર્ષથી ઓછી વયના હતા, જ્યારે 283 દર્દી 40 વર્ષથી વધુ વયના હતા. ત્રણ વર્ષમાં કિડની હોસ્પિટલમાં થયેલા 1046 ટ્રાન્સલેટમાંથી 650 લાઈવ કિડની ટ્રાન્સપ્લાન્ટના કેસ હતા, એટલે કે એમાં કોઈ જીવિત વ્યક્તિએ પોતાના સંબંધીને જીવનદાન આપવા માટે પોતાની એક કિડનીનું દાન કર્યું હોય.

## મુખ્યમંત્રીએ પોતાના નિવાસ સ્થાને તિરંગો લહેરાવી હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો

**મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ચાર શહેરમાં આયોજન**



(એજન્સી) ગાંધીનગર । તા.08

સમગ્ર દેશમાં 8મીથી 15મી ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે.ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે 8મી ઓગસ્ટ, ગુરુવારે સવારે પોતાના નિવાસ સ્થાનની અગાશીમાં તિરંગો લહેરાવીને આ અભિયાનમાં સ્વયં સહભાગી થયા છે અને રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.ગુજરાતમાં આ હર ઘર તિરંગા અંતર્ગત 40થી 50 લાખ તિરંગાનું વિતરણ થવાનું આયોજન કરાયું છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યના ચાર મુખ્ય શહેરો રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં ભવ્ય તિરંગા યાત્રાનું પણ આયોજન કરવામાં આવેલું છે.આ વર્ષે હર ઘર તિરંગા અંતર્ગત ત્રિરંગા રેલી, ત્રિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ, તિરંગા કેનવાસ, તિરંગા શપથ, તિરંગા સેલ્ફી તેમજ તિરંગા મેલા જેવા બહુવિધ કાર્યક્રમો રાજ્યમાં યોજાવાના છે.આ હર ઘર તિરંગા અભિયાન 15 ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પૂર્વે રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને દેશદાઝ જગાવનારું રાષ્ટ્ર ચેતના અભિયાન બને તેવી નેમ રાખવામાં આવી છે.

### "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ શહેરીજનોને રાષ્ટ્રધ્વજ વિતરણ કર્યું

**એસ.ટી. બસોમાં પણ મુસાફરોને તિરંગાનું વિતરણ કરવામાં આવશે**



અમદાવાદના વિજય ચાર રસ્તા પાસે તારીખ 15 ઓગસ્ટ 2024 ના 78 માં સ્વાતંત્ર દિવસના પર્વ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા આયોજિત "હર ઘર તિરંગા" કાર્યક્રમની શહેરમાં 13 ઓગસ્ટ 2024 ના રોજ ઉજવણી કરવામાં આવશે જેના અનુસંધાને આજે ગૃહ મંત્રી હર્ષ સંઘવીનાં હસ્તે શહેરીજનોને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં એલિસ બ્રિજના ધારાસભ્ય અમિત શાહ, શહેર પોલીસ કમિશનર જીએસ મલિક તેમજ તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ગૃહ મંત્રી હર્ષ હર્ષ સંઘવીએ આયોજન અંગે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન મુજબ બે વર્ષ પહેલા સમગ્ર દેશમાં 15 ઓગસ્ટ દરમિયાન સમગ્ર અઠવાડિયું રાજ્યની તમામ સરકારી કચેરીઓ અને પોતાના ઘરે "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રધ્વજ લહેરાવી આઝાદીના પર્વની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે.